
રાષ્ટ્રીય વિરાસત સંસ્થા શ્રી ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત

# કોડિયું

લોકાભિમુખ નઈતાલીમી કેળવણી દ્વારા સંતુલિત વિકાસ સાધવા પ્રયત્નશીલ સંસ્થા-સામયિક

## ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા-મણારનો સંયુકત વાર્ષિકોત્સવ

વિષય : 'મનુષ્યત્વની કેળવણી' વક્તા : શ્રી ટી. એસ. જોશી




તારીખ : ૦૯ જાન્યુઆરી - ૨૦૨૫ સ્થળ : આંબલા

વર્ષ: ૭૮ અંક : ૦૭ ૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૫

# સૌરાષ્ટ્ર લોકશાળા સંઘ દ્વારા આયોજિત
# ૫૯મી રેલી (શિક્ષણ-સજ્જતા સંગોષ્ઠિ) - આંબલા
# વિષય : માતૃભાષા ગુજરાતી












# કોડિયું

વર્ષ : ૭૮ | ફેબ્રુઆરી ૨૦૨૫ | અંક : ૦૭


## અનુક્રમણિકા


૦૧ **ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા વાર્ષિક અહેવાલ** ...૦૬
(જાન્યુઆરી-૨૦૨૪ થી ડીસેમ્બર-૨૦૨૪)
શ્રી વાઘજીભાઈ કરમટિયા

૦૨ **ગ્રામદક્ષિણામૂર્તિ મણાર વાર્ષિક અહેવાલ** ...૧૯
(જાન્યુઆરી-૨૦૨૪ થી ડીસેમ્બર-૨૦૨૪)
શ્રી ડાયાભાઈ ડાંગર

૦૩ **કથા આશા અને વિકાસની : અનોખા પ્રવાસ...** ...૨૭
બિદું - પાર્થેશ

૦૪ **રણમાં ખીલ્યું ગુલાબ** ...૨૯
ડૉ. શરદ ઠાકર

૦૫ **આજનું કામ 'આ જે જ !' નહીં ....કે.... 'આવતી કાલ'** ...૩૨
હીરજી ભીંગરાડિયા

૦૬ **ઘઉંની નવી જાત લોક-૭૯ સંદર્ભ સ્મરણ** ...૩૫
દલપત દાણીધારિયા

૦૭ **સંસ્થા સમાચાર** ...૩૬
પ્રશાંત મહેતા

**આદ્યતંત્રીઓ :**

સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
સ્વ. શ્રી અનિલભાઈ ભટ્ટ

**તંત્રી :**

ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

**સહતંત્રી :**

ડૉ. દિનુ ચુડાસમા
(મો. ૯૯૭૯૧૮૭૫૮૭)

**સંપાદક-મંડળ:**

સોનલ પરીખ
(મો. ૮૩૬૯૭૭૭૦૮૬)
વિશાલ ભાદાણી
(મો. ૯૪૨૬૮૮૫૩૮૭)
તારક ઓઝા
(મો. ૯૮૭૯૨૧૩૬૯૬)
પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨)

**મુદ્રક-પ્રકાશક :**

શ્રી સુરસંગભાઈ ચૌહાણ
(મો. ૯૯૨૫૬૩૨૩૦૪)

**માલિક :**

ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ

**મુદ્રણ-સ્થાન :**

ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલવે સ્ટેશન રોડ,
સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૯૯૦૩૪

**પ્રકાશન-સ્થળ :**

ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા


**◆ સૂચના ◆**

- ‘કોડિયું’ દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.
- પત્રવ્યવહારમાં ગ્રાહક નંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.
- ગમે તે મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ. ડિમાન્ડ ડ્રાફ્ટ અથવા ઓનલાઈનથી સ્વીકારવામાં આવે છે.

Ac Name: ગ્રામદક્ષિણામૂર્તિ, Ac No.56016001728,
IFSC Code : SBIN0060016, Branch: SBI, Amargadh

**◆ લેખ મોકલવા માટે ◆**

‘કોડિયું’ કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com

**◆ લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્રવ્યવહાર ◆**

શ્રી રવિભાઈ પંડ્યા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com

**◆ લેખકોને ◆**

અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની જવાબદારી લેખકની છે.
લેખ સાથે સરનામું અવશ્ય લખશો.

**◆ લવાજમ ◆**

| | |
|---|---|
| વાર્ષિક | રૂ. ૨૦૦/- |
| પાંચ વર્ષના | રૂ. ૧૦૦૦/- |

## તંત્રીસ્થાનેથી...

છેલ્લા જાન્યુઆરી-૨૫ના 'કોડિયું' અંકમાં આપણે લોકભારતી ગ્રામવિદ્યાપીઠ ટ્રસ્ટ, સણોસરા દ્વારા વર્ષ દરમિયાન થયેલ વિવિધ પ્રવૃત્તિઓનો અહેવાલ વિગતે જાણ્યો.

આ અંકમાં ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા-મણાર લોકશાળાઓની પ્રવૃત્તિઓનો અહેવાલ રજૂ કર્યો છે. અત્યારે મૂલ્યોની જાળવણી સાથે સંસ્થાઓ ચલાવવી દિવસે દિવસે પડકારરૂપ બનતી જાય છે. કર્મઠ-નિષ્ઠાવાન કાર્યકરોની સખત અને સતત ખેંચ અનુભવાય છે. વધી રહેલી ભૌતિક સુવિધાઓની લાલચ યુવાનોમાં સ્વાવલંબી અને શરીરશ્રમ માટે ઉત્સાહ ટકાવી શકતી નથી. ભણ્યા વગર ડિગ્રી અને કામ કર્યા વગર સારા વેતન માટેનું વલણ વધતું જાય છે. સરકારશ્રીના જણાવ્યા પ્રમાણે ગયા મહિને દેશમાં વર્ષોથી કાર્યરત એવી બોગસ યુનિવર્સિટીઓ પકડાણી!! આ યુનિવર્સિટીઓમાંથી પ્રાપ્ત કરેલ ડિગ્રીધારકો સમાજને ક્યાં લઈ જશે? ક્યા મૂલ્યોને ઉજાગર કરશે?

વળી, કમાણી માટે સ્વનિર્ભર બાલમંદિરોથી લઈને યુનિવર્સિટી જે ઝડપે વધી રહી છે અને સરકાર અનેક કારણોસર તેમને પ્રોત્સાહિત કરી રહી છે એ ભારે ચિંતાનો વિષય છે. શિક્ષણ ક્ષેત્ર પણ બજારું બની ગયું છે. ખોરાક સહિતની તમામ ચીજોમાં થતી ભેળસેળ અને બનાવટી હોદ્દાથી લઈને કોર્ટ-કચેરી-યુનિવર્સિટી વગેરે જે બેશરમ રીતે ચાલી રહ્યા છે એ ન બદલાયેલી શિક્ષણપ્રણાલીનું જ પરિણામ છે. ૭૫ વર્ષ પછી પણ આપણે આપણી પોતાની શિક્ષણપ્રણાલી અમલમાં મૂકી શક્યા નથી. ભારતીય સંસ્કૃતિમાં માનવીય મૂલ્યો અને પ્રકૃતિ વચ્ચેના સંવેદનશીલ સંબંધોની સમજ વૈદિકકાળથી પ્રસ્થાપિત થયેલી છે. પ્રકૃતિ અને સંસ્કૃતિના ભોગે થતી વૃદ્ધિ એ વિકાસ નથી, વિનાશ જ છે.

વિશ્વમાં જ્યાં જ્યાં હેપીનેસ ઈન્ડેકસથી લઈને ઉત્તમકક્ષાનું જોવા મળે છે તેના કારણોમાં ત્યાંની શિક્ષણ વ્યવસ્થાને જ ગણાવવામાં આવે છે. આપણે ત્યાં માણસને આવડતી કળાઓમાંથી માત્ર એક જ ગોખણ કળાની જ કસોટી લેવામાં આવે છે! વિદ્યાર્થીને બીજું ઘણું આવડે છે તેનું શું? આપણી મૂલ્યાંકન પદ્ધતિ નહીં બદલાય ત્યાં સુધી શિક્ષણની સુધારણા શરૂ નહીં થાય. શિક્ષણમાં નૂતન અભિગમ કેળવણીમાં રૂપાંતરિત થાય છે. હવે શું ભણ્યા તે નહીં પૂછાય, શું આવડે છે તે પૂછાશે. આથી કૌશલ્યોની કેળવણી કરવી જરૂરી છે. સંસ્કાર સાથેનું શિક્ષણ એટલે કેળવણી. સંસ્કૃતિનું રખોપું, સદ્દાચરણ સમસંવેદના એટલે કેળવણી.

અંતે માણસ જન્મે ત્યારથી મૃત્યુ સુધીમાં મુખ્યત્વે બે ચીજોની આવશ્યકતા રહે છે : "એક છે પોષણ અને બીજી છે પ્રસન્નતા- અન્ન અને આનંદ." અન્નનો સ્રોત બુદ્ધિ છે અને પ્રસન્નતાનો સ્રોત હૃદય છે. બુદ્ધિ અને હૃદયનો વિવેકપૂર્ણ સમન્વય એટલે જીવનનું અધ્યાત્મ. આવી કેળવણી માણસને સચ્ચિદાનંદ બનાવે છે, એ જ તો અંતિમ લક્ષ્ય છે.

આપ સૌ આપણી બધી જ સંસ્થાઓના વાર્ષિક અહેવાલો દ્વારા જાણી શકશો કે આપણે શિક્ષણ સાથે સંસ્કાર આપી જીવનલક્ષી કેળવણી દ્વારા માણસને સચ્ચિદાનંદ બનાવવાનો પ્રામાણિક પ્રયત્ન કરી રહ્યા છીએ.

આ કામમાં જે કોઈ સીધી કે આડકતરી મદદ કરી રહ્યા છે તે સૌનો દક્ષિણામૂર્તિદેવની સાક્ષીએ આભાર માની કૃતજ્ઞતા વ્યકત કરીએ છીએ.

## ૦૧ ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા વાર્ષિક અહેવાલ (જાન્યુઆરી-૨૦૨૪ થી ડીસેમ્બર-૨૦૨૪)

**શ્રી વાઘજીભાઈ કરમટિયા**

---

ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા અને મણાર સંસ્થાના વાર્ષિકોત્સવના મુખ્ય મહેમાન GCERT પૂર્વ નિયામક અને ચિલ્ડ્રન રિસર્ચ યુનિ.ના ગિજુભાઈ બધેકા ચેર પ્રોફેસર એવા આદ.શ્રી ટી.એસ.જોશી સાહેબ, આદ. શ્રી અરુણભાઈ, શ્રી પ્રશાંતભાઈ, ટ્રસ્ટીશ્રીઓ અને અમારા નિમંત્રણને માન આપી પધારેલા સૌ મુરબ્બીઓ અને મિત્રો, ગ્રામજનો, સર્વે કાર્યકરો,પરિવારજનો તથા વ્હાલા વિધાર્થી ભાઈ-બહનો સૌને નમસ્કાર,ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ પરિવાર તરફથી આપ સૌનું હાર્દિક સ્વાગત કરું છું.

ગત વર્ષ એટલે કે ૨૦૨૪નો વાર્ષિક અહેવાલ રજૂ કરતા પહેલા બૃહદ લોકદક્ષિણામૂર્તિ પરિવારમાંથી દિવંગત થયેલ વડીલો, દાતાઓ, પૂર્વ કાર્યકરો, પૂર્વ વિધાર્થીઓ અને શુભેચ્છકોના આત્માઓને ભાવપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું.

### -: શ્રદ્ધાંજલિ :-

- ગ્રામદક્ષિણામૂર્તિના પૂર્વ કાર્યકર સ્વ. સવિતાબહેન જયવંતસિંહજી જાડેજા
- ગ્રામદક્ષિણામૂર્તિ મણારના કાર્યકર કરશનભાઈ તથા વિજયાબહેનના પિતા સ્વ. ભગવાનભાઈ
- ખાદીગ્રામોધોગ, સહકાર-શિક્ષણ અને રચનાત્મક પ્રવૃત્તિઓના પ્રયોગવીર સ્વ.શ્રી દેવેન્દ્રભાઈ દેસાઈ તથા સ્વ.શ્રી જ્યોતિભાઈ દેસાઈ
- ગ્રામદક્ષિણામૂર્તિ આંબલાના પૂર્વ કાર્યકર શ્રી દેવેન્દ્રભાઈ ભટ્ટના દીકરા સ્વ.શ્રી હાર્દિકભાઈ
- ગ્રામદક્ષિણામૂર્તિ મણારના આચાર્ય શ્રી ડાહ્યાભાઈ ડાંગરના માતૃશ્રી સ્વ. રામશ્રીબહેન
- ગ્રામદક્ષિણામૂર્તિ મણારના પૂર્વ કાર્યકર શ્રી પ્રવીણભાઈ મહેતાના મોટાભાઈ સ્વ.સ્વામી અપ્રોક્ષાનંદજી
- લો.ભા.યુનિ.ના કુલપતિ શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણીના માતૃશ્રી સ્વ.મંછાબા.
- ગ્રામદક્ષિણામૂર્તિ મણારના ચોકીદાર સ્વ.શ્રી બળદેવસિંહ ગોહિલ.
- ગ્રામદક્ષિણામૂર્તિ આંબલાના પૂર્વ કાર્યકર સ્વ.શ્રી ભરતભાઇ ભટ્ટના દીકરી સ્વ.શ્રી નિશિગંધાબહેન
- ગ્રામદક્ષિણામૂર્તિ આંબલાના પૂર્વ ટ્રસ્ટી સ્વ. શ્રી અનિલભાઈ ભટ્ટના લઘુબંધુ શ્રી મહેશભાઈના ધર્મપત્ની સ્વ.શ્રી ભારતીબહેન.
- ગ્રામદક્ષિણામૂર્તિ આંબલાના પૂર્વ ટ્રસ્ટી સ્વ. શ્રી અનિલભાઈ ભટ્ટના લઘુબંધુ સ્વ.અરુણભાઈ ભટ્ટ
- ગુજરાત નઈ તાલીમ સંઘના મહામંત્રી સ્વ.જેસંગભાઈ ડાભી

સહિતના આપણા બૃહદ પરિવારના દિવંગત આત્માઓને વંદન સાથે સૌ વતી હાર્દિક શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું.

### -: નવનિયુક્તોને આવકાર:-

ટ્રસ્ટી મંડળમાં આ વર્ષે બે નવા ટ્રસ્ટીની નિમણૂક કરવામાં આવી છે.

૧. શ્રી મહેન્દ્રસિંહજી પરમાર (ભાવ.યુનિ.ના ગુજરાતી ભવનના વડા )

૨. શ્રી ચૈતન્યભાઈ શ્રોફ ( એગ્રોસેલ ઇંડસ્ટ્રીજ પ્રા.લી.ના ડારેકટર)

૩. પૂજાભાઈ કટારા - ગુજરાતી શિક્ષક

### -: સેવાનિવૃત્તો માટે શુભેચ્છાઓ :-

આપણાં ટ્રસ્ટી મંડળમાં બે ટ્રસ્ટીશ્રીઓએ સ્વચ્છિક રાજીનામાં આપેલ જેમાં

૧. શ્રી પ્રકાશભાઈ ન. શાહ

૨. શ્રી કપિલભાઈ ન.શાહ

૩. શ્રી રાજેન્દ્રસિંહ વાળા - આંબલા ઉપનિયામક - મુખ્ય વ્યવસ્થાપક

### સંસ્થાના વિભાગોનો વિભાગવાર અહેવાલ આપું તે પહેલા આનંદના થોડા સમાચારની ઝલક આપ સમક્ષ રજૂ કરું.

**આનંદના સમાચાર :**

- ભાવનગર જિલ્લા પંચાયત પ્રમુખશ્રીની ગ્રાન્ટમાંથી રૂપિયા ૩ લાખ લોકશાળા કેમ્પસ પર પાછળની બાજુએ દીવાલ માટે આપ્યા.
- ૧૫% વિવિકાધીન આયોજનમાંથી રૂપિયા ૨ લાખનું ગટર લાઈનનું કામ કરેલ.
- ભાવનગર જિલ્લા પંચાયત પ્રમુખશ્રીની ગ્રાન્ટમાંથી ૧૫ બાકડા મળેલ.
- વર્ષ ૨૦૨૩-૨૪ની ભાવનગર જિલ્લા શિક્ષણાધિકારી કચેરી તરફથી શ્રેષ્ઠ શાળા તરીકે જાહેર કરેલ છે. આ માટે સરકાર તરફથી રૂપિયા એક લાખ રોકડ પુરસ્કાર પણ મળેલ. આ માટે સર્વ ટ્રસ્ટીશ્રીઓએ સમગ્ર કાર્યકારોને આભિનંદન આપેલ.
- સ્વનિર્ભર મોજીલી પ્રાથમિક શાળામાં ઘન આકારનો ગણિતના વર્ગનું નિર્માણ કરવામાં આવેલ છે.
- ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળાના દરેક વર્ગખંડમાં સરકારશ્રી તરફથી સ્માર્ટ કલાસરૂમ માટે ૪ સ્માર્ટ બોર્ડ અને તેમની સાથે ૪ લેપટોપ આપેલ તેમની અંદર મેલઝૉ નામનો સોફવેર નાખીને ધોરણ પ્રમાણે અભ્યાસક્રમ ફિટ કરેલ છે. હાલ દરેક શિક્ષકો તેનો પૂર્ણ ઉપયોગ કરે છે.
- ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળાના અંડર ૧૯ કબડ્ડી ટીમ તાલુકા તથા જિલ્લામાં  પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ છે. અને રાજયકક્ષાએ ગાંધીનગર મુકામે ભાગ લઈ આવેલ.
- મોજીલી પ્રાથમિક શાળાના વિકાસ માટે પેંટાગો તરફથી ૧૫ લાખ રૂપિયાની આર્થિક સહાયથી કોમ્પ્યૂટર લેબ બનાવેલ  છે.
- સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ તરફથી મોજીલી શાળાના વિધાર્થીઓ માટે લોખંડના પલંગ અને ગાદલાં માટે આર્થિક સહાય તેમજ ઘરશાળાના ભૂતપૂર્વ વિધાર્થીઓ તરફથી પાણીનું કુલર ભેટ મળેલ છે.
- તારીખ ૦૬.૧૧.૨૩ના રોજ જી.સી.આર.ટી.ગાંધીનગર પ્રેરિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ભાવનગર આયોજિત રાષ્ટ્રીય શિક્ષણનીતિ ૨૦૨૦ અંતર્ગત ભાવનગર જિલ્લાના પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં કાર્યરત શિક્ષકોએ બાળકોના બહુવિધ વિકાસ માટે કરેલ ‘નવતર પ્રયોગો’  (INNOVATION)ના પ્રચાર-પ્રસાર માટે ભાવનગર જિલ્લાકક્ષાનો એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ ૨૦૨૩-૨૪નું આયોજન આંબલા

કેમ્પસમાં કરેલ. આ પ્રદર્શનના ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં શ્રી રૈયાબહેન મૂળજીભાઈ મિયાણી-પ્રમુખ, જિલ્લા પંચાયત, ભાવનગર, અતિથિ વિશેષશ્રીઓ શ્રી કમુબહેન ચૌહાણ-ચેરપર્સન, જિ. શિ. સમિતિ, ભાવનગર, ડૉ. શિશિરભાઈ, ત્રિવેદી-ચેરમેન, નગર પ્રા.શિ.સમિતિ, ભાવનગર શ્રી રાજદીપસિંહ જેઠવા - ડે.ચેરમેન, પ્રા.શિ.સમિતિ, ભાવનગર, ડૉ. અરૂણભાઈ દવે-મેનેજીંગ ટ્રસ્ટી, લોકભારતી, સણોસરા, શ્રી મુકેશભાઈ રાઠોડ -સદસ્ય, જિલ્લા પંચાયત, ભાવનગર સહિત મહાનુભાવો ઉપસ્થિત રહેલ. આ ઇનોવેશન ફેરમાં જિલ્લાના ૩૫ શિક્ષકોએ પોતાનું ઇનોવેશન રજૂ કરેલ. આ ઇનોવેશન ફેરનો લાભ જિલ્લામાંથી અંદાજે ૮૦૦ શિક્ષકઓએ લીધો.

- શિહોર તાલુકા કક્ષાનો પ્રવેશોત્સવ શ્રી ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા- આંબલામાં યોજાયેલ તેમાં જિલ્લાના મહામહીમ કલેક્ટર શ્રી આર.કે. મહેતા સાહેબના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ તકે લાલજીભાઈ નાકરાણી, બહોળી સંખ્યામાં ગ્રામજનો, આગેવાનો, દાતાશ્રીઓ, વાલીઓ અને શિક્ષણજગત તથા પ્રાંત કચેરીના અધિકારીઓ વિશેષ ઉપસ્થિત રહ્યા. શાળાના આચાર્ય શ્રી વાઘજીભાઈ કરમટિયાએ સંસ્થા પરિચય તથા વર્ષ દરમિયાન થતી પ્રવૃત્તિઓનો ચિતાર આપ્યો. સંસ્થાના ભાવાવરણ અને શાળામાં થતી વિવિધ સહભ્યાસિક પ્રવૃત્તિથી કલેક્ટર સાહેબ અભિભૂત થતાં એમણે કહ્યું કે 'હું નાનાભાઈ ભટ્ટ અને 'દર્શક'ની ભૂમિને વંદન કરવા આવ્યો છું.' ખરા અર્થમાં શિક્ષણ અહીંયા થાય છે. કલેકટર સાહેબે વિદ્યાર્થીઓને કહ્યું હતું કે- 'તમે સદભાગી છો કે તમને જીવનમૂલ્યોના પાઠ શીખવતી સંસ્થામાં ભણવાની તક મળી. આ સંસ્થામાં ભણીને તમારી સમાજ પ્રત્યેની જવાબદારી વધી જાય છે. તેમજ વિવિધ સરકારી યોજનાઓની પણ વાત કરી, સમગ્ર કાર્યકર સ્ટાફને અભિનંદન આપી બિરદાવ્યા હતા.અંતમાં મોજીલી શાળાના વિદ્યાર્થીઓએ રાસની રમજટ બોલાવી હતી. સમગ્ર કાર્યક્રમની આભારવિધિ રાજુભાઈ વાળાએ કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા લોકશાળાના કાર્યકરો તેમજ મોજીલી શાળાએ ભારે જહેમત ઉઠાવી હતી. કલેકટરના વરદહસ્તે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો
- દર વર્ષની જેમ આ વર્ષે પણ શિશુવિહાર સંસ્થા આયોજિત મહિલાઉત્કર્ષ કાર્યક્રમ અંતર્ગત ગાંધી મહેન્દ્ર ચત્રભુજ એજ્યુકેશન ટ્રસ્ટ મુંબઈના આર્થિક સહયોગથી ૨૦ બહેનોને લવાજમ પેટે ૨૫૦૦-૨૫૦૦ ફીની સહાય આપેલ.
- હાલમાં જ તારીખ ૦૧.૧૨.૨૪ના રોજ શ્રી અરૂણાબહેન- રઘુભાઈ અભિવાદન ગ્રંથ 'કેળવણીની કેડીએ' પુસ્તકનો વિમોચન કાર્યક્રમ યોજાઈ ગયો. આ પુસ્તકમાં ભૂતપૂર્વ વિધાર્થીઓએ શ્રી અરુણાબહેન તથા શ્રી રઘુભાઈ સાથેના પોતાના અનુભવો તેમજ તેમની પાસેથી મળેલ કેળવણી વિષે લખેલ છે. આ વિમોચન કાર્યક્રમમાં આવેલ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ સમાજમાં વટ અને માનભેર જીવીએ છીએ તેનું કારણ લોકશાળાની કેળવણી ગણાવતાં સન્માન ભાવવ્યક્ત કર્યો હતો.
- શિશુવિહાર સંસ્થા તરફથી આ વર્ષે વૃદ્ધજન સન્માન સમારંભમાં નિયામક શ્રી સુરસંગભાઈ ચૌહાણનું સન્માન કરવામાં આવેલ.
- તારીખ ૧૯.૧૨.૨૪ના રોજ ગુજરાત રાજ્યની સંસ્કૃતિનું દર્શન કરાવતું જિલ્લાના પરંપરાગત લોકનૃત્યની એક શ્રેષ્ઠ ટીમ તરીકે પસંદગી પામેલ. આ ટીમના ૧૪ વિદ્યાર્થીઓ તથા માર્ગદર્શક શ્રી મહાશંકરભાઈ પંડ્યા તેમજ વાદ્યકારો સહિત કુલ ૨૦ વ્યક્તિઓ 'નેશનલ બાલ રંગ કાર્યક્રમ' અંતર્ગત લોકનૃત્ય ૨૦૨૪ની સ્પર્ધામાં સમગ્ર ગુજરાતમાંથી પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ. આ રાસની શ્રેષ્ઠ ટીમ નેશનલ કક્ષાએ મધ્યપ્રદેશના ભોપાલ ખાતે ગુજરાત રાજ્યનું પ્રતિનિધિત્વ કરવા જઈ આવેલ. આ નિમિત્તે સંસ્થા પરિવારે અભિનંદન પાઠવેલ.

- તા.૩૦.૦૪.૨૪ના રોજ મોજીલી શાળાને એક વર્ષ પૂર્ણ થતાં બાલ-ઉત્સવ ઉજવેલ તેમાં ગામના તથા બહારગામના ૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ. સમાપન કાર્યક્રમમાં મેને.ટ્રસ્ટી શ્રી અરુણભાઈ દવે, નિયામક શ્રી સુરસંગભાઈ ચૌહાણ, શ્રી નલિનભાઈ પંડિત, જિલ્લા શિક્ષણ તાલીમ ભવનના પ્રાચાર્ય શ્રી હિરેનભાઈ ભટ્ટની અધ્યક્ષતામાં યોજાએલ તેમાં ગામના આગેવાનો તેમજ ગ્રામજનો હાજર રહેલ.
- તા.૨૧.૦૩.૨૪ થી ૧૫.૦૪.૨૪ દરમિયાન ધોરણ ૧૨ના છ વિષયના પેપરો જોવા માટે ગાંધીનગર તરફથી મધ્યસ્થ મૂલ્યાંક્ન કેન્દ્ર તરીકે આંબલા પસંદ કરેલ. આ કેન્દ્રમાં બહારથી ૧૦૦ જેટલા શિક્ષકો પેપર તપાસવા માટે આવેલ.
- તા.૩૧.૧૨.૨૪ થી ૦૫.૦૧.૨૫ દરમિયાન આંબલા ખાતે સૌરાષ્ટ્ર લોકશાળા સંઘ દ્વારા આયોજિત શિક્ષણ સંગોષ્ઠિ (૫૯મી રેલી) 'માતૃભાષા ગુજરાતી' વિષય પર યોજવામાં આવેલ. તેમાં ૧૨ લોકશાળાના ૬૮૦ વિદ્યાર્થીઓ આવેલ. રેલી દરમિયાન અનેક વકતાઓ અને મહેમાનોએ ખૂબ રાજીપો પ્રગટ કરેલ.
- તા.૦૬.૦૧.૨૪ના રોજ રોટરી કલબ મુંબઈ તરફથી ૮૦ બહેનોને વિનામૂલ્યે સેનેટરી પેડ વિતરણ કરેલ.
- SBI બેંક તરફથી સંસ્થાને ૨ સાઈકલ અને એક સેનેટરી પેડ ઈન્સિનેટર મશીન આપેલ.
- અમેરિકા નિવાસી શ્રી અશોકભાઈ વિદ્વાંસ તરફથી સંસ્થાને કાયમ સહાય મળતી રહી છે તેમ આ વર્ષે પણ એમના તરફથી રૂપિયા ૧ લાખ મળેલ છે.

## સંસ્થાકીય પ્રવૃત્તિઓનો વિભાગવાર ૨૦૨૩-૨૪માં થયેલ પ્રવૃત્તિઓનો અહેવાલ

**વાર્ષિક ઉત્સવ :**

તારીખ-૦૯.૦૧.૨૪ના રોજ ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા તથા મણારના સંયુક્ત વાર્ષિકોત્સવના મુખ્ય મહેમાન લોકપ્રિય, પૂર્વ સાંસદ અને અભ્યાસુ રાજનીતિજ્ઞ આદ.શ્રી રાજેન્દ્રસિંહજી રાણાની ઉપસ્થિતિમાં ઉજવાયો. આ પ્રસંગે સંસ્થાના દિવંગત નટવરલાલ બૂચ-બૂચદાદાની પૂણ્યતિથિના દિવસે આ વાર્ષિકોત્સવ યોજવમાં આવે છે. આ પ્રસંગે મહાનુભાવોના વરદહસ્તે દીપપ્રાગટ્ય કરાયું હતું. પ્રારંભે આવકાર ઉદબોધન કરતાં સંસ્થાના મેને. ટ્રસ્ટી શ્રી અરુણભાઈ દવેએ હરખ વ્યક્ત કરી જાણવેલ કે આ સંસ્થાને ૮૬ વર્ષ પૂરા થતાં બંને સંસ્થાના વિકાસ અંગે સંતોષ વ્યક્ત કરી હવે ઘણી ભૌતિક સુવિધા બાદ કૌશલ્ય અને સમાજકલ્યાણ માટે કાર્યરત રહેવા ભાવ જણાવ્યો. આંબલાના કામનો અહેવાલ આંબલા લોકશાળાના આચાર્ય શ્રી વાઘજીભાઈએ આપેલ. જ્યારે મણારના કામનો અહેવાલ મણાર લોકશાળાના આચાર્ય શ્રી ડાહ્યાભાઈ ડાંગરે આપેલ. સંસ્થાના નિયામક શ્રી સુરસંગભાઈ ચૌહાણે આભારદર્શન કરેલ.

**વિદ્યાર્થીઓની સિધ્ધિઓ તથા તાલીમ :**

- તા.૩૦-૧૨-૨૩ના રોજ લોકભારતીમાં આયોજિત પૂ.મોરારિબાપુ-રામકથા 'માનસ લોકભારતી' કથામાં મોજીલી શાળાના બાળકો દ્વારા કલાકૃતિ રજૂ કરવામાં આવેલ.
- તા.૦૬-૦૧-૨૪ના રોજ લોકભારતી ખાતે પૂ.મોરારિબાપુ-'માનસ લોકભારતી' કથામાં લોકશાળાના બાળકો દ્વારા 'શ્રવણ' નાટક પ્રસ્તુત કરવામાં આવેલ.
- તા.૨૫-૦૧-૨૪ના રોજ ૩ નેવલ NCC એ સર્ટીફિકેટની પરીક્ષા આપવા વિદ્યાર્થીઓ જઈ આવેલ.
- રમત-ગમત અને સાંસ્કૃતિક વિભાગ ગાંધીનગર દ્વારા આયોજીત ઝૉનકક્ષાએ મોજીલી તથા લોકશાળાના

વિદ્યાર્થીઓ ભાગ લઈ આવેલ.

- દર વર્ષની જેમ આ વર્ષે પણ ધોરણ -૧૦ અને ૧૨ નું પરિણામ ૧૦૦% આવેલ.
- તા.૦૩-૦૭-૨૪ના રોજ ૩ નેવલ NCC એનરોલમેન્ટ સિલેક્સનમાં શાળાના ૫૦ ભાઈ-બહેનો પસંદગી પામ્યા.
- તા.૧૩-૦૭-૨૪ના રોજ મોજીલી શાળા તથા લોકશાળાના વિદ્યાર્થીઓએ અનીડા તેમજ તિરુપતિ રોડની બને બાજુએ આશરે ૫૦ જેટલા વૃક્ષોનું વૃક્ષારોપણ કરેલ.
- તા.૧૧-૦૮-૨૪ થી ૨૦-૦૮-૨૪ દરમિયાન લોકશાળાના ૩ નેવલ NCCના એ સર્ટીફિકેટ કોષના કેમ્પમાં સોનગઢ મુકામે જઈ આવેલ. તેમાં ધોરણ -૧૦ ના વિદ્યાર્થી વિરાસ યુવરાજભાઈએ બેસ્ટ કેડેટનો એવોર્ડ મળેલ.
- તા.૧૫-૦૮-૨૪ના રોજ ૭૮માં સ્વતંત્ર દિન નિમિત્તે તાલુક કક્ષાની ઉજવણી પ્રાંત અધિકારીશ્રી તેમજ શિહોર મામલતદારશ્રી ની હાજરીમાં રામધારી મુકામે કરવામાં આવેલ.
- તા.૧૮-૦૮-૨૪ના રોજ S.V. S. કક્ષાએ કલા ઉત્સવના શાસ્ત્રીય સંગીતમાં માધ્યમિક વિભાગમાં જોશી પ્રાચીબહેન સતિષભાઈ અને ઉચ્ચ-માધ્યમિક વિભાગમાં ગુજારીયા ઋત્વિકભાઈ કનુભાઈએ પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ.
- તા.૨૫-૦૮-૨૪ના રોજ ધોરણ -૦૯ વિધાર્થીઓ બે દિવસની આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ વર્કશોપમાં તાલીમ લેવા જઈ આવેલ.

**કાર્યકરોની સિધ્ધિઓ / તાલીમ :-**

- તા.૦૪.૧૨.૨૩ના રોજ ભાવનગર ખાતે લોકશાળાના શિક્ષકો CPR ટ્રેનિંગમાં જઈ આવેલ.
- તા.૦૬.૧૨.૨૩ના રોજ ભાવનગર ખાતે ઓર્ગેનિક ફૂડ ફેસ્ટિવલમાં શ્રી ગૌરાંગભાઈ જઈ આવેલ.
- તા.૦૬.૧૨.૨૩ના રોજ રાજકોટ મુકામે NCC કમાન્ડિંગ ઓફિસર નરેન્દ્રભાઈ મકવાણા ૩ નેવલ NCC કમાન્ડિંગ કોંકલ્વેમાં જઈ સંસ્થાનું પ્રતિનિધિત્વ કરેલ.
- તા.૧૦.૧૧.૨૩ થી ૨૯.૧૧.૨૩ દરમિયાન વિશ્વગ્રામ સંસ્થા સાથે જોડાઈને મણિપુર ખાતે રિલિફ કેમ્પમાં શ્રી ગૌરાંગભાઈ જઈ આવેલ.
- તા.૩૦.૧૨.૨૩ થી ૦૭.૦૧.૨૪ દરમિયાન લોકભારતી ખાતે યોજાયેલ 'માનસ લોકભારતી' કથામાં કાર્યકરો ખિસકોલી કાર્યમાં સેવા આપવા માટે જઈ આવેલ.
- તા.૩૧.૧૨.૨૪ના રોજ લોકભારતી ખાતે પૂ.મોરારિબાપુની નિશ્રામાં તથા કેન્દ્રિય મંત્રી શ્રી ડૉ.મનસુખભાઈ માંડવિયાની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલ રાષ્ટ્રીય શિક્ષણનીતિ વિષયક સંગોષ્ઠિમાં શ્રી વાઘજીભાઈએ વ્યકતવ્ય આપેલ.
- તા.૨૮.૦૨.૨૪ના રોજ વલ્લભીપુર મુકામે જી.સી.ઇ.આર.ટી.ગાંધીનગર દ્વારા આયોજિત તાલીમમાં ગુજરાતી શિક્ષક શ્રી પૂજાભાઈ કટારા જઈ આવેલ.
- તા.૨૨.૦૩.૨૪ થી ૧૩.૦૪.૨૪ દરમિયાન શ્રી ગૌરાંગભાઈ, શ્રી નરેન્દ્રભાઈ તથા શ્રી બિપિનભાઈ ધોરણ ૧૨ના પેપર તપાસવા માટે જઈ આવેલ.
- તા.૧૪.૦૫.૨૪ના રોજ દર વર્ષની જેમ આ વર્ષે પણ વિશ્વગ્રામ સંસ્થા દ્વારા ચાલતા 'સ્કૂલ સે મિલે સ્કૂલ' પ્રોજેકટ અંતર્ગત સામાજિક શૈક્ષણિક કાર્યોમાં ભાગીદારી કરી કાશ્મીરના વિવિધ જિલ્લાઓમાં શ્રી ગૌરાંગભાઈ

જઈ આવેલ.

- તા.૧૨.૦૬.૨૪ના રોજ પૂર્વ વિદ્યાર્થીની અને કાર્યકર નિમાબહેન દીપકભાઈ પંડ્યાની દીકરી ભક્તિબહેનને અરુણાચલ પ્રદેશના એજ્યુકેશન કોર્ડિનેટર તરીકે કામ કરતાં બેસ્ટ ટાર્ગેટ અચિવરનો એવોર્ડ એનાયત થયેલ.
- તા.૨૮.૦૭.૨૪ના રોજ માઈધાર ખાતે લોકશાળાના કાર્યકરો MELZO સોફ્ટવેરની તાલીમ લીધી. તા.૨૮.૦૭.૨૪ના રોજ ભાવનગર અક્ષરવાડી ખાતે જિલ્લા શિક્ષણ કચેરી દ્વારા યોજાયેલ શૈક્ષણિક અધિવેશનમાં શિક્ષક શ્રી નરેન્દ્રભાઈ મકવાણા ઉપસ્થિત રહ્યા.
- તા. ૦૫.૦૮.૨૪ના રોજ ૩ નેવલ NCCના ADG સાથે આર્મી યુનિટે ભાવનગર મુકામે મિટિંગમાં શ્રી નરેન્દ્રભાઈ મકવાણા તથા શ્રી મહર્ષિભાઈ સોલંકી જઈ આવેલ.
- તા. ૦૩.૧૦.૨૪ના રોજ ભાવનગર મુકામે શ્રી મહર્ષિભાઈ સોલંકી નેવી NCC યુનિમાં ANOના ઈન્ટરવ્યુંમાં જઈ આવેલ.

**શૈક્ષણિક પ્રવૃત્તિઓ :-**

સંસ્થાની સ્થાપના કાળથી અનેક પ્રવૃત્તિઓને શિક્ષણ સાથે અનુબંધ કરીને કરવામાં આવે છે. જે વિદ્યાર્થીઓના કૌશલ્યોને બહાર લાવે છે. જેમાં આનંદ બજાર, ખજાનાની શોધ, સ્વંયપાક, વર્ષાસ્નાન, ગોપૂજન, નવરાત્રિ ઉત્સવ, હોલિકા દહન, રંગોત્સવ,શિક્ષણ દિન, વિશ્વ યોગ દિવસ, વિશ્વ સિંહ દિવસ, રમતોત્સવ વગેરે જેવા જે દર વર્ષે ઉજવણી કરવામાં આવે છે. આ ઉપરાંત જે વિશેષ દિનની ઉજવણી કરવામાં આવેલ તેની એક ઝલક આપ સમક્ષ રજૂ કરું તે પહેલા લોકશાળા વિષે પ્રાથમિક માહિતી નીચે મુજબ છે.

લોકશાળા વિદ્યાર્થીઓની સંખ્યાઃ

| ધોરણ | કુમાર | કન્યા | કુલ |
|---|---|---|---|
| ૦૯ | ૩૭ | ૨૮ | ૬૫ |
| ૧૦ | ૨૮ | ૨૫ | ૫૩ |
| ૧૧ | ૨૯ | ૧૪ | ૪૩ |
| ૧૨ | ૩૫ | ૧૬ | ૫૧ |
| કુલ | ૧૨૯ | ૮૩ | ૨૧૨ |

માર્ચ-૨૦૨૪ ધોરણ-૧૦ પરિણામઃ

| કુલ સંખ્યા | | | પાસ | | | નાપાસ | | | પરિણામ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ | ટકાવારી |
| ૨૬ | ૧૫ | ૪૧ | ૨૬ | ૧૫ | ૪૧ | ૦ | ૦ | ૦ | ૧૦૦% |

માર્ચ-૨૦૨૪ ધોરણ-૧૨ પરિણામઃ

| કુલ સંખ્યા | | | પાસ | | | નાપાસ | | | પરિણામ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ | ટકાવારી |
| ૩૬ | ૧૬ | ૫૨ | ૩૬ | ૧૬ | ૫૨ | ૦ | ૦ | ૦ | ૧૦૦% |

**૨૬ જાન્યુઆરી :**

તા. ૨૬.૦૧.૨૪ના રોજ ગણતંત્ર દિવસ નિમિત્તે ધ્વજવંદન કાર્યક્રમ યોજવામાં આવેલ. પ્રાથમિક શાળા અને લોકશાળાના વિદ્યાર્થીઓએ પરેડ કરી સાંસ્કૃતિક કાર્યક્મ રજૂ કરેલ.

**NSS શિબિર :**

તા. ૨૩.૦૨.૨૪ થી ૨૯.૦૨.૨૪ દરમિયાન ધોરણ -૧૧ના NSSના સ્વયંસેવકોની 'સ્વચ્છતા -આરોગ્ય' વિષય પર વાર્ષિક શિબિરિ શિહોર તાલુકાનાં ચોરવાડલા મુકામે યોજાઈ ગયેલ. સંસ્થાના આચાર્ય શ્રી વાઘજીભાઈ કરમટીયા અને NSSના પ્રોગ્રામ ઓફિસર શ્રી ગૌરાંગભાઈ વોરાના માર્ગદર્શનમાં યોજેલ.

**શુભેચ્છા સમારંભ :**

તા. ૦૬.૦૩.૨૪ના રોજ ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓનો શુભેચ્છા વિદાઈ સમારંભ પાલિતાણા હાઇસ્કૂલના શિક્ષક શ્રી મેહુલભાઈ ભાલ તથા શ્રી સુરસંગભાઈ ચૌહાણની અધ્યક્ષતામાં યોજાઈ ગયેલ.

**અભિમુખતા શિબિર :**

તારીખ ૦૯.૦૭.૨૪ થી તારીખ ૧૫.૦૭.૨૪ દરમિયાન સંસ્થાના હેતુઓ, શૈક્ષણિક કાર્યકમો અને સહઅભ્યાસ પ્રવૃતિઓ દ્વારા મૂલ્યનિષ્ઠ શિક્ષણ અપાય છે તેનો ખ્યાલ આપવા માટે અભિમુખતા શિબિરનું આયોજન કરેલ. અભિમુખતામાં દરરોજ એક તજજ્ઞ દ્વારા વક્તવ્ય આપવામાં આવતું. પ્રથમ દિવસે ઉદ્દઘાટન બેઠકમાં તારીખ ૦૯.૦૭.૨૪ના રોજ આદ.શ્રી લાલજીભાઈ નાકરાણીએ 'સંસ્થા પરિચય તથા પૂર્વભૂમિકા' તારીખ ૧૦.૦૭.૨૪ના રોજ પ્રથમ બેઠકમાં બેઠકમાં શિક્ષક શ્રી મુકેશભાઈ મહેતાએ 'શ્રમ અને સ્વાવલંબન' જ્યારે બીજી બેઠકમાં લોકભારતીના અધ્યાપક શ્રી વિશાલભાઈ જોશીએ 'જીવાતા જીવન સાથે અનુબંધની કેળવણી' તારીખ ૧૧.૦૭.૨૪ના રોજ પ્રથમ બેઠકમાં શિક્ષક શ્રી નરેન્દ્રભાઈ મકવાણાએ 'સંસ્થાનો ઉદેશ અને આદ્ય સ્થાપકો' જયારે બીજી બેઠકમાં લોકભારતીના અધ્યાપક શ્રી નીતિનભાઈ ભીંગરાડિયાએ 'ગ્રામાભિમુખ કેળવણી દ્વારા ગ્રામોધ્ધાર' તારીખ ૧૨.૦૭.૨૪ના રોજ પ્રથમ બેઠકમાં પૂર્વ ઉપ નિયામક મેહુલભાઈ ભટ્ટએ 'નઇ તાલીમ અને નવી શિક્ષણનીતિ' બીજી બેઠકમાં પૂર્વ શિક્ષક શ્રી અશોકભાઈ ડાભીએ 'સંસ્થાની દિનચર્યામાં વૈજ્ઞાનિકતા' તારીખ ૧૩.૦૭.૨૪ના પૂર્વ આચાર્ય શ્રી ભાનુભાઈ ભટ્ટએ 'છાત્રાલય, સમૂહજીવન અને સહશિક્ષણ' અને તારીખ ૧૫.૦૭.૨૪ના રોજ લેખક શ્રી મનહરભાઈ ઠાકર દ્વારા 'વ્યક્તિ નિર્માણ અને ચારિત્ર ઘડતર' આમ અલગ અલગ વકતાઓએ અલગ અલગ વિષયો પર વિધાર્થીઓને સંસ્થા અને તેના કાર્યો પાછળના વૈજ્ઞાનિક કારણો વિષે વકતવ્યો આપેલ. છેલ્લા દિવસે ગઢડાની એમ.એમ.શાહ હાઇસ્કૂલના પ્રિન્સિપાલ શ્રી કાનાણી સાહેબ તેમજ એ શાળાના શિક્ષક શ્રી વઘાસિયા સાહેબ તેમજ શ્રી ગોહિલ સાહેબ ઉપસ્થિત રહેલ. સમગ્ર શિબિર દરમિયાન સંચાલન

વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલ છે.

**ગુરૂપૂર્ણિમાઃ**

તારીખ ૨૦.૦૭.૨૪ના રોજ ગુરુ પૂર્ણિમાની ઉજવણી નિમિત્તે શ્રી શિવકુંજ આશ્રમ જાળિયાનાં વક્તા કથાકાર શ્રી વિશ્વાનંદ માતાજીએ ઉદ્‌બોધન આપતાં 'રામચરિતમાનસ' તેમજ અન્ય દૃષ્ટાંત પ્રસંગોનો ઉલ્લેખ કરી કહ્યું કે, 'મા, બાપ, ગુરુકુળ અને વ્યાસપીઠ સાથે ગુરૂત્તત્વ રહેલ છે. આ સંસ્થામાં ઋષિતૂલ્ય ગુરુજનો દ્વારા જે મૂલ્યો રોપવામાં આવેલ છે તે ભાવાવરણમાં અનુભવાઈ રહ્યું છે.' સંસ્થાનાં આચાર્ય શ્રી વાઘજીભાઈ કરમટિયાએ ગુરુ પૂર્ણિમા પ્રસંગે સંસ્થાનાં સ્થાપક શ્રી નાનાદાદા ભટ્ટ સહિત ગુરુજનોનું સ્મરણ કરી વિદ્યાર્થીઓને ગુરુ સંદેશ અને વિવેક સાથે આગળ વધવાં જણાવ્યું. શ્રી મુકેશભાઈ મહેતા સાથે કુમારી ચેતના કંટારિયા, કુમારી અંજલિ ત્રિવેદી તથા શ્રી શક્તિ પરમારે પ્રાસંગિક વાતો રજૂ કરી. શ્રી નરેન્દ્રભાઈ મકવાણાએ મહેમાન પરિચય આપ્યો. વક્તા શ્રી વિશ્વાનંદ માતાજીનું અભિવાદન સંસ્થા પરિવારવતી શ્રી રૂપાબેન પટેલ તથા શ્રી નિમાબેન પંડ્યા દ્વારા કરવામાં આવ્યું.સંગીત વૃંદ દ્વારા ગુરુગાન પ્રસ્તુત થયેલ. સંચાલનમાં શ્રી દર્શિક સરવૈયા રહેલ. આભારવિધિ સંસ્થાનાં અગ્રણી શ્રી રાજુભાઈ વાળાએ કરી હતી.

**સંગીત સંધ્યા :**

તારીખ ૨૩.૦૭.૨૪ના રોજ બહેનોના જાગરણ નિમિત્તે આંબલામાં તિરુપતિ મંદીરે સંગીત સંધ્યાનો કાર્યક્રમ યોજાએલ તેમાં શ્રી અગરસંગભાઈ તેમજ તેમની ટીમે વિદ્યાર્થીઓને ખૂબ મોજ કરાવેલ.

**૧૫મી ઓગષ્ટ :**

તારીખ ૧૫.૦૮.૨૪ના રોજ ૭૮માં સ્વતંત્રતા દિનની ઉજવણી કરવામાં આવી આ પ્રસંગે આંબલાની કેન્દ્રવર્તી સરકારી પ્રાથમિક શાળાના પ્રટાંગણમાં આંબલા સરકારી પ્રાથમિક શાળાના ભૂતપૂર્વ શિક્ષક શ્રી હરદેવસિંહ વાળના હસ્તે ધ્વજ વંદન કરવામાં આવેલ. ત્યારબાદ લોકશાળા મોજીલી પ્રા.શાળા, અને સરકારી પ્રા.શાળાના બાળકો દ્વારા પરેડ અને કવાયત કરવામાં આવેલ. આ પર્વની ઉજવણીમાં જિલ્લા પંચાયતના સભ્ય શ્રી મુકેશભાઈ રાઠોડ, તાલુકા સદસ્ય પ્રતિનિધિ શ્રી સવજીભાઈ, સરપંચશ્રી તથા સદસ્ય શ્રી અમિતભાઈ લવતુકા, ગામના શ્રેષ્ઠી તેમજ વાલીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા.

**રક્ષાબંધન :**

રક્ષાબંધન પર્વ નિમિત્તે કૃપા ફાઉન્ડેશન-મુંબઈના ચેર પર્સન અને અનેકવિધ સામાજિક, શૈક્ષણિક અને મહિલા ઉત્કર્ષની પ્રવૃત્તિઓમાં સામેલ શ્રી કૃપાબહેન શાહના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ તકે અતિથિવિશેષ પદે 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'ના કોમેડી કલાકાર નીતિનભાઈ દેસાઈ અને તેમના ધર્મપત્ની વર્ષાબહેન ઉપસ્થિત રહી બાળકોને મનોરંજન સાથે જ્ઞાન પીરસીને મોજ કરાવી હતી. તેઓ સંસ્થાના ભાવાવરણ અને બાળકોની શિસ્તથી અભિભૂત થયા હતા. સમગ્ર શાળાના બહેનોએ ભાઈઓને રાખડી બાંધી રક્ષાબંધનની ઉજવણી કરી હતી. ત્યારબાદ વિદ્યાર્થી ભાઈઓ અને બહેનોમાંથી કરમટિયા મિરાલી ધો-૧૨, એશા બલ્યા ધો -૯, ખમળ કુંજ ધો -૧૨ એ ભાઈ-બહેનના પવિત્ર પ્રેમ વિશે પ્રસંગોચિત વક્તવ્ય આપેલ. સંસ્થાના વડીલ લાલજીભાઈ તથા મોજીલી શાળાના મહાશંકરભાઈ પણ ઉપસ્થિત રહેલ. સમગ્ર કાર્યક્રમનું

સંચાલન વિદ્યાર્થિની નેન્સીબહેનએ અને આભારવિધિ રાજુભાઈ વાળાએ કરેલ. કાર્યક્રમને સફળ બનાવવા શાળાના આચાર્ય શ્રી વાઘજીભાઈ કરમટિયાના માર્ગદર્શન મુજબ ગૃહમાતા નિમાબેન સહિત સમગ્ર લોકશાળા પરિવારે ભારે જહેમત ઉઠાવી હતી.

**પં.સુખલાલજી વ્યાખ્યાનમાળા મણાર :**

તારીખ-૧૧.૦૮.૨૦૨૪ના રોજ મણાર મુકામે સ્વ. મૃદુલાબહેન પ્ર. મહેતા પ્રેરિત પંડિત સુખલાલજી વ્યાખ્યાનમાળાના ૩૨માં મણકામાં ધોરણ ૦૯ થી ૧૨ના તથા મોજીલી શાળાના વિદ્યાર્થી ભાઈઓ-બહેનો તથા કાર્યકર પરિવાર જઈ આવેલ. શ્રી રામભાઈ મોરીએ 'ચાલો વાંચનનો શોખ કેળવી' વિષય પર મનનીય વક્તવ્ય આપેલ. આ સાથે અલંગ શીપ બ્રેકિંગ યાર્ડની મુલાકાત લીધેલ અને વિધાર્થીઓને માહિતગાર કરેલ.

**પ્રકૃતિ શિક્ષણ શિબિર :**

સંસ્થાની બે દિવસીય પ્રકૃત્તિ શિક્ષણ શિબિર 'વેળાવદર રાષ્ટ્રીય ઉદ્યાન' મુકામે તારીખ ૧૨ અને ૧૩ ઓક્ટોબરના રોજ આયોજિત થઈ. તેમાં શાળાના ધોરણ ૯ ના ૫૦ શિબિરાર્થી ભાઈ બહેનોએ ભાગ લીધો. જેમાં શિબિરાર્થીઓએ કાળિયારના સમૂહો, હેરિયર, જંગલી બિલાડી, જંગલી ભૂંડ, વિસ્તારના પક્ષીઓ અને ઘાસના મેદાનો નિહાળ્યા. અને રાષ્ટ્રીય ઉદ્યાનની પ્રાણીસૃષ્ટિ તથા વનસ્પતિસૃષ્ટી અંગે ગહનતાપૂર્વક અભ્યાસ કર્યો. વન્યજીવ સંરક્ષણ અને સંવર્ધન બાબતે જ્ઞાન આત્મસાત કર્યું. શિબિરનું આયોજન આપણી શાળાના 'કંસારો પ્રકૃતિ મંડળ' અને આચાર્ય શ્રી વાઘજીભાઈના માર્ગદર્શનથી થયું.

તા.૨૩.૧૨.૨૪ થી ૨૫.૧૨.૨૪ દરમિયાન ધોરણ ૧૦ ના ૪૨ વિદ્યાર્થી ભાઈઓ બહેનો બથેશ્વર(ગીર અભયારણ્ય, જામવાળા) મુકામે ત્રણ દિવસીય પ્રકૃતિ શિક્ષણ શિબિરમાં જઈ આવેલ. જેમાં શિબિરાર્થીઓએ અજગર, મગર,મત્સ્ય ઘુવડ,વીજ, વિવિધ પ્રકારના હરણ,સરીસૃપો,પક્ષીઓ નિહાળ્યા. ગીર જંગલની પ્રાણીસૃષ્ટિ અને વનસ્પતિસૃષ્ટિનો ગહનતાપૂર્વક અભ્યાસ કર્યો.વન્યજીવ સંરક્ષણ અને સંવર્ધન અંગે જ્ઞાન આત્મસાત કર્યું.

- વર્ષ દરમિયાન સંસ્થામાં ભાવનગરથી ૩ નેવલ NCCના કમાન્ડિંગ ઓફિસરો ૪ વાર વર્ગો લેવા માટે આવી ગયેલ.
- NCCના તા.૧૧-૦૮-૨૪ થી ૨૦-૦૮-૨૪ દરમિયાન લોકશાળાના ૩ નેવલ NCCના કેડેટ છ સર્ટીફિકેટ કોષના કેમ્પમાં સોનગઢ મુકામે જઈ આવેલ. કેમ્પ દરમિયાન NCCના કેટેડને ભાવનગર બોરતળાવ ખાતે બોટિંગ, રાઈફલ શુટિંગ, પરેડ વગેરેની તાલીમ આપવામાં આવેલ. તેમાં ધોરણ -૧૦ વિરાસ યુવરાજભાઈએ બેસ્ટ કેટેડનો એવોર્ડ મળેલ.
- તારીખ ૦૫.૦૮.૨૪ના રોજ ૩ નેવલ NCCના ADG સાથે આર્મી યુનિટ ભાવનગર મુકામે મિટિંગમાં નરેન્દ્રભાઈ મકવાણા તથા મહર્ષિભાઈ સોલંકી જઈ આવેલ.

**મોજીલી પ્રાથમિક શાળા :**

- ટ્રસ્ટ સંચાલિત સ્વનિર્ભર મોજીલી પ્રા.શાળામાં ધોરણ ૦૫ થી ૦૮માં કુલ ૬૮ વિદ્યાર્થી ભાઈઓ-બહેનો અભ્યાસ કરે છે.

- મોજીલી પ્રા.શાળામાં આચાર્ય શ્રી મહાશંકરભાઈ પંડ્યાના માર્ગદર્શક હેઠળ રાસ - ગરબાની ટીમ તેમજ રમત-ગમત ટીમ જિલ્લા,રાજ્ય,તેમજ રાષ્ટ્રીય કક્ષા સુધી ભાગ લઈ આવેલ છે.
- તા.૩૦.૧૨.૨૩ના રોજ લોકભારતી ખાતે 'માનસ લોકભારતી' કથાની પોથીયાત્રામાં કૃતિ રજૂ કરવા જઈ આવેલ. તે ઉપરાંત માઈધાર, પાંચતલાવડા, ભાવનગર ખાતે અનેક વિધ કાર્યક્રમોમાં રાસ-ગરબાની કૃતિ રજૂ કરેલ.
- તા.૧૫-૦૮-૨૪ના રોજ ૭૮માં સ્વાતંત્રતા દિન તાલુકા કક્ષાની ઉજવણી પ્રાંત અધિકારીશ્રી તેમજ શિહોર મામલતદારશ્રીની હાજરીમાં રામધારી મુકામે કરવામાં આવેલ તેમાં મોજીલી શાળા તેમજ લોકશાળાના વિધાર્થીઓ રાસ-ગરબાની કૃતિ રજૂ કરવા જઈ આવેલ.
- રમત-ગમત અને સાંસ્કૃતિક વિભાગ ગાંધીનગર દ્વારા ઝૉનકક્ષાએ આયોજીત સ્પર્ધામાં મોજીલી તથા લોકશાળાના વિદ્યાર્થીઓ ભાગ લઈ આવેલ.

**મોજીલી મોબાઈલ વાન પ્રોજેક્ટ :**

પીડીલાઈટના આર્થિક સહયોગથી આંબલા મોજીલું શિક્ષણ મોબાઈલ વાન પ્રોજેક્ટ ચાલે છે.

પ્રાથમિક શાળાના ધોરણ-૦૬ થી ૦૮ના વિધાર્થીઓ પ્રવૃત્તિ અને સ્વાનુભવ દ્વારા પાઠયપુસ્તકના અભ્યાસક્રમને કેન્દ્રમાં રાખી શીખે તથા ગામડાઓના લોકોમાં કેળવણી થાય તે માટે શિહોર તાલુકાનાં ૪૩ ગામની ૪૩ શાળામાં આ પ્રોજેક્ટ ચાલે છે. હાલમાં આ પ્રોજેક્ટમાં બે કાર્યકરો નિયમિત રીતે ઉપરોક્ત ગામડામાં-પ્રાથમિક શાળામાં જઈ વિદ્યાર્થીઓને મોજીલું શિક્ષણની પ્રવૃત્તિઓ કાર્યક્રમ મુજબ કરાવે છે. આ પ્રોજેક્ટમાં શિહોર તાલુકાની કુલ ૪૩ સરકારી પ્રાથમિક શાળાના કુલ ૮૮૯૬ વિદ્યાર્થી ભાઈઓ -બહેનોએ લાભ લીધેલ છે. આ પ્રોજેક્ટ અંતર્ગત તેના કાર્યકરોની દર ત્રણ માસે લોકભારતી દ્વારા વિવિધ સ્થળોએ તાલીમ યોજવામાં આવે છે. જે તાલીમ પ્રમાણે શાળામાં શૈક્ષણિક પ્રવૃત્તિ કરવામાં આવી વર્ષ દરમિયાન નીચે મુજબના કામ થયેલ છે.

- વેકેશનમાં ગ્રીષ્મ શિબિર બોટાદ મુકામે એક દિવસ ગયા.
- તા.૨૬.૦૩.૨૪ના રોજ આદપર મુકામે ગ્રીષ્મ શિબિરમાં ગયા.
- તા.૨૭.૧૧.૨૪ થી ૨૯.૧૧.૨૪ દરમિયાન ગીરના જુદા જુદા પાંચ નેસમાં વીન્ટર શિબિરમાં મનીષભાઈ જઈ પ્રવૃત્તિ શિક્ષણ આપેલ.
- તા.૦૭.૦૨.૨૪ના રોજ વાવ મુકામે પ્રાથમિક શાળા વિજ્ઞાન મેળામાં સેવા આપવા જઈ આવેલ.
- તા.૨૬.૦૨.૨૪ના રોજ ચોરવડલા મુકામે પ્રાથમિક શાળા વિજ્ઞાન મેળામાં સેવા આપવા જઈ આવેલ.
- વેકેશન દરમિયાન આંબલા તેમજ આજુ-બાજુના ગામોમાં જઈ શેરી શિક્ષણ અંતર્ગત પ્રવૃત્તિઓ બાળકોને કરાવેલ.

**ગૃહવિજ્ઞાન :**

સંસ્થામાં ગૃહવિજ્ઞાનની બહેનો અનેક વાનગીઓ બનાવતા, વિવિધ પ્રકારના સીવણકામ, ભરતકામ કરતાં શીખે છે. બહેનો દ્વારા બનાવેલ ખાદીના થેલા,પર્સ,ફાઇલનું બહાર મેળામાં જઈ વેચાણ કરવામાં આવે છે. આ તાલીમથી તેઓ પોતે પગભર થાય છે.

**રસોડા વિભાગ :**

- સંસ્થામાં રસોડા ચાલે છે. સંસ્થાના મૂલ્યો અને જીવનલક્ષી શિક્ષણમાં છાત્રાલયની જેમ રસોડાનું પણ ખૂબ જ મહત્ત્વ આપવામાં આવેલ છે.
- સંસ્થામાં દર પૂનમના રોજ સમૂહભોજન રાખવામા આવેલ છે. આ ઉપરાંત તહેવારના દિવસે મહાભોજનનું પણ આયોજન કરેલ.

**પુસ્તકાલય વિભાગ :**

- સંસ્થામાં પુસ્તકાલયમાં ત્રણ પ્રકારના વાંચન સામાગ્રી વસાવવામાં આવેલ છે. દૈનિક વર્તમાન પત્રો, સામાયિક, પુસ્તકો. આ પુસ્તકાલયનો વિદ્યાર્થી તથા કાર્યકર્તાઓ લાભ લે છે.

**કોડિયું :**

વર્ષ દરમિયાન 'કોડિયું' માસિકનું નિયમિત પ્રકાશન કરવામાં આવે છે. હાલ 'કોડિયું'ના ૮૫૦ ગ્રાહકો છે. વર્ષ દરમિયાન દરેક અંકો રંગીન મુખપુષ્ઠવાળા પ્રકાશિત કરવામાં આવ્યા છે. આ માસિક -સામાયિક ચારેય સંસ્થાના સહિયારા પુરુષાર્થથી ખૂબ જ સારી રીતે ચાલે છે. આ વિભાગમાં લોકભારતી -ગાંધીભારતીના સંયોજક 'કોડિયું'ના સહતંત્રી ડૉ.દિનુભાઈ ચુડાસમા, કૃષિ વિજ્ઞાન કેન્દ્રના શ્રી પ્રશાંતભાઈ મહેતા, આંબલાના રવિભાઈ પંડ્યા અને તંત્રી શ્રી અરુણભાઈ દવેના માર્ગદર્શન પ્રમાણે ખૂબ જ સારી રીતે સેવા બજાવે છે.

**ગોશાળા છાસ કેન્દ્ર :**

- આંબલા ગોશાળાનું સરાસરી દૂધ ઉત્પાદન ૬ લિટર છે.
- હાલમાં સંસ્થાઓમાં ચાફકટરનો ઉપયોગ કરવામાં આવે છે.
- સંસ્થાઓમાં દૂધ વધે ત્યારે ઘી બનાવવામાં આવે છે. જે વિતરણ કરતાં તેની માંગ ખૂબ જ વધેલ છે. સંસ્થાઓમાં ગોશાળા અને સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિના આર્થિક સહયોગથી ઉનાળામાં બે માસ દરમિયાન મફત છાસ કેન્દ્રો ચલાવવામાં આવ્યા. જેમાં આંબલામાં ત્રણ કેન્દ્રમાં કુલ ૩૦૦ ગરીબ કુટુંબોએ તેનો લાભ લીધો.

**આંબલા ગોશાળામાં હાલ નીચે પ્રમાણે પશુઓ છે.**

| ક્રમ | પશુની વિગત | આંબલા |
|---|---|---|
| ૧ | દૂઝણી ગાય | ૧૦ |
| ૨ | ગાભાણી ગાય | ૦૩ |
| ૩ | ધાવતા વાછરું | ૦૪ |
| ૪ | વોડકા | ૧૧ |
| ૫ | ખૂંટ | ૦૨ |
| | કુલ | ૩૦ |

**ખેતી-બાગાયત :**

- પ્રાયોગિક ખેતીમાં આ વર્ષે ‘કપાસ, સરઘવો’નું ઉત્પાદન કરી વિદ્યાર્થીઓએ તે અંગે પ્રેકટીકલ માર્ગદર્શન મેળવ્યું. આ ઉપરાંત લીંબુનો ઉતારો પણ ગત વર્ષ કરતાં પ્રમાણમાં સારો રહેલ છે.
- આ વર્ષે કમોસમી વરસાદના કારણે છેટીવાડીએ ‘કપાસ’નો ઉતારો ખૂબ જ ઓછો થયો અને ભાવ પણ નથી મળેલ તેથી કપાસના વાવેતરમાં ખર્ચ કરતાં આવક ઓછી રહેલ છે. આ ઉપરાંત એરંડા, લીંબુ, ઘઉં, જામફળનો ઉતારો સારો રહેલ તેથી કપાસની ઘટ સરભર થયેલ છે.
- આ વર્ષે નર્સરી વિભાગના આંબા,ચીકુનો ઈજારાને બદલે ભાગમાં આપેલ. તેનો પણ ઉતારો પ્રમાણમાં સારો રહેલ.
- નર્સરીમાં ૨૦૦ આંબા, ૨૦૦ સીતાફળ, ૧૦૦ જમરૂખ, ૨૦૦ લીંબુ રોપા નવા નાખેલ છે. જે આવતા ચાર વર્ષમાં આવકમાં વધારો કરશે.
- નર્સરી વિભાગની પડતર જમીન ગોશાળાને લીલોચારો કરવા માટે આપેલ. જેના કારણે બહારથી લીલોચારો ખરીદવો પડેલ નથી.
- નર્સરી વિભાગના લીંબુનો ઉપરાંત આંબા અને લીંબુની વચ્ચે ખાલી જગ્યામાં કપાસ,ઘઉં, અને એરંડાનું વાવેતર કરવામાં આવેલ હતું જેનો ઉતારો પણ પ્રમાણમાં સારો રહેલ છે.
- આંબલા ખેતીનું પરિણામ ખૂબ જ સારું રહેલ.

**સૌરાષ્ટ્ર લોકશાળા સંઘ**

- તા.૨૫.૧૨.૨૪ના રોજ લોકભારતી ખાતે સૌરાષ્ટ્ર લોકશાળા સંઘ સાથે સામેલ લોકશાળાઓના આચાર્ય અને સંચાલકોની મિટિંગ મળેલ.
- તા.૨૨.૦૨.૨૪ થી ૨૯.૦૨.૨૪ દરમિયાન ૫૮મી અંગેજી વિષયની રેલી શ્રીમતી એન.એસ.ડાંખરા બેલા મુકામે યોજાયેલ. તેમાં ઉદ્‌ઘાટન સમારોહમાં ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિ શ્રી હર્ષદભાઈ પટેલ લોકભારતી યુનિ.ના કુલપતિ શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી, સાંસદ શ્રી ભારતીબહેન શિયાળ તેમજ ભાગ લેનાર સંસ્થાઓના સંચાલકો - આચાર્યો હાજર રહેલ. જ્યારે સમાપન સમારોહમાં પીડીલાઈટ ઈન્ડસ્ટ્રીજના ચેરમેન શ્રી મધુકરભાઈ પારેખ, લોકભારતીના મેને.ટ્રસ્ટી શ્રી અરુણભાઈ દવે, શ્રી પંકજભાઈ શુકલ હાજર રહેલ.
- તા.૦૪.૦૯.૨૪ના રોજ વાંગધ્રા મુકામે શ્રી લવજીભાઈ મકવાણાના પ્રમુખસ્થાને શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણીની અધ્યક્ષતામાં સંઘની વાર્ષિક બેઠક મળેલ તેમાં ૨૦ જેટલી લોકશાળાના સંચાલકશ્રીઓ અને આચાર્યશ્રીઓ હાજર રહેલ. બેઠકમાં વર્ષ ૨૦૨૩-૨૪ના પરીક્ષા સમિતિના હિસાબો તેમજ સંઘના હિસાબોને મંજૂર કરવામાં આવેલ તેમજ વર્ષ ૨૦૨૪-૨૫નું વાર્ષિક પરીક્ષા તેમજ અન્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ.
- વર્ષ દરમિયાન રેલી અંગેની ૩ તાલીમ ગોઠવામાં આવેલ.
- તા.૩૧.૧૨.૨૪ થી ૦૫.૦૧.૨૫ દરમિયાન ૫૯મી રેલી- ‘માતૃભાષા ગુજરાતી’ વિષય પર આંબલા અને ખડસલી લોકશાળામાં યોજાયેલ.
- ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા ખાતે ઉદ્‌ઘાટન સમારોહમાં શ્રી આર.કે.મહેતા સાહેબ, ભાવ.યુનિ.ના ગુજરાતી ભવનના વડા શ્રી મહેન્દ્રસિંહજી પરમાર, સંસ્થાના મેને. ટ્રસ્ટી શ્રી અરુણભાઈ દવે હાજર રહેલ. તે ઉપરાંત

રેલી દરમિયાન શ્રી હિતેન્દ્રસિંહજી પઢેરીયા, શ્રી હસમુખભાઈ દેવમુરારિ, શ્રી ભરતભાઈ ખેની, શ્રી મહેન્દ્રભાઈ પનોત, શ્રી કાંતિભાઈ ગોઠી વગેરે મહેમાનો તેમજ મુખ્ય વક્તામાં શ્રી અશ્વિનભાઈ આણદાણી, શ્રી હિમલભાઈ પંડ્યા, શ્રી કૃષ્ણભાઈ દવે આવેલ.

- સમાપન સમારોહમાં શ્રી નલિનભાઈ પંડિત, શ્રી ડૉ.આઈ.કે.વીજળીવાળા, શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ, શ્રી ડૉ.રાજેન્દ્રભાઈ ખીમાણીની ઉપસ્થિતિ રહેલ.
- શ્રી કુંડલા તાલુકા ગ્રામસેવા મંડળ લોકશાળા – ખડસલીમાં ઉદ્‌ઘાટન સમારોહમાં શ્રી હિંમતભાઈ ગોડા, શ્રી મનોહરભાઈ ત્રિવેદી, શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી હાજર રહેલ. તે ઉપરાંત શ્રી મનહરસિંહજી ગોહિલ, શ્રી કાંતિભાઈ પરસાણા, શ્રી રાહુલભાઈ મહેતા, શ્રી અજયભાઈ દોશી, શ્રી ડૉ. દીપકભાઈ શેઠ, શ્રી કાંતિભાઈ ગોઠી મહેમાનો તેમજ મુખ્ય વક્તા શ્રી અશોકભાઈ ચાવડા, શ્રી જીરુભાઈ ભટ્ટ, શ્રી દોસ્તભાઈ આવેલ.
- સમાપન સમારોહમાં શ્રી મહેશભાઈ કસવાલા શ્રી ડૉ. અરુણભાઈ દવે, શ્રી ચંદ્રેશભાઈ બોરીસાગર, શ્રી ભાવેશભાઈ ચાડેગરાની અધ્યક્ષતામાં યોજાયો.

**સંસ્થા મુલાકાત :**

ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા સંસ્થાની મુલાકાત લેવા આવનાર શુભેચ્છકો પૂર્વ વિદ્યાર્થીઓનું વલણ પ્રમાણમાં વધ્યું છે. તે જોતાં આપની સમક્ષ થોડા નામો રજૂ કરું છું.

- પીડીલાઈટ કંપનીમાંથી વર્ષ દરમ્યાન છ વખત અલગ અલગ ટીમ સંસ્થા મુલાકાતે આવી ગઈ. સંસ્થાની પ્રવૃત્તિ જોઈને સંતોષ વ્યક્ત કર્યો.
- પર્યાવરણ શિક્ષણ કેન્દ્ર દ્વારા જસદણ તાલુકાનાં ૫૫ ખેડૂતો શ્રી રીતબહેન વોરાના માર્ગદર્શક હેઠળ આવી ગયેલ.
- શ્રી અરુણભાઈ દવેની સાથે અમદાવાદથી સુરેખાબહેન શાહ તેમજ શ્રી પલાસભાઈ શાહ આવી ગયેલ.
- કલાસ -૨ અધિકારી શ્રી વર્ષાબહેન ડી.ચોહાણ, શ્રી નિરૂપાબહેન શાહ સુરેન્દ્રનગર, શ્રી અનુબંધ સંસ્થાના સ્થાપક શ્રી રજનીભાઈ મહેતા સાવરકુંડલા, પૂર્વ શિક્ષક શ્રી હિતેન્દ્રસિંહ પઢેરીયા (D.E.O) આવેલ.
- પૂ.શ્રી મોરારિબાપુએ સંસ્થાની શુભેચ્છા મુલાકાત લીધી સાંજનું ભોજન લીધેલ.

તે ઉપરાંત અનેક નામી-અનામી વરિષ્ઠ વ્યક્તિઓ, સ્કૂલોના કાર્યકરો સાથે વિદ્યાર્થીઓ શુભેચ્છા મુલાકાતે આવી ગયેલ છે.

**સમાપન :**

સંસ્થા અત્યારે ૮૬ વર્ષની લાંબી મજલ કાપી ૮૭માં વર્ષમાં પ્રવેશી છે. આટલો લાંબો પંથ કાપવામાં ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટના સૌ હોદેદારો મેનેજિંગ ટ્રસ્ટી શ્રી અરુણભાઈ દવે, અન્ય ટ્રસ્ટીશ્રીઓ, આચાર્યશ્રી, વિભાગીય વડાશ્રીઓ, સર્વે કાર્યકર્તાશ્રીઓ, પૂર્વ અને વર્તમાન વિધાર્થીઓ, શુભેચ્છકશ્રીઓ, વગેરેના સહયોગની આ તકે નોંધ લઉં છું. વિકાસના કાર્યોમાં સહયોગ આપનાર નાના-મોટા સૌ દાતાશ્રીઓનો આભાર માનું છું.

વાઘજીભાઈ કરમટિયા
આચાર્યશ્રી,
ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા

## ૦૨ ગ્રામદક્ષિણામૂર્તિ મણાર વાર્ષિક અહેવાલ
## (જાન્યુઆરી-૨૦૨૪ થી ડીસેમ્બર-૨૦૨૪)

**શ્રી ડાયાભાઈ ડાંગર**

ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા મણાર પરિવાર તરફથી આપ સૌનું હાર્દિક સ્વાગત કરું છું. ગત વર્ષ એટલે કે ૨૦૨૪ નો વાર્ષિક અહેવાલ રજૂ કરતા આનંદ અનુભવું છું. ગત વર્ષ દરમિયાન આપણી શાળામાં અનેકવિધ પ્રવૃત્તિ કરવામાં આવી, આખું વર્ષ સરસ રીતે પસાર થયું, દરેક વિભાગ પ્રમાણે આયોજન મુજબ સુંદર કાર્યો થયા. જે નીચે પ્રમાણે છે.

### -: અભ્યાસક અને સહઅભ્યાસક પ્રવૃત્તિઓમાં ભાગ :-

(૧) તળાજા તાલુકાનું S.V.S. કક્ષાનું ગણિત-વિજ્ઞાન પ્રદર્શન લોકશાળા બેલા ખાતે યોજાઈ ગયું. જ્યાં સંસ્થાના ગણિત-વિજ્ઞાનના શિક્ષક શ્રી પૃથ્વીરાજસિંહ ગોહિલ બે વિદ્યાર્થીઓ સાથે જઈ આવ્યા. તેના ઉદ્‌ઘાટક, મુખ્ય મહેમાન તરીકે નિયામક શ્રી સુરસંગભાઈ ચૌહાણ હતા.

(૨) મકરસંક્રાંતિ પર્વ નિમિત્તે ગોશાળાની સફાઈ યોજવામાં આવી. સમૂહમાં શેરડી ખાવાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો. ગોશાળામાં ઘાસચારો તથા ખાણદાણ દાનમાં આપવામાં આવ્યાં.

(૩) તા.૨૨-જાન્યુઆરીના રોજ મોડેલ સ્કૂલ તળાજા મુકામે ‘આઈએમએન ઈનોવેટર’ કાર્યક્રમમાં અહીંના છાત્રો તથા મોજીલા શિક્ષણનો સ્ટાફ જઈ આવ્યો.

(૪) તા.૨૬-જાન્યુઆરીના રોજ પ્રજાસત્તાક પર્વની ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવી. જેમાં NCC તથા NSSના કેડેટ્સની પરેડ, રાષ્ટ્રભાવનાને લગતા સૂત્રોચાર તથા ગીતો,ધ્વજવંદન અને કવાયત જેવા કાર્યક્રમો યોજવામાં આવ્યા.

(૫) તળાજા મુકામે જિલ્લાકક્ષાનો ધ્વજવંદન કાર્યક્રમ યોજાતા તેમાં શાળાના ભાઈઓ તથા બહેનો જોડાયા. જેમને પિરામિડ,હેલ્લારો નૃત્યમાં ભાગ લઈ દર્શકોને મંત્રમુગ્ધ કરી દીધા.

(૬) તા.૩૦-જાન્યુઆરીના રોજ ગાંધીનિર્વાણ-દિન નિમિત્તે પ્રાર્થનાસભામાં બે મિનિટનું મૌન તથા પ્રાસંગિક વાતો કરી.

(૭) તા.૦૯/૦૨/૨૦૨૪ના રોજ ધો.૯ અને ધો.૧૧ની વિદ્યાર્થિની બહેનો તથા નિયામકશ્રી, આચાર્યશ્રી અને કેટલાક કર્મચારીઓ ગાંધીમેળામાં બપાડા મુકામે જઈ આવ્યા.

(૮) તા.૨૨ ફેબ્રુઆરીના રોજ શાળામાં વિશ્વ-માતૃભાષા દિવસની ઉજવણી કરવામાં આવી, તેમજ તે અંગેનું જીવંત પ્રસારણ વિદ્યાર્થીઓએ નિહાળ્યું.

(૯) તા.૨૭ ફેબ્રુઆરીના રોજ સંસ્થામાં ‘સ્વયંપાક’ની ઉજવણી કરવામાં આવી.અલગ-અલગ ચાર ટુકડીઓમાં કાર્યકરો સાથે વિદ્યાર્થી ભાઈઓ-બહેનોએ આયોજન કરી,જાતે સવારથી સાંજ સુધી નાસ્તો તથા જમવાનું બનાવીને આનંદ માણ્યો.

(૧૦) તા.૮-માર્ચના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી સાંજની પ્રાર્થનામાં કરવામાં આવી.જેમાં

શ્રીમતી કંચનબહેન, શ્રી ડાયાભાઈ તથા શ્રી સુરસંગભાઈએ પ્રાસંગિક વાતો કરી.

(૧૧) તા.૯-માર્ચના રોજ ધો.૧૦નો શુભેચ્છા અને ધો.૧૨ ના છાત્રોનો વિદાય સમારંભ શ્રી પ્રશાંતભાઈ ભટ્ટના મુખ્ય મહેમાન પદે યોજાઈ ગયો. ફોટોસેશન પણ યોજાયું અને વર્ષ દરમિયાનની વિવિધ પ્રવૃત્તિઓમાં તેમજ સ્પર્ધાત્મક પરીક્ષામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો તથા ઇનામ વિતરણ કરવામાં આવ્યું .

(૧૨) ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓની બોર્ડની પરીક્ષા શાંતિથી પૂર્ણ થઈ જેમાં ધોરણ-૧૨માં સતત આઠમાં વર્ષે પણ ૧૦૦% પરિણામ આવ્યું તેમજ ધોરણ-૧૦માં ૯૩.૦૨% પરિણામ આવ્યું.

(૧૩) માઈધાર મુકામે યોજાયેલ વિજ્ઞાન દિવસની ઉજવણીમાં અહીંના કેન્દ્રની કૃતિ રજૂ કરવામાં આવી.

(૧૪) ૧૩ માર્ચના રોજ રાષ્ટ્રીય મસાલા સંશોધન કેન્દ્ર અજમેરના ડાયરેક્ટર શ્રી એસ.એન.સકસેના તથા તેમનો સ્ટાફ કૃષિ-બાગાયત કેન્દ્રની મુલાકાતે આવેલ. ડૉ.અરુણભાઈ દવેની ઉપસ્થિતિમાં ૧૦૦ કિસાનોની હાજરીમાં મસાલાની પાક બાબતે તેમની સાથે એમ.ઓ.યુ.થયા.

(૧૫) એપ્રિલ માસમાં પ્રથમ દિવસે ધોરણ-૯ના વિદ્યાર્થીઓની છાત્રાલય પ્રવેશ પરીક્ષા યોજાઈ જેમાં ૧૧૦ છાત્રો અને ૯૪ છાત્રાઓ હાજર રહી.

(૧૬) ધોરણ-૧૧ની બહેનોએ ગૃહવિજ્ઞાનના પ્રેક્ટીકલમાં નાળીયેરીના પાનાની સળીઓમાંથી સાવરણા બનાવ્યા.

(૧૭) ગુરૂપૂર્ણિમા પર્વની ઉજવણી શ્રી દેવેન્દ્રભાઈ ભટ્ટની ઉપસ્થિતિમાં કરવામાં આવી,તેજ દિવસે યજ્ઞાર્થે શ્રમકાર્યમાં તમામ વિદ્યાર્થીઓ અને કાર્યકારોએ સાથે મળીને ગાયો માટેના ઘાસના પ્લોટમાં ૧૦ વીઘામાં હાઈબ્રીડ નેપીઅર ઘાસની રોપણી કરી.

(૧૮) જુલાઈ માસમાં રાત્રિ કાર્યક્રમમાં શ્રી લાલુદાન ગઢવીએ લોકસાહિત્યમાં દુહા, છંદ, લોકગીત તથા લોકવાર્તાની રમઝટ બોલાવી વિદ્યાર્થીઓને મોજ કરાવી.

(૧૯) શ્રી મહાવીર જૈન ચારીત્ર્ય કલ્યાણ રત્નાશ્રમ સોનગઢમાં ગુરુજી સન્માન કાર્યક્રમમાં ગુરુજી એવા શ્રી ડાયાભાઈ ડાંગરનું સન્માન કરવામાં આવ્યું.

(૨૦) આ વર્ષના કલા ઉત્સવ જી.૨૦ અંતર્ગત 'વસુધૈવ કુટુંબકમ' વિષય પર વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધામાં ભાગ લઈ દરેકમાં પ્રથમ નંબર મેળવીને રૂ. ૧૭૦૦૦ નું રોકડ ઇનામ મેળવ્યું.

(૨૧) તળાજા તાલુકાનો 'યુવા ઉત્સવ' દિહોર મુકામે યોજાઈ ગયો. જેમાં સમૂહગીત, લગ્નગીત, હળવું કંઠ્યસંગીત અને તબલાવાદનમાં આપણા છાત્રો પ્રથમ પસંદગી પામી જિલ્લાકક્ષાએ ભાગ લેવા ગયા.

(૨૨) આ વિસ્તારમાં કામ કરતી 'મીરડા' નામની NGOએ આપણા કામથી પ્રભાવિત થઈ વિદ્યાર્થીઓને પ્રગતિ અને વિકાસ માટે રૂ .૧,૬૦,૦૦૦ની કિમતનું ડિજિટલ સ્માર્ટ બોર્ડ આપ્યું.

(૨૩) મોજીલું શિક્ષણ અંતર્ગત તળાજાની કુલ ૧૩ પ્રાથમિક શાળાઓમાં ૩૦૦૦ કરતા વધુ વૃક્ષોનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું.

(૨૪) લોકભારતીના ૧૯૭૦ના વિદ્યાર્થી શ્રી શંકરભાઈ રાઠોડ જેઓ શ્રી સુરસંગભાઈના સહઅભ્યાસી હતા તેમને ૧,૧૧,૧૧૧ જેવી માતબર રકમની સહાય આપી,જેમાંથી લોકશાળાની છાત્રાઓ માટે સુધડ સ્નાનઘાટ તથા કપડા સુકવવાના શેડનું નવનિર્માણ કરવામાં આવ્યું.

(૨૫) ૨૧ જૂનના રોજ 'વિશ્વયોગ દિવસ' ની ઉજવણી કરવામાં આવી જેમાં NSS અને NCCના કેડેટ્સ તથા સમગ્ર કાર્યકરો સામેલ થયા

(૨૬) ૨૨ જૂન તેમજ ૨૫ ડિસેમ્બરના રોજ પૂજ્ય હીરાબહેન માનભાઈ ભટ્ટની ૧૦૫મી જન્મ જયંતી નિમિત્તે યોજાયેલ કાર્યક્રમમાં રૂ.૨૫૦૦ લેખે સંસ્થાની ૪૦ બહેનોને કુલ રૂ.૧,૦૦,૦૦૦ની સહાય મળી.

(૨૭) બંને સત્ર માટે વિદ્યાર્થી મંત્રીમંડળની લોકશાહી ઢબે ચૂંટણી કરી રચના કરવામાં આવી.

(૨૮) તારીખ ૨૮ જૂનના રોજ ભૂતપૂર્વ વિદ્યાર્થી પંકજભાઈ તથા શ્રી નીરુભાઈ દેસાઈ દ્વારા સમગ્ર સંસ્થાને સમૂહભોજન કરાવવામા આવ્યું. સાયં પ્રાર્થનામાં પોતાના વિદ્યાર્થીકાળના અનુભવો -સંસ્મરણો વાગોળ્યા.

(૨૯) તારીખ ૦૯ ઓગસ્ટના રોજ 'આઝાદીકા અમૃત મહોત્સવ' તથા 'મેરી મિટ્ટી મેરા દેશ' કાર્યક્રમ અંતર્ગત આચાર્યશ્રી ડાયાભાઈ ડાંગર અલંગ ગ્રામપંચાયતના કાર્યક્રમમાં હાજર રહ્યા અને શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી.

(૩૦) તારીખ ૧૦ના રોજ 'વિશ્વ સિંહ દિવસ'ની ઉજવણી કરવામાં આવી.

(૩૧) તારીખ ૧૧ ઓગસ્ટના રોજ મૃદુલાબહેન પૂ.મહેતા પ્રેરિત 'પંડિત સુખલાલજી' વ્યાખ્યાનમાળાનું સુંદર આયોજન થયું. ૩૧માં મણકાના મુખ્ય વકતા શ્રી હીરજીભાઈ નાકરાણીએ 'કેળવણીમાં છાત્રાલયજીવનનું મહત્ત્વ' વિષય પર વક્તવ્ય આપ્યું. સંસ્થાના ટ્રસ્ટી શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ અધ્યક્ષ સ્થાને રહ્યા.
તેજ દિવસે જળમંદિરના દાતાશ્રી સોહનલાલ વડેરા તેમના ધર્મપત્ની તથા ધનશ્યામભાઈ ચભાડીયા અને સર્વ મહેમાનોની હાજરીમાં 'જળમંદિર'નું લોકાર્પણ કરવામાં આવ્યુ.

(૩૨) તારીખ ૧૩ થી ૧૫ ઓગસ્ટ દરમિયાન 'આઝાદિકા અમૃત મહોત્સવ' તથા 'મેરી મિટ્ટી મેરા દેશ' અંતર્ગત NSS અને NCC યુનિટ દ્વારા પ્રભાતફેરી, વૃક્ષારોપણ કાર્યક્રમો યોજાઈ ગયા.

(૩૩) ૧૫ ઓગસ્ટના રોજ 'સ્વતંત્ર પર્વ'ની ઉજવણી કરવામાં આવી જેમાં શ્રી મનહરભાઈ ઠાકરના હસ્તે ધ્વજવંદન કાર્યક્રમ યોજાઈ ગયો.

(૩૪) તારીખ ૩૦ ઓગસ્ટના રોજ 'રક્ષાબંધન પર્વ'ની ઉજવણી કરવામાં આવી જેમાં મુખ્યવક્તા તરીકે શ્રી ઉમાકાંતભાઈ રાજ્યગુરૂ હાજર રહ્યા.

(૩૫) તારીખ ૦૧ /૦૯ ના રોજ અંધ ઉદ્યોગશાળા ભાવનગર ખાતે રાષ્ટ્રીય અંધજન મંડળ ભાવનગર શાખા તથા જિલ્લા શિક્ષણાધિકારી કચેરી ભાવનગર તેમજ ભાવનગર જિલ્લા આચાર્યસંઘના સંયુક્ત ઉપક્રમે એક કાર્યક્રમ યોજાઈ ગયો, જેમાં ગયા વર્ષે રૂ.૧,૧૪,૦૦૦ જેવો માતબર ફાળો એકત્રિત કરવા બદલ પોગ્રામ ઓફીસર શ્રીમતી કંચનબહેન થાડોદા તથા આચાર્ય શ્રી ડાયાભાઈ ડાંગરને નેક નામદાર યુવરાજ સાહેબના હસ્તે શિલ્ડ અને પ્રમાણપત્ર એનાયત થયું.

(૩૬) ૫મી સપ્ટેમ્બરના રોજ 'સ્વયંશિક્ષણ દિન'ની ઉજવણી કરવામાં આવી અને ફાળો રૂ.૨૩૬૦ એકત્રિત કરીને ડી.ઈ.ઓ.ઓફીસ ભાવનગર ખાતે મોકલી આપવામાં આવ્યો.

(૩૭) સંસ્થામાં આચાર્ય શ્રી ડાયાભાઈ ડાંગરના ઘરે જ 'કૃષ્ણજન્મોત્સવ' કાર્યક્રમ યોજાયો જેમાં સૌએ ભાગ લીધો.

(૩૮) સંસ્થામાં 'ગણેશચતુર્થી' એ શ્રી ગજાનન્દજીની પણ સ્થાપના કરવામાં આવી આરતી, પ્રસાદી અને દર્શનનો બધાએ લાભ લીધો.

(૩૯) તા. ૨૨/૦૯ ના રોજ લોકશાળાની બહેનો દ્વારા 'સાડી ડે' ઉજવાયો.

(૪૦) જિલ્લાકક્ષા યુવા મહોત્સવ ૨૦૨૩/૨૦૨૪માં આપણી લોકશાળાના વિદ્યાર્થીઓ ભાવનગર ખાતે શિશુવિહારમાં આયોજિત કાર્યક્રમમાં જઈ આવ્યા. સંગીતવૃંદનો સમૂહગીતમાં જિલ્લાકક્ષાએ પ્રથમ નંબર અને લોકગીતમાં

ગુજરિયા મુકેશે પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ.

(૪૧) મુખ્યમંત્રી જ્ઞાનસાધના યોજના અંતર્ગત ધોરણ-૯ ના ૮ વિદ્યાર્થી ભાઈઓ અને બહેનોની પસંદગી થઈ જેમને વાર્ષિક રૂ. ૬૦૦૦ અને શાળાને વિદ્યાર્થી દીઠ રૂ. ૩૦૦૦ જેવી રકમ મળશે.

(૪૨) તા. ૦૨ ઓક્ટોબરના રોજ ગાંધીજયંતી નિમિત્તે પ્રભાતફેરી, ગાંધીગીતો, સમૂહપ્રાર્થના યોજાઈ તથા ગાંધીજીવન વિષે પ્રાર્થનાસભામાં વાતો કરવામાં આવી. સાથે સ્વ.લાલબહાદુર શાસ્ત્રી જયંતી પણ યોજાઈ.

(૪૪) સરકાર દ્વારા આયોજિત અમૃતકળશ યાત્રાનું આગમન ૮-ઓક્ટોબરના રોજ થયું. જેનું ઢોલ-નગારા, સામૈયા સાથે સ્વાગત થયું. તેમાં તાલુકાના પદાધિકારીઓ તથા ગ્રામજનો હાજર રહ્યા.

(૪૫) તારીખ ૧૫/૧૦ થી ૨૩/૧૦ સુધી સંસ્થામાં શારદીય નવરાત્રીની ઉમંગભેર ઉજવણી કરવામાં આવી જેમાં સ્ટાફગણ તરફથી દરરોજ રાત્રે અલગ અલગ પ્રસાદી સ્વરૂપે નાસ્તો કરાવવામાં આવેલ.

(૪૬) તારીખ ૨૪/૧૦ થી ૨૬/૧૦ સુધી સૌરાષ્ટ્ર લોકશાળા સંઘ આયોજિત 'સંગીત શિબિર'નું આયોજન મણાર ખાતે થયું. જેમાં ૧૧ લોકશાળાના ૫૬ છાત્રાઓ અને ૧૦ કાર્યકરો જોડાયા.

(૪૭) તારીખ ૭ નવેમ્બરના રોજ એક વાલી મિટિંગનું આયોજન થયું. જેમાં ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓના વાલીઓને પરિણામ આપવામાં આવ્યું. તેમજ અનેક પ્રવૃત્તિમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર અને ઈનામ દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવ્યા. સાંસ્કૃતિક કાર્યક્રમ પણ યોજાયો.

(૪૮) તારીખ ૩૧/૦૩/૨૦૨૪ના રોજ સંસ્થાના તમામ શિક્ષકો ભાવનગર સર.ટી. હોસ્પિટલ ખાતે CPRની તાલીમ લઈ આવ્યાં.

(૪૯) સંસ્થાના NCC CTO શ્રી લાલજીભાઈ ખેરાળા રાજકોટ મુકામે ગૃપ કમાન્ડર સાથેની મિટિંગમાં જઈ આવ્યા .

(૫૦) ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં મ.શિ. તરીકે ફરજ બજાવતા શ્રી અંકુરકુમાર પી. શાહના પિતાશ્રી પ્રવીણચંદ એન. શાહના સ્મરણાર્થે સંસ્થાના ધોરણ.૯ થી ૧૨ ના તમામ વિદ્યાર્થી ભાઈઓને સ્વેટર તથા બહેનોને શાલનું વિતરણ કરવામાં આવ્યું. આ અગાઉ ૪ વર્ષ પહેલા તેમના પરિવાર દ્વારા આજ રીતે વિદ્યાર્થીઓને ગરમ વસ્ત્રોનું દાન કરવામાં આવ્યું હતું.

(૫૧) તા. ૧૨ ડીસેમ્બરના રોજ સંસ્થામાં પુસ્તકાલય સંભાળનાર ઉ.મા. વિભાગના મ.શિ. શ્રી મનસુખભાઈ ગુજરિયાએ પોતાના મંત્રીઓને સાથે રાખીને પુસ્તક પ્રદર્શનનું આયોજન કર્યું.

(૫૨) રાજ્યવ્યાપી સૂર્યનમસ્કાર અભિયાનમાં બધાંજ વિદ્યાર્થીઓ સાથે સ્ટાફ જોડાયો..

(૫૩) 'મતદાન જાગૃતિ' અભિયાન અંતર્ગત વિવિધ સ્પર્ધાઓ યોજાઈ, આચાર્યશ્રીએ તે અંગે વિદ્યાર્થીઓને સમજ પૂરી પાડી.

(૫૪) ગુણોત્સવ નિમિત્તે DEO ઓફીસના અધિકારી શ્રીમતી દર્શનાબહેન ભટ્ટ એક દિવસ શાળાની મુલાકાતે આવી ગયા શાળાકીય વાતાવરણ અને પ્રવૃત્તિઓથી પ્રભાવી થયા.

(૫૫) તા. ૨૬નવેમ્બર 'વીરબાલ દિવસ' ની ઉજવણી કરવામાં આવી.

(૫૬) NSS ખાસ શિબિર તા.૨૭/૧૨ થી ૦૨/૦૧ સુધી ખડસલીયા મુકામે NCC પ્રોગ્રામ ઓફિસર શ્રીમતી કંચનબહેન થડોદા તથા ઉ.મા. વિભાગના તમામ શિક્ષકોના સહકારથી પૂર્ણ થઈ.

(૫૭) તા.૩/૦૧ થી ૫/૦૧ સુધી તળાજા મુકામે આરોગ્ય વિભાગ અને શિક્ષણ ખાતાના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ આયુષ્યમાન ભારતની તાલીમમાં શાળાના શિક્ષકો શ્રીમતી કંચનબહેન થડોદા તથા શ્રી અંકુરભાઈ શાહ જઈ

આવ્યા.

(૫૮) જિલ્લાકક્ષાનો કળા મહાકુંભ હાલમાં શિશુવિહાર ભાવનગર મુકામે યોજાઈ ગયો જેમાં લોકગીત (૬ થી ૧૪)માં દિહોરા પાર્થ લાભુભાઈએ પ્રથમ નંબર મેળવ્યો. સમૂહગીત (૬ થી ૧૪)માં બીજો ક્રમ, લોકનૃત્ય (૬ થી ૧૪)માં ત્રીજો ક્રમ આવ્યો.

(૫૯) વરસાદનું પાણીસંગ્રહ માટે માનનીય મંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયાની ગ્રાંટમાંથી ૧,૧૫,૦૦૦ લિટરની ક્ષમતાના ભૂગર્ભ ટાંકાનું બાંધકામ કરવામાં આવ્યું.

(૬૦) તા.૭ જૂનના રોજ સીરમ ઇન્સ્ટીટયૂટના સહયોગથી બનેલ શાળાના નવ નિર્મિત મકાનના લોકાર્પણનો કાર્યક્રમ યોજાઈ ગયો જેમાં શ્રી અરુણભાઈ દવે, શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ, શ્રી કપિલભાઈ શાહ તેમજ શ્રી પી.કે.શુકલાજી અને શ્રી વિરેન્દ્રસિંહ પણ ઉપસ્થિત રહ્યા.

(૬૧) તા. ૦૨ ઓગસ્ટના રોજ અલંગ મરીન પોલીસ સ્ટેશનના પી.આઈ.શ્રી બેરાસાહેબ તથા તેમની ટીમે શાળામાં આવી 'મહિલા સુરક્ષા' અને 'પોસ્કોએક્ટ' વિષયક સુંદર માર્ગદર્શન અને જાણકારી આપી.

(૬૨) તા. ૯ સપ્ટેમ્બરના રોજ ભાવનગરથી પધારેલ પ્રતિભાબહેન અને તેમની ટીમ દ્વારા 'વિપશ્યના' સાધના અંતર્ગત ૯થી ૧૨ના વિદ્યાર્થીઓ સાથે 'આનાપાન' કાર્યક્રમ યોજાયો.

**એક દિવસીય - પગપાળા તથા પ્રવાસ :**

(૧) તા. ૨૯ ફેબ્રુઆરીના રોજ એક દિવસીય પ્રવાસમાં હસ્તગીરી, શેત્રુંજી ડેમ, બગદાણા ધામ તથા ભગુડા ધામની સંસ્થાના વિદ્યાર્થીઓ અને કાર્યકરોએ મુલાકાત લીધી.

(૨) એક દિવસીય પગપાળા પ્રવાસ અલંગ પોલીસ સ્ટેશન, રેડક્રોસ હોસ્પિટલ, અલંગ ફાયર સ્ટેશન અને દીવાદાંડીનો પ્રવાસ યોજાઈ ગયો.

(૩) તા. ૧૯/૧૦ ના રોજ ભાવનગરનો એક દિવસીય પ્રવાસ યોજાયો જેમાં વિક્ટોરીયા ગાર્ડન,સાયન્સ સીટી તથા અંધ ઉદ્યોગશાળાના બાળકો સાથે ગરબી લીધી અને તે જ દિવસે અંધજન માટે એકત્રિત કરેલ રકમનો ચેક આપવામાં આવ્યો.

**N.S.S. પ્રવૃત્તિ :**

(૧) N.S.S. પ્રોગ્રામ ઓફીસર શ્રીમતી કંચનબહેન થડોદા ઉચ્ચ શિક્ષણ કચેરી ગાંધીનગર મુકામે યોજિત 'માર્ગ સલામતી તાલીમ' માં જઈ આવ્યા.

(૨) N.S.S. યુનિટ દ્વારા સપ્ટેમ્બર માસમાં 'રાષ્ટ્રીય રમત-ગમત દિવસ' ની ઉજવણી કરવામાં આવી જેમાં વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું.

(૩) તા. ૧૩મી રોજ 'ફ્લેગ ડે' ૨૦૨૩ અંતર્ગત અંધજન સપ્તાહ નિમિતે N.S.S.ના સ્વયંસેવકો તથા સ્ટાફગણ દ્વારા આજુબાજુના ગામોમાં જઈ રૂ.૧,૩૬,૦૬૧ જેવી માતબર રકમ એકત્રિત કરવામાં આવી.

**N.C.C. પ્રવૃત્તિ :**

(૧) N.C.C.ના કેડેટ્સની નિયમિત પરેડ થાય છે અને નાસ્તો મળે છે.

(૨) વૃક્ષારોપણ તથા સ્વચ્છતા અંગેના કાર્યો કરવામાં આવે છે.

(૩) ભાવનગર ઓફિસેથી N.C.C. પરેડ કરાવવા માટે તથા ક્લાસ લેવા માટે આવે છે.

(૪) જાન્યુઆરી માસમાં 'છ' સર્ટીફિકેટની એકમીતી લેવાઈ અને પ્રેક્ટીકલ પણ લેવાયું.

(૫) તા.૧૧ જુલાઈના રોજ ભાવનગર ખાતેથી PI STAFF એ આવી પ્રથમ વર્ષના કેડેટ્સનું એનરોલમેન્ટ કર્યું.

(૬) બીજા વર્ષના N.C.C. કેડેટ્સ તા.૧૧/૮ થી ૨૦/૮ સુધી સીદસર મુકામે CATC કેમ્પમાં જઈ આવ્યા. જ્યાં તેમને ફાયરીંગ, બોટિંગ વગેરે પ્રવૃત્તિઓ શીખી તેમની સાથે દસ દિવસ શ્રી અંકુરભાઈ શાહ રહ્યાં. જ્યાં વિદ્યાર્થીઓને સાંસ્કૃતિક કાર્યક્રમમાં બેસ્ટ પરફોર્મન્સનો એવોર્ડ મળ્યો.

(૭) તા. ૧૩ ઓકટોબરના રોજ ૩ GUJ NAVAL NCC ભાવનગરથી C.O.સર સંસ્થાની મુલાકાતે આવી ગયા.

**સંસ્થાની મુલાકાતે આવેલા મહાનુભાવો :**

(૧) શ્રી રઘુભાઈ-અરુણાબહેન,શ્રી લાલજીભાઈ-નર્મદાબહેન, શ્રી યોગેશભાઈ, શ્રી ભીખાભાઈ વગેરે સંસ્થાની મુલાકાતે આવી ગયા અને રાત્રી રોકાણ કર્યું.

(૨) સરકારશ્રી દ્વારા આયોજિત 'ગુણોત્સવ' કાર્યક્રમ અંતર્ગત ક્લાસ-૨ ઓફિસર શ્રી બારૈયા સાહેબ શાળાનું ઈન્સ્પેકશન કરવા તા.૨૩ જાન્યુઆરીના રોજ આવી ગયા.

(૩) તા. ૨૪ જાન્યુઆરીના રોજ ભાવનગર જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના શ્રી સંજયભાઈ ડોડીયા અને શ્રી સાગરભાઈ પંડ્યા સંસ્થાની શુભેચ્છા મુલાકાતે આવી ગયા.

(૪) શ્રી વિશાલભાઈ ભાદાણી ધો.૧૦ અને ધો.૧૨ ના છાત્રોને પરીક્ષાનો ભય કેવી રીતે દૂર થાય તે માટે મોટીવેશન સ્પીચ આપવા માટે આવી ગયા. તેમને લોકભારતી યુનિ. તથા તેના અભ્યાસક્રમો વિષે વિગતે માહિતી આપી અને છાત્રોને મોટીવેટ કર્યા.

(૫) કસ્તુરબા સેવાશ્રમ-મરોલીના ટ્રસ્ટી (NRI) શ્રી શશીભાઈ પટેલ,શ્રી પલ્લવીબહેન, શ્રી લલિતાબહેન તથા શ્રી ભીખાભાઈ કોરાટ સંસ્થાદર્શને આવી સાયં પ્રાર્થનામાં જોડાયા.

(૬) તા.૨૭ જાન્યુઆરીના રોજ શ્રી મધુકરભાઈ પારેખ, શ્રી લવીના મેડમ, શ્રી પી. કે. શુક્લાજી વગેરે કૃષિ-બાગાયત કેન્દ્રની મુલાકાતે આવી ગયા. શ્રી મધુકરભાઈએ ખેડૂત સંમેલનને પણ સંબોધ્યું.

(૭) જાન્યુઆરી માસમાં સમન્વય ટ્રસ્ટ-સુરતના શ્રી જેરામભાઈ પટેલ, શ્રી મધુકરભાઈના કાકા શ્રી નટુભાઈ પારેખ, શ્રી રાજમભાઈ દેસાઈ, શ્રી મૌલિકભાઈ કોટક સંસ્થાની શુભેચ્છા મુલાકાતે આવી ગયા.

(૮) 'બેગલેસ ડે' અંતર્ગત ફુલસરની ગૌતમબુદ્ધ પ્રાથમિક શાળાના ધો.૮ ના ૬૫ બાળકો સંસ્થાની મુલાકાતે આવ્યા. બંને સ્કૂલના વિદ્યાર્થીઓની સભા યોજાઈ, એકબીજાની પ્રવૃત્તિનું આદાન-પ્રદાન થયું.

(૯) તા. ૨૫ ફેબ્રુઆરીના રોજ રાજસ્થાનથી શ્રી સોહનલાલ અને તેમના પત્ની શ્રી સુમિત્રાદેવીજી તથા પાલીતાણાથી શ્રી ઘનશ્યામભાઈ ચભાડિયા સંસ્થાની મુલાકાતે આવી પાણીના પરબ માટે ૧,૫૧,૧૦૦૦ નું દાન અર્પણ કર્યું. તેમજ વિદ્યાર્થી ભાઈઓ-બહેનોને કપડાનું વિતરણ કર્યું. તેમજ પરબનું ભૂમિપૂજન પણ તેમના વરદ્‌હસ્તે કરવામાં આવ્યું.

(૧૦) તા.૨૮ ફેબ્રુઆરીના રોજ તળાજાથી ઇન્ટ્રકટર સાહેબોએ આવીને ધો.૧૦ અને ધો.૧૨ ના વિદ્યાર્થીઓને કારકિર્દીનું

માર્ગદર્શન આપ્યું.

(૧૧) તા. ૪ અપ્રિલના રોજ ભાવનગર જિલ્લાના શિક્ષણાધિકારી શ્રી એન.જી.વ્યાસ સાહેબ સંસ્થાની શુભેચ્છા મુલાકાતે આવી ગયા.

(૧૨) તા.૨૩ અપ્રિલના રોજ ભાવનગરના ખ્યાતનામ ડૉકટર અને અહીના પૂર્વ વિદ્યાર્થી ડૉ. લાઠીયાસાહેબ તેમના પરિવાર સાથે સંસ્થાની મુલાકાતે આવી ગયા.

(૧૩) 'મોજીલું શિક્ષણ' અંતર્ગત ઉનાળુ વેકેશનમાં આજુબાજુના ગામડાંઓમાં ગ્રીષ્મ શિબિરનું આયોજન કરવામાં આવ્યું.

(૧૪) તા. ૫ જૂન 'વિશ્વપર્યાવરણ દિન' નિમિત્તે પીડીલાઇટ કંપનીના શ્રી પી.કે.શુક્લા તથા શ્રી અરુણ ઉપાધ્યાય સંસ્થાની મુલાકાતે આવી ગયા.

(૧૫) વેકેશનમાં ગૂજરાત વિદ્યાપીઠના કાર્યકર શ્રી અબ્દુલ્લાચાચા તથા વિસ્તરણ વિભાગના વડા શ્રી મનોજભાઈ પરમાર તેમના પરિવાર સાથે સંસ્થાદર્શને આવી ગયા.

(૧૬) લોકભારતી સણોસરાના કાર્યકરો શ્રી વિશાલભાઈ ભાદાણી, શ્રી રાજેન્દ્રભાઈ ચોટલિયા અને શ્રી નીતિનભાઈ સંસ્થા મુલાકાતે આવી ગયા.

(૧૭) તા. ૧૪ જુલાઈ ના રોજ પીડીલાઈટ મુંબઈના અધિકારીઓની ટીમ શ્રી લવીનાબહેનના નેતૃત્વ નીચે શુભેચ્છા મુલાકાતે આવી ગયા.

(૧૮) તારીખ ૧ જૂનના રોજ ભાવનગરના ઇન્ચાર્જ ડી.ઈ.ઓ. શ્રી સાગરભાઈ પંડ્યા તથા ઈ.આઈ. શ્રી ડોડીયાસાહેબ સંસ્થાની મુલાકાતે આવી ગયા.

(૧૯) તારીખ ૨૭ જૂનના રોજ શ્રી નલિનભાઈ પંડિત તથા ઉમાકાન્તભાઈ રાજ્યગુરૂ અને પૂર્વ વિદ્યાર્થી શ્રી હરજીભાઈ દૂધાત સંસ્થાની મુલાકાતે આવી ગયા.

(૨૦) ગુજરાત રાજ્યનો સાયકલ પ્રવાસ કરનાર શ્રી પ્રકાશભાઈ ડાભી ૨૬૦૦ કિ.મી. નો સાયકલ પ્રવાસ કરી સંસ્થાની મુલાકાતે આવી ગયા.

(૨૧) વેકેશન દરમિયાન FM ૯૫ રેડિયો અમદાવાદના શ્રી આર.જે.દેવાંગે સંસ્થાની મુલાકાત લીધી.

(૨૨) શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને નિવૃત્ત શિક્ષક શ્રી વિનુભાઈ તથા તેમના ધર્મપત્ની સંસ્થાની મુલાકાતે આવી ગયા.

**કૃષિ-બાગાયત વિકાસ કેન્દ્ર-મણાર :**

**વર્ષ ૨૦૨૪ ની ઉપલબ્ધિઓ**

**(૧) સુગંધિત તેલમાંથી મીણબત્તીનું ઉત્પાદન :-**

ગત દિવાળી તહેવાર પહેલા અલંગ-મહિલા મંડળ દ્વારા ૨ લાખ સુગંધિત મીણબત્તીનું ઉત્પાદન એક માસ દરમિયાન કરી ૨૨.૫ લાખની આવક મેળવી. આ સિદ્ધિ માટે અલંગ-મહિલા મંડળની બહેનોને 'લખપતિ દીદી સન્માન સમારોહ'કાર્યક્રમ અંતર્ગત એવોર્ડ પ્રાપ્ત થયેલ.

**(૨) સુગંધિત પાકોનું વાવેતર :-**

- વર્ષ ૨૦૨૪ દરમિયાન ૩૬ એકર વિસ્તારમાં સુગંધિત પાકોનું (લેમન ઘાસ, સીટ્રોનેલા ઘાસ અને પમારોઝા

ઘાસ) નું વાવેતર ખેડૂતોનાં ખેતર પર કરેલ.

**(૩) બીજ મસાલા પાકોનું વાવેતરઃ-**

- છેલ્લા ત્રણ વર્ષમાં કૃષિ-બાગાયત વિકાસ કેન્દ્ર અને રાષ્ટ્રીય બીજ મસાલા સંશોધન કેન્દ્ર,અજમેર (રાજસ્થાન) બંને સંસ્થાનું થયેલું છે. આ અંતર્ગત ચાલુ વર્ષ (૨૦૨૪/૨૫) દરમિયાન કુલ ૧૫૮ એકર વિસ્તારમાં બીજ મસાલા પાકો જેવા કે ધાણા,મેથી,વરીયાળી,જીરૂ, તેમજ અજમાનું વાવેતર થયેલ છે.
- ગત વર્ષે ૨૦૨૩/૨૪ દરમિયાન કુલ ૮૫ એકર વિસ્તારમાં વાવેતર થયેલ.
- વર્ષ ૨૦૨૩ દરમિયાન કુલ ૬૫ એકર વિસ્તારમાં બીજ મસાલા પાકોનું વાવેતર થયેલ.
- આમ, છેલ્લા ત્રણ વર્ષેથી કુલ ૩૦૮ એકર વિસ્તારમાં બીજ મસાલા પાકોનું વાવેતર થયેલ છે.

**(૪) કેસર કેરીના રસનું ઉત્પાદન :-**

- ગત વર્ષે ૨૦૨૪ દરમિયાન ૬,૫૦૦ કિલો કેરીનું પ્રોસેસીંગ કરી ૪,૯૦૦ કેનનું ઉત્પાદન કરેલ.

**(૫) બટન મશરૂમનું ઉત્પાદન :-**

- છેલ્લા ત્રણ વર્ષથી કૃષિ-બાગાયત વિકાસ કેન્દ્ર ખાતે ઓછા ખર્ચાથી તૈયાર કરેલ મશરૂમ યુનિટમાંથી શિયાળામાં મશરૂમનું ઉત્પાદન કરેલ છે.
- ચાલુ વર્ષે ૨૦૨૪/૨૫ દરમિયાન બટન મશરૂમનું ઉત્પાદ ૬૦ કિલો થયેલ. જે ભાવનગર અને અલંગ શાકભાજી માર્કેટમાં વેચાણ થયેલ.
- ગત બે વર્ષ દરમિયાન કુલ ૧,૫૦૦ કિલો ઉત્પાદન કરેલ અને તેનું પ્રોસેસીંગ કરી કેન તૈયાર કરેલ.

**(૬) કેસર કેરીનાં રોપા ઉછેર નર્સરી :-**

- ગત વર્ષે ૨૦૨૩/૨૪ દરમિયાન આપણી સંસ્થાની નર્સરીને સરકારની માન્યતા બાગાયત વિભાગ દ્વારા પ્રાપ્ત થયેલ છે.

**(૭) ખાદ્ય તેલ યુનિટ :-**

- અંબિકા મહિલા મંડળ દ્વારા ખાદ્ય તેલ યુનિટમાં મગફળીનું શુદ્ધ તેલ ૧૧,૫૦૦ લીટર ઉત્પાદન કરેલ અને તેમાંથી ૯,૫૦૦ લીટર તેલનું વેચાણ કર્યું. જેની આવક ૧૮ લાખ થયેલ.

**(૮) આર્ટ અને ક્રાફટ :-**

- ચાલુ વર્ષ દરમિયાન ગણેશ મહિલા મંડળ દ્વારા ૨૮૬ 'ટી-કોસ્ટર', ૨૦ 'નેકલેસ' બનાવી કુલ ૩૨,૦૦૦ રૂપિયાની આવક મેળવેલ.

(૯) રાખડી ઉત્પાદન એકમ :-

- રક્ષાબંધન તહેવાર દરમિયાન રાજ કલેક્શન મહિલા મંડળ દ્વારા કુલ ૫૦૦ રાખડી બનાવીને કુલ ૧૦,૦૦૦/- રૂપિયાની આવક મેળવેલ.

ડાયાભાઈ ડાંગર
આચાર્યશ્રી,
ગ્રામદક્ષિણામૂર્તિ, મણાર

## ૦૩ કથા આશા અને વિકાસની : અનોખા પ્રવાસ...

**બિંદું - પાર્થેશ**

---

**૧. પ્રવાસ માટે પ્રેરણા :**

એ..... એ...... ડોલ્ફિન! હોડીમાંથી ઝૂકીને દરિયાનું પાણી બોટલમાં ભરી રહેલી આશાના કાન ચમક્યા. તેણે ઊંચું જોયું. ખરેખર ડોલ્ફિન હતી. બેની જોડીમાં તે સાગર પર ચોક્કસ લય સાથે ડૂબકી મારતી વળી બહાર આવતી હતી. તેનું કાળું, મોટું અને રૂપાળું શરીર સૌના ચહેરા પર આશ્ચર્ય મિશ્રીત આનંદ ઉછાળી રહ્યું હતું. દરિયે આવી ત્યારથી આશા આ દરિયાને પોતાના બાળકો સુધી લઈ જવા મથી રહી હતી. તેણે નાના મોટા શંખલા છીપલાં વીણ્યાં હતાં. વિવિધ રંગ અને આકારના પથ્થર પણ ભેગા કર્યા હતા. ઘડીનો પણ આરામ કર્યા વગર તે દરિયા કિનારે સતત ફરતી હતી. દરિયાઈ જીવસૃષ્ટિને શક્ય એટલી આંખોમાં ઉતારવા મથતી હતી. દરિયો કેટલો ખારો હોય તે ચખાડવા તે એક બોટલ ભરવા હોડીમાંથી નીચે ઝુકી હતી. વિચારતી હતી કે દરિયાની ખારાશ તો બાળકો સુધી પહોંચાડશે પરંતુ દરિયાનું ઊંડાણ અને ક્ષિતિજ સુધી ફેલાયેલી સાગરની આ વિશાળતા બાળકો સુધી કેમ પહોંચાડશે?

શિયાળે સંતાન માટે સ્વેટર નહીં ખરીદી શકનાર ગરીબ વાલીઓ પાસે દરિયા સુધી આવવાના ને દરિયાઈ શિબિર કરવાના પૈસા કેવી રીતે માંગવા? ડોલ્ફિનને જોઈ ફરી પાછું તેનું મન બાળકોને દરિયે લાવવા લલચાયું. આશા જ્યારે પણ કોઈ બાબતે મુંજાતી ત્યારે પોતાની ચિંતા વિકાસ પાસે ઠાલવતી. વિકાસ હંમેશા કંઈક સર્જનાત્મક એવો ઉકેલ મેળવી આપતો. તેના દરેક ઉકેલની પ્રક્રિયાના પાયામાં કેળવણી તત્ત્વ ઠાંસી ઠાંસીને ભરેલું હોય. આવો પતિ મળવાથી તે પોતાની શાળાને એક અલગ જ ઓળખાણ આપી શકી હતી. વિકાસ નવા વિચારો આપે અને તેની શાળાના બાળકો અને શિક્ષકો તે વિચારને આકાર આપવામાં લાગી પડે. પરિણામે કંઈક નવું જ ઉત્પન્ન થાય, જે ઉત્કૃષ્ટ હોય.

બાળકોને દરિયો દેખાડવાની મહેચ્છા તેણે વિકાસ સામે વ્યક્ત કરી. વિકાસે કહ્યું, હા, થઈ શકે. તમે અહીંથી જઈને પ્રવાસની જાહેરાત કરો. અંદાજિત ખર્ચની રકમ જણાવો, બાળકોને કહો કે જેને દરિયે આવવું હોય તે લગભગ ૮૦૦ થી ૧૦૦૦ રૂપિયા ભેગા કરે. તે માટે તેઓ રજામાં મજૂરીએ જાય. મામા, માસી, ફઈબા હાથમાં પૈસા આપે તે વાપરે નહીં, જમા કરાવે.

**૨. આશાને આ ઉકેલ ગમી ગયો.:**

દરિયેથી આશા શાળાએ પરત આવી ત્યારે તેની આંખોમાં અનેરો ઉત્સાહ હતો. દરિયેથી લઈ આવેલી નવી નવી વસ્તુ બાળકોને બતાવવાની તેને ઉતાવળ હતી. દરિયાની કોઈ પણ વસ્તુ લેવાથી પર્યાવરણને હાની થાય. આ કારણે શિબિર સંચાલકો કોઈ પણ વસ્તુ લેવાની ના પાડતા. પરંતુ, સરકારી પ્રાથમિક શાળાના ગરીબ બાળકોને બતાવવા માટે થનગનતી આશાને દરિયાઈ સામગ્રી સાથે લઈ જવાની છૂટ મળી.

આશાએ દરિયાના એ અચરજો બાળકો સામે ખુલ્લા મૂક્યા. સાચા મોતીની છીપ, વિવિધ પ્રકારના શંખ, દરિયાઈ અશ્મિઓ વગેરે વગેરે. બાળકો કુતૂહલભરી આંખે બધું જોઈ રહ્યાં.

આશાએ સમુદ્ર ફૂલ કેવી રીતે શિકાર કરે, દરિયાઈ કાચબા કેવડા મોટા હોય, કરચલા કેવા પ્રકારના હોય, દરિયાઈ જીવો માટે શંખલાનું મહત્ત્વની વાત કરી. તેણે જોયેલ ડોલ્ફિન વિશે, જેલીફિશ વિશે દરિયાઈ સાપ અને સસલા

વિશે કંઈ કેટલીયે વાતો તેણે બાળકોને કરી. દરિયાનું ખારું પાણી સુકવી મીઠું પકવ્યું, દરિયાના પાણીને નિસ્યંદિત કરી વરસાદ કેમ ખારો નથી હોતો તે સમજાવ્યું. ને સાથોસાથ આ બધું જોવા માટે પ્રવાસની જાહેરાત કરી. બાળકો ખુશ ખુશ થઈ ગયા. રજાના દિવસે ખેતરોમાં કામે લાગી ગયા. કોઈ એક વેળા શાકભાજી ઉતારવા જાય. બાળકો કામ કરે ને સાંજે મળેલા પૈસા બાળકોની બેંકમાં જમા કરાવે. સાથે એક નાનકડી ડાયરી પણ રાખે. કોણ કેટલાં પૈસા જમા થયા તેની ગણતરી પણ કરવાની.

જે સંસ્થા દ્વારા આ શિબિર યોજાતી હતી તેને વિનંતી કરી કે આ બાળકો મજૂરી કરી પૈસા મેળવી રહ્યા છે માટે ફી ઓછી કરી આપો.તેમણે ઓછી કરી આપી. વિકાસે પ્રવાસમાં સાથે શહેરી બાળકોને જોડ્યા, જેથી બે પ્રકારની સંસ્કૃતિના બાળકો એકબીજાને જાણે અને સમજે. શાળાના જે બાળકો પાસે પૂરતા પૈસા એકત્ર ન થઈ શક્યા તે નિરાશ થઈ ગયા. વળી વિકાસે તેમને ઉકેલ આપ્યો. કહ્યું કે આપણે લોન આપીએ. જે બાળકો પૂરતા પૈસા ન કાઢી શકે તેના પૈસા અત્યારે આપણે કાઢીએ, પછી તેઓ થોડાં થોડાં કરીને ચૂકવી આપે. આ બાળકો કદી બસમાં નહિ બેઠેલા તો ટ્રેનની તો વાત જ ક્યાં કરવી? માટે ટ્રેનની મુસાફરી પસંદ કરી. કન્સેશન કઢાવવાથી તેઓને ટિકિટમાં પણ રાહત થઈ ગઈ.

લગભગ બધી તૈયારી થઈ ગઈ હતી.એક દિવસ શાળા પાછળના પ્રાર્થના વનમાં પ્રવાસમાં જનાર બાળકોને ભેગા કરવામાં આવ્યા. શિક્ષકોએ કહ્યું કે, આખા પ્રવાસની જવાબદારી તમારે સૌએ ઉપાડવાની છે. બાળકો સાથે ચર્ચા શરૂ કરી. પ્રવાસ દરમિયાન કેવી કેવી વ્યવસ્થા કરવી પડશે? કોઈ બોલ્યું, 'બેન પ્રવાસમાં આપણે ટિકિટ લેવી પડે' તો કોઈએ કહ્યું, 'હે બેન, ત્યાં જમવાનું મધ્યાહ્ન ભોજન જેવુ હોય તો પીરસવું પણ પડે ને!' કોઈએ કહ્યું કે, 'બેન હું બસમાં બેસું તો મને ઊલટી થાય છે.' આમ પ્રવાસમાં શું શું થઈ શકે તેના આધારે કામના પ્રકાર નક્કી કર્યા. જે આ પ્રમાણે હતા.

૧. જેવી કે બસમાં ચડતી ઊતરતી વખતે સંખ્યા ગણવી. આ કામ વ્યક્તિમંત્રી કરશે.

૨. જમવા ક્યાં બેસવું વગેરે વ્યવસ્થા કરવી, રહેવાની જગ્યા ફાળવવી તે વ્યવસ્થામંત્રી કરશે.

૩. કોઈનો સામાન ન છૂટી જાય તે જોવું, એટલે એક સામાનમંત્રી પણ જરૂર પડશે.

૪. રસ્તામાં કોઈને ઊલટી થાય, કોઈ માંદુ પડે, વાગી જાય તો તેના માટે આરોગ્ય પેટી સંભાળવાની જવાબદારી માટે આરોગ્યમંત્રીની જરૂર પણ જણાય.

૫. જમીએ કે ખરીદી કરીએ તો પૈસાની જરૂર પડે. તો એ સંભાળવાની વ્યવસ્થા સાંભળવા નાણામંત્રી.

આ બધી જવાબદારી તમારે સૌએ ઉપાડવાની છે. બોલો કોણ કંઈ જવાબદારી લેશે? નાનકો બચું નાણામંત્રી બન્યો. મોતીમાનો સંજય આરોગ્યમંત્રી બન્યો, એક શહેરી અને એક ગામડાનો એમ બે વ્યવસ્થામંત્રી બન્યા, બે ભોજનમંત્રી, સામાનમંત્રી બન્યા. બધી જ જવાબદારી બાળકો ઉપાડવાના હતા તેથી શિક્ષકોએ પણ પ્રવાસ ફી ભરી ! આડોશ પાડોશમાંથી સામાન ભરવા થેલા માંગ્યા, સારી બે જોડી કપડાં માંડ માંડ રાખનારા આ બાળકોએ તેનાથી એક બે વર્ષ મોટાંના કપડાં માંગ્યા. વાલીની લેખિતમાં મંજૂરી લેવાઈ ગઈ, પણ ઉપરથી દરિયે જવાની મંજૂરી ન મળી. કારણ? એ દિવસોમાં રાજ્યના કોઈ જિલ્લામાંથી પ્રવાસે ગયેલ એકાદ શાળાના વિદ્યાર્થીનું મૃત્યુ થયેલું. તેથી આખા રાજ્યમાં લાંબા પ્રવાસની મંજૂરી બંધ કરી હતી. મામલતદારે કહ્યું, દરિયો તેના વાલી બતાવશે તમારે બતાવવાની જરૂર નથી.

તો શું પ્રવાસ બંધ રહેશે? આચાર્યએ આશાને નિરાશ સ્વરે પૂછ્યું.

(ક્રમશઃ)

મો.૯૪૨૮૦૦૦૫૪૧

## ૦૪ રણમાં ખીલ્યું ગુલાબ

**ડૉ. શરદ ઠાકર**

---

જિસ્મ છૂને સે મહોબ્બત નહીં હોતી, ઈશ્ક વો જઝબા હૈ, જિસે ઈમાન કહેતે હૈ

સિત્તેરના દાયકાનો ઉત્તરાર્ધ અને એંશીના દાયકાનો પૂર્વાર્ધ. બે દશકના સંધિકાળ સમયે ગુજરાતના કેટલાક ભાવનાશીલ યુવાનોએ નક્કી કર્યું, 'ચાલો, આપણે ગુજરાતના મુખ્યમંત્રીશ્રીની અપીલને માન આપીને આસામના દુષ્કાળપીડિત લોકોની મદદે પહોંચી જઈએ.' આસામમાં ભયંકર દુષ્કાળ પડ્યો હતો. દેશભરમાંથી સહાયતા પહોંચી રહી હતી. ગુજરાત આવી પવિત્ર સેવાના કાર્યમાં પાછળ શાનું રહે? અને અપીલ કરનારા મુખ્યમંત્રી પણ કોણ હતા? શ્રી બાબુભાઈ જશભાઈ પટેલ. તેઓ એક એવા કેપ્ટન હતા જે સ્વયં સેવા અને સાદગીની મેચમાં સેન્ચુરી ફટકારીને પછી જ પોતાના ખેલાડીઓને સારું રમવાની પ્રેરણા આપતા હતા. આને જ 'લીડિંગ ફ્રોમ ધી ફ્રંટ' કહે છે.

જે આદર્શવાદી યુવાનોની ટુકડીએ આસામ જવાનું વિચાર્યું તેમાં એક યુવક હતાઃ હરીશ ભટ્ટ

હરીશ ભટ્ટ હણહણતા તોખાર જેવા ગતિશીલ, ઊર્જાવાન અને સ્વપ્નસેવી યુવાન. કોઈપણ કાળખંડમાં તમે એમને 'ટોપ ટેન' જુવાનોમાં સ્થાન આપી શકો. વસ્ત્રોમાં સાદગી. વિચારોમાં ગાંધી, ચાલવામાં વિનોબાજી અને ગરીબોની સેવામાં રવિશંકર મહારાજ. હરીશ ભટ્ટ એગ્રિકલ્ચર યુનિવર્સિટીના વિદ્યાર્થી. ભણવાનું પૂરું થવાની તૈયારીમાં જ હતું. છેલ્લી પરીક્ષા પસાર કરી દે એટલે તરત જ નોકરી મળી જાય તેમ હતી. પછી આખી જિંદગી પાકથી લહેરાતા લીલાછમ્મ ખેતર જેવી બની જવાની હતી. પણ કેટલાક બડભાગી માણસોની જિંદગીમાં અચાનક કોઈક ક્ષણ જીવન-પરિવર્તક બની જતી હોય છે. હરીશ ભટ્ટ ટનબંધ ખાદ્યસામગ્રી, કપડાં, દવાઓ વગેરે લઈને સરકારી ખર્ચે ગૌહતી પહોંચી ગયા. ત્યાંથી પછી જંગલોના આદિવાસી વિસ્તારોમાં ચાલતા રાહતકાર્યમાં જોડાઈ ગયા.

આસામ એ આપણા દેશનો અલ્પ-ચર્ચિત પરંતુ એક અતિ રમણીય ભૂભાગ છે. ત્યાંના ગાઢ જંગલો, ત્યાંના નદી-તળાવો, કાળા પહાડો જેવા હાથીઓનાં ઝૂંડો, ત્યાંનું બિહુ નૃત્ય, કામરુ દેશની દંતકથાઓમાં વાંચેલી અને કલ્પેલી ત્યાંની સુંદરીઓ, અસમિયા ગીત-સંગીત, લોકગીતો આ બધું એવું તો અદ્દભૂત અને અવર્ણનીય દિમાગ પર નશીલું ઘેન સવાર થઈ જાય. ભૂપેન હઝારિકા જેવા ઘેઘૂર કંઠના માલિક જો જન્મે તો આસામમાં જ જન્મે !

હરેશ ભટ્ટને આસામ ગમી ગયું. ત્યાંના લોકો ગમી ગયા. ત્યાંની નિર્સગદેવી ગમી ગઈ. પણ એ સમયે દારુણ ગરીબીમાં જીવતી આદિવાસી પ્રજાની હાલત જોઈને એના મનમાં વિચાર આવ્યો, 'દુષ્કાળનું વર્ષ તો હમણાં પસાર થઈ જશે, પણ પછી શું? આ અભણ, ગરીબ આદિવાસી સ્ત્રી-પુરુષોના ધંધા-રોજગારનું શું? એમનાં બાળકોના ઊંચા મૃત્યુદરનું શું? આ સ્ત્રીઓની આત્મનિર્ભરતાનું શું? આરોગ્ય, શિક્ષણ અને સ્વચ્છતાનું શું?'

આ બધા પ્રશ્નોનો ઉત્તર એક જ મળ્યો. અને એ ઉત્તર કોઈ શૈક્ષણિક કિતાબમાંથી નહીં, પણ ગાંધીજી, વિનોબા અને રવિશંકર મહારાજ જેવી જિંદગીની ઓપન યુનિવર્સિટીમાંથી જડ્યોઃ 'જો આ પ્રજાનો ઉદ્ધાર કરવો હોય તો પલાંઠી વાળીને અહીં જ બેસી જા ! અને દ્વારકા કરી લે!' અને હરીશ ભટ્ટ બેસી ગયા. એ દિવસો બોડો આંદોલનની ધગધગતી આગના પણ દિવસો હતા. એની પાછળ સામાજિક, રાજકીય અને આર્થિક કારણો હતાં, પરંતુ હરીશ ભટ્ટને એ કારણો સાથે કશી જ લેવા-દેવા ન હતી. એમની નિસ્બત તો બોડો આંદોલનકારીઓ દ્વારા આચરવામાં આવતી હિંસા સાથે હતી. ગુજરાતના ગાંધીનો એક અનુયાયી પૂર્વ ભારતના હિંસાવાદીઓ સામે ટકરાવાનો હતો.

રાહતકામ માટે ગયેલા બીજા યુવાનો રાહતકામ પૂરું થયા પછી ગુજરાતમાં પરત આવી ગયા અને એમના અભ્યાસમાં ડૂબી ગયા. હરીશ ભટ્ટ એકલા પડી ગયા. સારું કામ શરૂ કરનાર ક્યારેય એકલો રહેતો નથી.આસામની જ એક યુવતીને આ ગુજરાતી યુવાનમાં રસ પડ્યો. એનું નામ મિનાલી બાસુમાતરી. એણે એકવાર પૂછી લીધું, 'તું કેમ અહીં રહી પડ્યો છે? તારે ગુજરાતમાં પાછા નથી જવું? અહીંનો દુષ્કાળ તો પૂરો થવા આવ્યો.'

'દુષ્કાળ તો પૂરો થશે, મિનાલી, પણ અહીંની ગરીબી ક્યારે દૂર થશે? મારે આસામની બહેનોને શિક્ષણ આપવું છે. એમને બુનિયાદી તાલીમ આપવી છે, એમનાં માટે રોજગારની તકો શોધવી છે, જે સમાજની સ્ત્રીઓ આર્થિક રીતે પગભર નહીં હોય તે સમાજ....' હરીશ ભટ્ટ બોલતાં બોલતાં અટકી ગયા; એમણે નોંધ્યું કે સામે ઊભેલી એક અસમિયા સુંદરી કશાક અગમ્ય ભાવથી પોતાને તાકી રહી હતી.

'શું વિચારે છે, મિનાલી?' હરીશે પૂછ્યું. 'ગુજરાતી અદરખ અને અસમિયા ચાય- પત્તીનું સંમિશ્રણ તને ગમશે?' મિનાલી આટલું પૂછતામાં તો લજ્જાની મારી કોકડું વળી ગઈ.

હરીશે આટલું જ પૂછ્યું, 'તને ખબર છે ને કે હું તને કોઈ પણ જાતની ભૌતિક સુખ-સમૃદ્ધિ આપી નહીં શકું? સ્વૈચ્છિક ગરીબી અને સ્વાભાવિક સાદગી એ આપણા જીવનભરના સાથીદારો હશે.'

'હા, મને ખબર છે. એ જોઈને તો હું તારા પ્રત્યે આકર્ષાઈ છું. તારે કોઈને પૂછવાનું  હોય તો ...'

બીજા દિવસે જ બંને પરણી ગયાં. બે હૃદયોના મિલન માટે ઈશ્વર સિવાય બીજા કોઈની સંમતિ આવશ્યક ન હતી અને જંગલી વૃક્ષોના મંડપ સિવાય બીજા કોઈ માંડવાની જરૂર ન હતી.

ધીમે ધીમે પ્રવૃત્તિ વિકાસ પામતી ગઈ. વૃક્ષોનાં લાકડાં કાપીને બનાવેલાં ઝૂપડાં, ખળખળ વહેતી નદીઓનાં પાણી, જંગલી ફળો, બગીચાની ચા- પત્તી અને સાદું આસામી ભોજન. પૂરો સમય આદિવાસી સ્ત્રીઓ માટે વપરાવા લાગ્યો.

ક્યારેક વળી કોઈ દાતા એમનું કામ જોઈને પ્રસન્ન થાય તો આસામમાં પાકતા ચોખા પણ આપી જાય. જેણે એ ખાધા છે તેઓનું માનવું છે કે આપણે જે મોંઘામાં મોંઘા બાસમતી ચોખા ખાઈએ છીએ તેના કરતાં આ અસમિયા ચોખા દસ-વીસ ગણાં વધારે સ્વાદિષ્ટ હોય છે. એ જયારે ભાત બનવા માટે ચૂલા પર ચડે છે ત્યારે શબ્દશઃ એની સુંગધ ત્રણસો મીટર સુધી ફેલાતી હોય છે.

બોડો આંદોલનકારીઓને આ પતિ-પત્ની આંખમાં કાંટો બનીને ચૂભવા લાગ્યાં. જો આ 'મોહન અને કસ્તુરબા' સફળ જાય તો પછી આ વિસ્તારમાંથી પોતાની મોનોપોલી ઓસરી જાય. એમના કાને પૂરી વાત તો નહોતી આવી, માત્ર એટલી જાણકારી મળી હતી કે, 'હરીશ નામનો એક ગુજરાતી જંગલમાં રહીને આદિવાસીઓને સુધારી રહ્યો છે.'

એક રાત્રે એમણે આક્રમણ કર્યું. હમણાં જ કામથી પરવારીને હરીશ-મિનાલી ભોજન માટે બેસવાની તૈયારીમાં હતાં. મિનાલી ફાનસ પેટાવતી હતી. ત્યાં જ હોકારા-પડકારા સાથે સાત-આઠ ત્રાસવાદીઓ ધસી આવ્યા. ચોપર, કુહાડી, તલવાર અને કડિયાળી લાઠીઓ સાથે બધા ઝૂંપડીમાં ઘૂસી આવ્યા. સરદારના હાથમાં રિવોલ્વર હતી. એણે રિવોલ્વરનું નાળચું હરીશના લમણા પર મૂકીને ગર્જના કરી, 'તૂ હી હૈ ના વો ગુજરાતી?' હરીશે હા પાડી. પેલાએ ટ્રિગર દબાવવા માટે આંગળી ...! પણ ત્યારે જ દસ-બાર ફીટ દૂરથી મિનાલીએ હાથમાં પકડેલું ફાનસ વિંઝ્યું. નિશાન અચૂક હતું. સરદારનો જમણો હાથ ઘાયલ. રિવોલ્વર દૂર ફેંકાઈ ગઈ. ઝૂંપડીમાં અંધારું છવાઇ ગયું. બહારથી આવતા ચંદ્રમાના આછા રૂપેરી ઉજાસમાં બોડો સરદારે પૂછ્યું, 'તુમ કૌન?'

'મેં મિનાલી બાસુમાતરી. યે ગુજરાતી કી જોરુ.' મિનાલીનો દેહ પણછ ખેંચાયેલા બાણ જેવો લાગતો હતો.

સરદાર સમજી ગયો, 'તબ તો તુમ ભી બોડો હો. તભી તો ઈતના સહી નિશાના લગા સકતી હો. મિનાલી, તુમ

હમારી જાતિકી. હમારી બહન. બાહર ચલી જા. યે ગુજરાતી કો હમ...'

'નહીં,' મિનાલી વાઘણની જેમ ત્રાડ પાડી ઊઠી, 'યે મેરા પતિ હૈ. તુમ્હારા જીજા હુવા, તુમ અપની બહન કો વિધવા બનાઓગે?'

કંઈક મિનાલીની વીરતાભરી મુદ્રા જોઈને તો કંઈક એનો ઉપાલંભ સાંભળીને ત્રાસવાદીઓ શરમાયા. માફી માંગીને ચાલ્યા ગયા.

એ પછી ક્યારેય કોઈએ આ પતિ-પત્નીને હેરાન કર્યાં નથી. આજે સાડા ત્રણ દાયકાથી વધારે સમયની તપસ્યા પછી ગૌહતીથી આશરે અઢીસો કિ.મી. દૂર ગોહપુર વિસ્તારમાં 'કોકિલા વિકાસ આશ્રમ' નામની એક સુંદર સંસ્થા ઊભી છે. અતિ સુંદર પ્રવૃત્તિ ચાલે છે. સુખી લોકો યથાશક્તિ ધન આપી જાય છે. પણ હરીશ ભટ્ટ અને મિનાલીનો હાથ હંમેશાં ભીડમાં રહે છે.

અફસોસ એ વાતનો છે કે ગુજરાતથી હજારો કિ.મી. દૂર રહીને આસામના જોખમી પ્રદેશમાં સેવાનું ફૂલ ઉગાડી બતાવનાર આ 'ગુજરાતી' વિષે ગુજરાતના લોકોને જ કશી જાણ નથી. તાજેતરમાં મારી પોરબંદરની મુલાકાત વખતે હરીશભાઈ અને મિનાલીદેવીનો એકમાત્ર પુત્ર વરુણ મળી ગયો. ફરાટેદાર અંગ્રેજી બોલતો વરુણ ભારતની બીજી આઠ ભાષાઓ બોલી જાણે છે. વાત-વાતમાં એનું દર્દ છલકાઈ ગયું, 'સર, મને એક વાતનું દુઃખ છે અને એક વાતની ચિંતા. દર્દ એ વાતનું છે કે નાનાં-નાનાં કામ કરીને મોટી- મોટી પ્રસિદ્ધિ મેળવી જનારાઓની ભીડમાં મારા બાબુજી અને મારી માની કશી જ કદર કોઈ કેમ નથી કરતું? અને ચિંતા એ વાતની કે હવે વૃદ્ધ થવા આવેલાં એ બંનેને જો કંઈ બીમારી થશે તો સારવારના પૈસા ક્યાંથી કાઢશે? એમણે તો જીવનભર પગાર પેટે એક રૂપિયો પણ લીધો નથી.'

(સત્ય ઘટના)

'અધ્યયન વિના કોઈ જમાત ઊંડું કામ નહીં કરી શકે'

આ વાક્ય વિનોબા ભાવેનું છે.

'ગાંધીજીના જમાનાથી મારી એવી ફરિયાદ રહી છે કે આપણા સેવકો જેઓ ઉત્તમ કામમાં લાગેલા છે, તેઓ વિચારોનું અધ્યયન ઓછું કરે છે. મતલબ કે તેઓ એવા જ ખ્યાલમાં રહેતા કે પોતે ગાંધીજીને આખા ને આખા પી લીધા છે, હવે કશું વાંચવાની એમને જરૂર નથી. આપણે બરાબર સમજી લેવું જોઈએ કે અધ્યયન વિના સર્વોદય આંદોલન આગળ જ નહીં વધી શકે. ગાંધીજીના પુસ્તકો ગાંધીના લોકો બરાબર નથી વાંચતા.

માત્ર આપણા વિચારો પૂરતું જ સીમિત રહેવાનું નથી, અનેક વિષયોનું અધ્યયન કરવાનું છે. નહીં તો ગાંધીવાળા ગાંધી-વિચાર સિવાય કોઈનું અધ્યયન કરશે નહીં.

આમાં થોડી મહેનત પણ કરવી પડશે, મગજને થોડુંક કસવુંય પડશે. થોડી તકલીફ પડે તો ભલે પડે. શંકરાચાર્ય એક નાનકડાં શ્લોકમાં અધ્યયન-મનનનું ગણિત બતાવે છે. જેટલું અધ્યયન કરવાનું છે, તેનાથી સો ગણું મનન કરવું જોઈએ અને મનનથી લાખ ગણું નિદિધ્યાસન કરવું જોઈએ !

તુલસીદાસ, કબીર, જ્ઞાનદેવ આટલાં વરસે હજી આજેય કોના આધારે જીવિત છે?

સારાંશ કે, જેમ અન્ન વિના શરીર નથી ટકતું, તેમ જ્ઞાન વિના આત્મા પુષ્ટ થતો નથી. એટલા વાસ્તે દરરોજ જ્ઞાન મેળવતા રહેવાની યોજના હોવી જોઈએ.'

***ટપાલી- વિશાલ ભાદાણી***

***સંદર્ભઃ વિનોબા ચિંતન પ્રસાદ. સં. રમેશ સંઘવી,***

## ૦૫ આજનું કામ 'આ જે જ !' નહીં ....કે.... 'આવતી કાલ'

**હીરજી ભીંગરાડિયા**

'ટાણા' ની કિંમત થાય 'ટાણે'! 'ટાણા'નું 'કટાણું' થઈ જાય એટલે એનું મૂલ કોડીનું. વિવાહમાં મગાવેલી વસ્તુ વરસીમાં કામ ન લાગે ! ''સ્વાતિ'' નક્ષત્રે વર્ષાનું બુંદ યોગ્ય મુહૂર્તમાં કાલુ માછલીના ખુલ્લા મોંમાં પડે તો તેનું અણમોલ મોતી પાકે છે. કવિ ગંગ કહે છે, ''સૂણ શાહ અકબર ! જયમ વક્ત ગયો ફિર, પ્રાણ ન આવે''. પ્રાણ ગયા પછી પાછો ન આવે તેમ ગયેલ સમય પાછો મળતો નથી.

મારી જ વાત કરું. વાવણીના દિવસો હતા.વરસાદ માંદો માંદો વરસ્યો હતો. છતાં ચાસમાં તો ૫-૬ આંગળ 'તરેહ' બેસી ગયેલો જોઈ-ખેડૂતનો જીવ છુંને ! દંતાળના દાંતાને કુંડલીઓ ચડાવી, બીજ વધુ પડતાં ઊંડાં ન જાય તે રીતે, ઉપરની જમીન વાહરે વાહરે ત્યાં બપોર-રોંઢે પૂરો પ્લોટ વાવી દઈ, મગફળીનો આગોતરો ઉછેર કરી વાળવાના મનસૂબા સાથે ''હાલો મારા બાપલા ! હાલો મારા ધોરીડા !'' ભેરુબંધો સાથે વાવણીમાં વ્યસ્ત હતો. ત્રણેક કલાકમાં અર્ધાઉપરાંતનું કામ પતવા આવ્યું ત્યાં આવ્યો એક ખેપિયો ! ''હાલો ચોરે ફોજદાર સાહેબ આવ્યાછે એટલે તમને બોલાવે છે.''કહો જોઈએ ભારે કરીને ! ઓચિંતાની આ આફતની વીજળી ક્યાંથી ત્રાટકી ? હું હતો તે દિવસોમાં ચોસલા ગામનો સરપંચ. રાત્રે ગામમાં ભાંડ અને બાવાજી અંદરોઅંદર ઝઘડી પડતાં મારામારીએ આવી જઈ એકબીજાને વગાડેલું. ફરિયાદ-ફાટા થતાં તાલુકેથી પી.એસ.આઇ.તપાસ અર્થે આવેલા.ન જાઉં તો ફરજ ચૂક્યો ગણાઉં, અને જાઉં એટલે વાવણી મારી રખડી પડે એનું શું ? વાડીએ બીજા જણ તો હતા ૫-૬, પણ વાવતા કોઈને ફાવતું નહોતું. કઇકરવી ? પંચાતિયાનાં છોકરાં ભૂખેમરે તે આનું નામ ! ''ચાલો ! સાંજના વાવી દઈશું'' કહી વાવણિયો છોડી હું ઝઘડાની પતાવટમાં પડ્યો.

પાંચેક વાગ્યે પી.એસ.આઇ.ને વળાવી, વાડીએ પહોંચી ઝટ ઝટ ફરી વાવણિયો જોડ્યો. રાશેક વા વાવ્યું, પણ જમીન સાવ કરકરભૂકો થઈ ગયેલી જણાઈ. વરસાદ ઓછો હતો અને ઉપરથી પાછો તાપ શરૂ હતો, નીચેની ધરતી કોરી હતી એટલે 'વરાપ' વહી ગઇ હતી. આવા બાકસિયા ભીનામાં કંઈ મગફળી જેવું મોંધું બી થોડું વવાય ? વાવણી બંધ રાખવી પડી. પછી તો ૨૦-૨૨ દિવસે વાવણીજોગ વરસાદ થયો ત્યારે બાકીની મગફળી વાવી શકાઈ. આગતર-પાછતર વાવેતરમાં સો-છ નો ફેર પડી ગયો. વાવણી વચ્ચે ભાંડ-બાવાના કૂદેલા કજિયાથી ઉત્પાદન-ઘટની કારમી થપાટનો ભોગ હું બન્યો.

એટલે ખેડૂતોમાં કહેવત છે કે ''વાવણી અને ઘી તાવણી'' બન્ને એવાં ! તાવણીમાં ચૂક થાય તો ઘીનો આખો ઘાણ બગડે અને વાવણીમાં ચૂક થાય એટલે ખેડૂતનું આખું વરસ બગડી જાય !

''આજનું કામ'' ''આવતી કાલ'' પર છોડવું એ બીજા ધંધાર્થીઓને જરા ઓછું નુકશાનકર્તા હશે, પણ જો ખેતીમાં એવી રસમ અપનાવાય તો 'હલાવ્યા વાંકે દાજી ગયા' જેવું થાય ! 'આજ' અને 'કાલ' વચ્ચે ફેર છે માત્ર ૨૪ કલાકનો જ. પણ 'આજ' એ આજ છે અને 'આવતીકાલ'એ પરિસ્થિતિ બદલીને હાજર થનારો વણ-ઓળખાયેલો સમય છે. મને થયેલા વાવણીના કડવા અનુભવની જેમ જે તે વખતના કામ અને સમય-સંજોગ જાણી લેવા આપણા માટે અગત્યની વસ્તુ તે વિવેકની પરખ છે.

સમયનું બંધન —કોને કેટલું ? ખેતી એ કંઈ એક દિવસ કે બેચાર મહિનામાં પૂરો થઈ જતો વ્યવસાય નથી. એટલે તેમાં જમીનની તૈયારીથી માંડી ખાતર-પૂરણી,પાકની વાવણી,પારવણી,નીંદણી,વારંવારનાં સાંતીકામ,પિયત તથા સંરક્ષણના

કાર્યો અને ખળા-ખળવટ પત્યે બજારમાં વેચાણ સુધીનાં કામોનો પાર હોતો નથી.પરંતુ કામે કામે ફેર હોય છે. તેને કેવે વખતે કરવાં કે પાર પાડવાં, તેની તીવ્રતા-અગ્રિમતાની દ્રષ્ટિએ ત્રણ પ્રકારે વહેંચી શકાય.

(૧) **લાંબા ગાળે, નિરાંતે, નવરાશ શોધી કરવાના કામો :** જે કામ કરવાની હાલદમ કોઈ જરૂરિયાત ન હોય, તેના વિના અટક્યું ન હોય, પણ ખેતી વિકાસની દૃષ્ટિએ આવાં કામો થતાં રહે તો આવતા દિવસોમાં ખેતીપાકોને વધુ અનુકૂળતા આપી શકાય, વાડી વધુ ફળદ્રુપ બને, રળિયામણી અને રળતી થઈ શકે તેવાં કામો-દા.ત. જમીન લેવલ કરવી,નવો કૂવો ગાળવો,કંટુર બર્ડિંગ કરવું, ખેતતળાવડી બનાવવી, પડામાં રેતી કે ટાશ-કાંપ પૂરવા,રસ્તો વ્યવસ્થિત કરવો, ફેન્સીંગ કરવું વગેરે.

(૨) **સામાન્ય રોજિંદા કામો :** જે કામો કર્યા વિના ચાલવાનું તો નથી જ.પણ તે બે-ચાર દિવસ આગળ પાછળ થાય તો તેનો બહુ વાંધો ન હોય.આપણી અગવડ-સગવડના કારણે થોડા વખતનો ફેરફાર કરી લઈએ તો ઉત્પાદન પર તેની સીધી અસર પડતી નથી.દા.ત. ચાસે ખાતર ભરવું- જે હવામાં ભેજ દાખલ થાય એટલે કે 'દિ ગરભાય ત્યાર પછી શરૂ કરી, પંદરેક દિવસમાં પૂરું કરી દેવાય. પણ તેમાં બે દિવસ વહેલું-મોડું થાય તો ખાસ વાંધો આવતો નથી. એવું જ શિયાળે-ઉનાળે ટ્રેક્ટર કે હળની ખેડ કરવી,કળિયું કાઢવું, નિંદામણ કરવું,ગોડ કરવો,બળદ ધમારવા, વાડ સોરીને સરખી કરવી વગેરે.

(૩) **તરત કરવાં પડે તેવાં આકસ્મિક કામો :** ખેતી એ તો અવિરતપણે સેંકડો પ્રકારનાં કરવા પડતાં કામોવાળો વ્યવસાય છે.તેવાં કામો કરતી વખતે અણધાર્યાં નીકળી પડતાં નાનાં-મોટાં કામો ઉપરાંત,ગંભીર પ્રકારના અણધાર્યા અકસ્માતો સાવચેતી રાખ્યા છતાં પણ બન્યા જ કરતા હોય છે. જેમકે પાણીની મોટર ચાલુ કરવા જતાં, ફ્યુઝ બાંધતાં કે સ્ટાર્ટરના છેડા જોડવા જતાં કોઇને શોક લાગી જાય, બળદને નીરણ કે પાણી આપવા જતાં ઓચિંતા બળદે પાટુ-માથું મારી વગાડી દીધું હોય, ભરોટું ભરી બંધ ખેંચતાં ભારાબંધ તૂટી જાય અને બંધનો ગરેડો ખેંચવાવાળાને કપાળે જોરથી ભટકાઈને તમ્મર ચડાવી દે કે લોહીની ઉલ્ટી કરાવી દે, અરે ! અહૂર-સવાર પાણી વાળતાં, નીરણ વાઢતાં, ઓરડી કે ઓઘામાં કંઇ લેવા-મૂકવા જતાં ઓચિંતાનું જીવડું અડી જાય તો સાતે કામ પડતાં મૂકી, સૌ પ્રથમ દવાખાનાભેગો કરી,તેને સારવાર આપી જિંદગી બચાવવામાં લાગવું પડે.કૂવામાં ચઢ-ઉતર કરતાં દોરડું તૂટે તો પાણીમાં પડી ગયેલને તરત બહાર કાઢી લેવો પડે.એ વખતે એક સેકન્ડનો સમય એક વરસ જેટલો કિંમતી ગણાય અરે, વજનદાર માલ ભરી ગાડું ઘરભણી આવતું હોય અને ઢોળાવમાં એક બળદના જોતરની ડોય તૂટી પડે અને ગાડું પાછળ ઉલળી પડે એટલે બીજા બળદને તો ગળાટુંપો આવી જાય, ત્યારે ગાડું સવળું કરવા માણસોની શોધ શરૂ કરાય કે પહેલાં સૂડી-ચપ્પુ શોધી ગળેટુંપો આવતા બળદના જોતરની ડોય કપાય ?

ચોમાસાના દિવસો હોય, આડે વગડે લીલોતરી છાઈ હોય, ઘડીકનો ગાળો મળતાં આપણે આપણા ગાયો, બળદો, ભેંશો છૂટા ચરવા છોડ્યા હોય અને એમાં "માંડ છૂટા થયા"ના હરખમાં ખુશીના માર્યા મસ્તી કરતાં એકબીજી ભેંશોનાં શિંગડાં અંદરોઅંદર અટવાઇ ગયેલા ભાળી જઈએ એટલે શું ? તેને બે જણાને બોલાવી શિંગડાંની આંટી કાઢવાની મહેનત ત્યારેનેત્યારે લઈશું કે એકાદીનું શિંગડું ભાંગી-ખેંચાઇ જઇ જાનવરને લોહીલુહાણ થઈ જવા દેશું?

ખરા ટાણે લેવાએલ ઉપાય ત્રાટકેલી નુકશાનીમાંથી બચાવે. નુકશાની સીમિત કરે. અવસર ચૂક્યા મેહુલા પણ નકામા ગણાતા હોય તો મોડો પડેલો ઉપાય શા કામનો ?

થોડુંક થઈ શકે = હા, બેચાર કલાક કામનું આઘુપાછું કરી શકાય તેવો મેળ જરૂર ઉતારી શકાય. પણ તે માટે તેનાં વિવેક, ભાન આપણામાં હોવાં ઘટે.દા.ત. છોડવા પાણી વાંકે મુરજાતા ભળાય, ઊભા મોલમાં જીવાતનો ઉપદ્રવ ભળાય, મોલાતમાં આંતરખેડ માટેની વરાપ થયેલી ભળાય તો આમાં બેચાર કલાક આઘા-પાછા ઉપાયો શરૂ કરીએ તો ખાસ વાંધો

નહીં પણ ત્યાં 'કાલ કરશું, પરમ 'દિ વાત' એવું ન ચાલે !

ઓચિંતાની શેઢાપર લાગેલી આગને ભાળી જઈએ અને તેને ઠારવા કે આગળ વધતી અટકાવવાના પ્રયત્નો તરતમાં ન આરંભી દઈએ તો કેમ ચાલે ? આવી વેળાએ બીજું કશું વિચારવામાં પણ વખત ગુમાવવાનો પાલવે નહીં, ત્યાં ઘડીક પછીની કે રોંઢો કરીને જવાની વાત તો ગાંડો માણહ પણ ન કરે ખરું ને ?

વરસાદ એનો એ, પણ અષાઢ બેસતાં ધરવથી વરસે તો રૂપાળી વાવણી કરાવે, નવી ચેતના પ્રગટાવે. શ્રાવણ-ભાદરવામાં એની મેહુલા-ધારે સોનું વરસે. પણ કારતક-માગશરમાં ધોધમાર વરસી પડે તો ? તો ખેતરોમાં પડેલા મગફળીના પાથરા અને ચારો-નીરણ પલાળી પાયમાલી લાવે ! કપાસ તરડ્યો હોય તેમાંથી હાથમાં કેટલોક આવે ? રળેલું બધું જાય પાણીમાં. એમ ખેતીમાં બનતાં જે આકસ્મિક પ્રસંગો છે તેમાં જો સમયસર ઉપાયો ન લેવાય તો એ ઉપાય ભલે હોય વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ અને ખેતીશાસ્ત્રમાં છૂપાએલો, પણ ઠરે સાવ દોકડાનો અને મૂરખાની જમાતમાં ભેળવનારો ! કિંમત સમયની છે-સમય સૂચકતાની છે. ''સમય સમય બલવાન હૈ, નહીં પુરુષ બલવાન, કાબે અરજુન લુંટિયો, વોહી ધનુષ્ય વોહી બાણ !''

મો.૯૩૨૭૫ ૭૨૨૯૭

**ઈશ્વરનો આભાર શા માટે માનવો એ અંગેની બાબા બુલ્લે શાહની વાણી જુઓ...મજા પડી જશે...!**

ચડતાં સૂરજ ઢળતાં જોયા, ઠરેલ દીવા બળતા જોયા.
હીરા પારખું કોઈ ન જડ્યા, ખોટા સિક્કા ચલતા જોયા.
જેનું જગમાં કોઈ ન મળે, એ જ છોરાં ઉછરતાં જોયાં.
માલિકની મહેબાની જુઓ, બંદાને પાણી પર ચલતાં જોયા.
લોક બોલે દાળ નથી ગળતી, મેં તો પથ્થર ગળતા જોયા.
જેણે પ્રભુની કદર ન કરી, એને જ ખાલી હાથ મસળતાં જોયાં.
કેટલાંયના પગમાં પગરખું, ને માથે છાપરું ન મળે!
ત્યારે નાથે મને સઘળું દીધું, એની કૃપાના ગીત મારા કંઠે કેમ ન મળે?

***ભાવાનુવાદક ટપાલી-વિશાલ ભાદાણી***

**શ્રદ્ધાંજલિ**

● જાણીતા ઉદ્યોગપતિ, 'અસ્પી' ફાઉન્ડેશનના સ્થાપક અને ગુજરાતના કૃષિ-શિક્ષણને ગુણવત્તાસભર બનાવવા માટે ઉદારતાથી આર્થિક સહાય કરતા એવા લોકભારતીના શુભેચ્છક-દાતા શ્રી શરદભાઈ લલ્લુભાઈ પટેલનું દુઃખદ અવસાન તા. ૨૩-૦૧-૨૦૨૫ના રોજ થયેલ છે.

● લોકશાળાના શિક્ષક અને આંબલા -લોકભારતીના પૂર્વ વિદ્યાર્થી શ્રી સુરેશભાઈ પટેલના માતુશ્રી સ્વ. સવિતાબહેન નાથાભાઈ જાસોળીયાનું ૮૦ વર્ષની ઉંમરે સુરત મુકામે હાર્ટએટેકથી અવસાન થયેલ છે.

સમગ્ર લોકદક્ષિણામૂર્તિ પરિવાર તેઓના પરિવાર ઉપર આવી પડેલ આ દુઃખદ આઘાતને સહન કરવાની શક્તિ આપે અને દિવંગત આત્માઓને પરમ શાંતિ મળે તેવી પ્રભુ પ્રાર્થના કરે છે.

## ૦૯ ઘઉંની નવી જાત લોક-૭૯ સંદર્ભ સ્મરણ

**દલપત દાણીધારિયા**

ઝવેરદાદા ને મેં જોયેલા. તેની સાથે કામ પણ કરેલુ. અંબાવીભાઈ ભલાણી સાવ દેશી માણહ. ઓછુ બોલે. સૂઝ, સમજ, એકાગ્રતા, કામ પ્રત્યેની નિષ્ઠા ગોતી ના જડે એવી. અથાક મહેનતું. એમના નાના દીકરા દીકરીઓ મારી સાથે એવા ભળી ગયેલા કે મારી રાહ જોતા હોય. દીકરા દીકરીઓ બાળ રમતો રમી આનંદ કરતા હોય. તેમના ઘરે એવી આવન જાવન હતી કે અંબાવીભાઈનો પરિવાર અમને અમારો લાગતો. એ પછી તો છેક દેવદાસભાઈ ગોહિલ સાથે આત્મીય નાતો- ઓળખાણ રહી.

મને તો એક ઘઉંના દાણા પાછળ આટલી પિંજણ? એમ એ વખતે લાગતું. લેબોરેટરી વગર ઝીણવટ અને ચોક્કસાઈથી થતું કામ પણ સંશોધન ગણાય એવી ભાન પણ નહોતી. અરે હું તો મોટા ઉપાડે ખેતી ભણવા, શિખવા ગયો ત્યારે ઘઉં અને બાજરાના છોડને પણ અલગ ઓળખી શકતો નહોતો. એ તો સારા પ્રતાપ લોકભારતીના કે પછી જે પલોટાયો કે રિસર્ચ ટેકનીશ્યન એગ્રીકલ્ચર,ફાર્મ મેનેજર, જેવા ટાઇટલો મળ્યા. અને ખેતીમાં સલામ મળે તેવી કામગીરીઓ પણ કરી.

ગુજરાતની ખેતીની રિસર્ચમાં હાઈબ્રીડ કપાસની શોધ વખતે નર, માદા કપાસની બે જાતોમાંથી જોઈતું બિયારણ મેળવવા સ્ત્રી કેસર પુ કેસરમાંથી એકમાંથી પુ કેસર હાથેથી દૂર કરી, જોઈતાનો મેળાપ કરાવી , લાલ કોથળી પહેરાવી દેવાની એવુ લેબોરિયસ કામ વિદ્યાર્થી અવસ્થા વખતે કરેલું અને ગુજરાતની પહેલી હાઈબ્રીડ કપાસ વેરાઈટી શોધવામાં નાનકડો રોલ ભજવવાનું સૌભાગ્ય મળેલું. વધુ ઉત્પાદન આપતી એ પ્રથમ કપાસ શોધમાં અમારી લોકભારતીની બેચનો ઉલ્લેખ છે.

ઘઉં સારા બિયારણની શોધ હંમેશ સુધરેલા જાગૃત ખેડૂતોને હોય છે. કચ્છના પટેલ ખેડૂતો બહુ પાક્કા. ભલભલા નિષ્ણાત સરકારી અધિકારીઓને સભા કે મિટિંગમાં હંફાવી દે. જવાબ દેવામાં પરસેવો વાળી દે.

એક વખત લોકભારતીના અધ્યાપકો કચ્છમાં જૂના વિદ્યાર્થીઓની કામગીરી જોવા, સમજવા આવેલા. રાયણ ગામના ખેડૂતોને મળવા લઈ ગયા. મિટિંગમાં જે વાતો ચર્ચાઓ સવાલો થયા તેમાં હોશિયાર અને સિધ્ધ ખેડૂતોને ખાત્રી થઈ કે આ સાહેબો સરકારી સાહેબોથી અલગ અને આપણને ય ભણાવી શકે તેવા છે. મને ચિંતા ભલાણીભાઈ શું બોલશે કે આ ખુરાંટ ખેડૂતોને કેમ પ્રભાવિત કરશે તેની હતી. પણ પછી જે મજા થઈ છે એ યાદગાર છે.

ભલાણીભાઈનો બોલવાનો વારો આવ્યો ત્યારે તે કાંઈ ના બોલ્યા પણ દેશી ભરત ભરેલી થેલીમાંથી એક ઘઉં સંશોધનમાં તૈયાર કરેલી ડૂંડી બહાર કાઢી વચ્ચે મૂકી તે એક વેંત લાંબી અને દાણાથી છલોછલ ભરેલી હતી. પાછળ બેઠેલા બધા ઊભા થઈ ગયા.જિંદગીમાં કદી જોઈ કે વિચારી ય ન હોય એવી ઘઉંની ડૂંડી જોઈ બધાના હોંશ ઊડી ગયા. અને પછી જે મજા આવી છે ભાઈ, એની વાત નો પૂછો. બસ પ્રશ્નોની તડી બોલી. ખેડૂતો એક પછી એક પ્રશ્નો પૂછતા જાય ને ભલાણીભાઈ એ એકેએકના શાંતિથી વિગત સાથે જવાબો દેતા જાય. એ મિટિંગના હીરો ઘઉંની સંશોધિત ડૂંડીને કારણે ભલાણીભાઈ હતા. અમે તો ખૂબ ખૂબ રાજીના રેડ થઈ ગયા હતા.

બધાં ખેડૂતો અરસપરસ લોકભારતીના વખાણ કરવા લાગ્યા. અમારા પણ વખાણ કર્યા. અમારું પણ માન વધી ગયું હતું. અમને પણ અમારી સંસ્થા તરફ આદર, પ્રેમ બંધાયો જે આજ સુધી ટકી રહ્યો છે. આ છે લોકભારતી અને આ છે ઘઉંની જાતના મૂળિયામાં પડેલી વાત.

કૃષિ સ્નાતક ૧૯૭૧-૭૨.

# ૦૭ સંસ્થા સમાચાર (જાન્યુઆરી, ૨૦૨૫)

**સંકલન : પ્રશાંત મહેતા**

---

**લોકભારતી સમાચાર**

● તા.૩૦ થી તા.૧૨ દરમિયાન અધ્યાપનમંદિરના પ્રથમ અને દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓની બોટાદ, રાણપુર, મણાર, રેલીયા, નેસવડ, ત્રાપજ, પ્રતાપરાય, ફુલસર, ઉગામેડી, ગોપાલધામ, ભોરાવાડ, મોટી ખોખરી, જાળિયા, માઈધાર, કળસાર, લખમસરી(ભચાઉ), ભચાઉ,કુકડાવ, શિયાળબેટ, વાવડી એમ કુલ ૨૦ સ્થળોએ ઇન્ટર્નશિપ યોજવામાં આવી હતી.

● શ્રી નલિનભાઈ પંડિતની આગેવાનીમાં ગીરના નેસ વિસ્તારની શાળાઓના ૩૫ જેટલા શિક્ષકો તા.૦૧ના રોજ લોકભારતી પરિચય માટે આવી ગયા. તેઓ સમક્ષ શ્રી અરુણભાઈ દવેએ વક્તવ્ય આપ્યું.

● લોકભારતી લોકસેવા મહાવિદ્યાલય ત્રીજા વર્ષના ૭૦ વિદ્યાર્થીઓની NSS શિબિર ઉમરાળા તાલુકાના હડમતીયા (કાળુબાપુ-આશ્રમ) મુકામે યોજાઈ. જેનું ઉદ્ઘાટન તા.૦૨ના રોજ શ્રી રામચંદ્ર ભાઈ પંચોલી, શ્રી ભરતસિંહજી ગોહિલ NSS સંયોજકશ્રી-MKBU અને ડૉ .રાજેન્દ્રભાઈ ખીમાણીની અધ્યક્ષતામાં યોજાઈ ગઈ. જેમાં ગ્રામજનો, સરપંચ શ્રી છગનભાઈ ખડેલા ઉપસ્થિત રહ્યા. આ ગ્રામશિબિર દરમ્યાન ગ્રામસફાઈ, ગ્રામસંપર્ક, લોકજાગૃતિ, સર્વેક્ષણ, આરોગ્ય કેમ્પ, પશુ રસીકરણ કેમ્પ, જ્ઞાનસત્ર, સાંસ્કૃતિક કાર્યક્રમ, જન આરોગ્ય કેમ્પ, વડીલ ગોષ્ઠિ, ફાર્મ વિઝિટ,પ્રભાત ફેરી, જેવા કાર્યક્રમો થયેલ. હીરજીભાઈ ભીંગરાડિયા, અશોકભાઈ પટેલ , ભગવાનભાઈ સુરાનીએ માર્ગદર્શન આપ્યું . સમાપન કાર્યક્રમમાં શ્રી હસમુખભાઈ દેવમુરારિ, શ્રી હસમુખભાઈ સુથાર સાથે શ્રી કાંતિભાઈ ગોટી ઉપસ્થિત રહ્યા. શિબિર મંત્રી શ્રી ધવલ રાઠોડ અને ભારતી રાઠોડ તથા શિબિર સંયોજક શ્રી મનોજભાઈ અગ્રાવત સાથે શ્રી ધીરજલાલ રાઠોડ, શ્રી કિશોરભાઈ હિરાણી રહ્યા.

● તા. ૦૩ ના રોજ ઝોન કક્ષાનું બાલ ગણિત, વિજ્ઞાન પ્રદર્શન શ્રી સ્વામીનારાયણ ગુરુકુળ રતનપર (સુરેન્દ્રનગર) મુકામે યોજાયું હતું. જેમાં ભાવનગર જિલ્લાનું પ્રતિનિધિત્વ અધ્યાપનમંદિરના દ્વિતીય વર્ષના તાલીમાર્થી ડોડિયા ઓમદેવસિંહ તથા વાળા પાર્થરાજસિંહે કર્યું હતું.

● તા.૪ના રોજ લોકસેવા મહાવિદ્યાલયના પ્રથમ વર્ષ બી.આર. એસ.ના વિદ્યાર્થીઓએ પર્ફોર્મિંગ આર્ટસ્ વિષયના અનુસંધાને ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,આંબલા ખાતે શિક્ષણ સજ્જતા સંગોષ્ઠિમાં લોકકળા - ભવાઈના વેશનું પ્રત્યક્ષ નિદર્શન અને આસ્વાદ માણ્યો. શ્રી વિશાલભાઈ જોષી અને પૂજાબહેન પુરોહિત આ કાર્યક્રમમાં સંકલન અર્થે જોડાયા.

● ગુજરાતી વિષયના લોકસેવા મહાવિદ્યાલયના બીજા વર્ષના વિદ્યાર્થીઓ આંબલા શિક્ષણ સજ્જતા સંગોષ્ઠિમાં શ્રી નીતિનભાઈ ભીંગરાડિયાના સંકલન હેઠળ જોડાયા.

● MKBU-NSS વિભાગ આયોજિત વર્કશોપમાં તા.૦૪ના રોજ ભાગ લેવા શ્રી ધીરુભાઈ રાઠોડ સાથે લોકસેવા મહાવિદ્યાલયના ૫ બહેનો ભાવનગર જઈ આવ્યા.

● તા.૦૪ના રોજ સાવરકુંડલાની કૃષ્ણકુમારસિંહજી વ્યાયામશાળાના ૩૦ જેટલાં શિક્ષક ભાઈ-બહેનો લોકભારતીની પરિચય મુલાકાતે આવ્યાં. તેઓ સાયં પ્રાર્થનામાં હાજરી આપી અને રાત્રે રાજેન્દ્ર હિલ જઈને આકાશદર્શન પણ કર્યું. શ્રી દિનુભાઈ ચુડાસમાએ લોકભારતીનો વિગતે પરિચય અને શ્રી અરુણભાઈ દવે તથા શ્રી વિશાલભાઈ ભાદાણીએ તેમની સમક્ષ વક્તવ્યો આપેલ.

● તા.૦૬ના રોજ સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ-રાજકોટની વ્યવસ્થાપક મંડળની અને કારોબારીની બેઠકમાં શ્રી અરુણભાઈ દવે અને શ્રી હસમુખભાઈ દેવમુરારિ જઈ આવ્યા.

● પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૦૭ના રોજ મહિલા તલાટી કમ મંત્રી પાયાનો વર્ગ ૮૦ માં શ્રી વિશાલભાઈ ભાદાણી જીવંત રહેવાની કળા -હંમેશ વિચારોથી નવા બનવાની તાજગીના વિષય ઉપર રસપ્રદ વ્યાખ્યાન આપ્યું.

● પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૦૮ના રોજ શ્રી હિતેશભાઈ પંડયા નાયબ ચીટનીશ જિલ્લા પંચાયત ભાવનગર તાલીમાર્થીઓ સમક્ષ અધિનિયમ નમુનાઓ તથા અધિનિયમ કલમો ઉપર રસપ્રદ ચર્ચા કરી ગયા.

● પીડીલાઈટ ઈન્ડસ્ટ્રીઝના નવનિયુક્ત સી.એ. શ્રી હીરલબહેન વોરા તા.૦૮ના રોજ લોકભારતીની હિસાબી પ્રણાલિ જોવા-સમજવા-માર્ગદર્શન આપવા એક દિવસ માટે આવી ગયાં.

● ગ્રામદક્ષિણામૂર્તિ-આંબલા-મણારનો સંયુકત વાર્ષિકોત્સવમાં તા.૦૯મીએ લોકભારતીના કાર્યકરો ભાગ લેવા જઈ આવ્યા.

● પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૧૦ના રોજ શ્રી હસમુખભાઈ દેવમુરારિએ કૈલાસ માનસરોવર યાત્રાનું પી.પી.ટી.દ્વારા રજૂઆત કરી જેમાં તાલીમાર્થીઓને ખૂબજ આનંદ થયો.

● સાયલા સ્થિત 'પ્રેમની પરબ'ના શ્રી ચંદ્રકાંતભાઈ વ્યાસની આગેવાનીમાં તા.૧૦ અને ૧૧ એમ બે દિવસની એ વિસ્તારના શિક્ષક ભાઈ-બહેનો અને વિદ્યાર્થીઓની એક સંયુક્ત 'વ્યકિતત્વ વિકાસ શિબિર' ગાંધીભારતી કેન્દ્રના સંયોજનમાં લોકભારતીમાં યોજાઈ ગઈ.તેમાં શ્રી છાયાબહેન પારેખ, શ્રી વિઠ્ઠલભાઈ સવાણી જેવાં શિક્ષણવિદ્દો ઉપસ્થિત રહ્યાં. શ્રી અરુણભાઈ દવે, શ્રી હસમુખભાઈ દેવમુરારિ અને શ્રી વિશાલભાઈ ભાદાણીએ પણ શિબિરમાં વક્તવ્યો આપ્યાં.

● સાવરકુંડલા સ્થિત શ્રી વિદ્યાગુરુ ફાન્ડેશન દ્વારા દર વર્ષે યોજાતી વિધવિધ સન્માનની પરંપરા મુજબ આ વખતે તા.૧૬મીના રોજ પૂ. મોરારિબાપુની પાવન ઉપસ્થિતિમાં લોકભારતીને 'લોકસેવક શ્રી લલ્લુભાઈ શેઠ શિક્ષણ સંસ્થા સન્માન' આપવામાં આવ્યું. આ સન્માન સ્વીકારવા માટે આપણા કોઈ હોદેદારોએ જવાને બદલે કર્મઠ કાર્યકરો એવા શ્રી ભૂપતભાઈ સોલંકી, શ્રી મિલનભાઈ કેરસિયા અને શ્રી ઘનશ્યામભાઈ ચૌહાણને સન્માન સ્વીકારવા મોકલીને એક નવી પ્રથા પાડી.

● પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૧૭ના રોજ શ્રી નિગમભાઈ શુક્લા તાલીમાર્થીઓ સમક્ષ ગ્રામપંચાયતની પડતર જમીન, ખેડૂતોની જમીનની સુધારણા તથા પ્રાકૃતિક ખેતી વિષય ઉપર વ્યાખ્યાન આપી ગયા.

● તા.૧૯મીના રોજ લોકભારતીના શુભેચ્છક શ્રી રજનીબહેન ગાંધી થોડા સમય માટે શુભેચ્છા મુલાકાતે આવી ગયાં.

● તા.૧૯ અને ૨૦ના રોજ અંગ્રેજી ખાસ વિષયના બીજા વર્ષના વિદ્યાર્થીઓ શ્રી વિશાલભાઈ જોષી સાથે સરકારી આર્ટસ્ કૉલેજ-વલ્લભીપુર ખાતે AI and Education: Opportunities, Challanges and Innovation વિષય ઉપર નેશનલ સેમિનારમાં ભાગ લઈ આવ્યા.

● તા. ૨૦ના રોજ કૃષિ વિજ્ઞાન કેન્દ્રના શ્રી પ્રદીપભાઈ ક્યાડાએ કલેકટર કચેરી, ભાવનગર ખાતે યોજાયેલ ભાવનગર ડિસ્ટ્રીકટ કૉ. ઓ. બેંકની જિલ્લા સ્તરની તકનીકી કમિટીની મિટિંગમાં ભાગ લીધો.

● તા.૨૦ થી તા.૨૪ જન્યુઆરી દરમિયાન GCERT ગાંધીનગર દ્વારા -NCF–SE-૨૦૨મો અભિમુખતા કાર્યક્રમ યોજાય ગયો. જેમાં શ્રી સંદીપભાઈ ઉંડવિયા જોડાયા હતા.

● લોકભારતીના વિદ્યાર્થીઓનો અતિપ્રિય એવો કાર્યક્રમ 'સાહસદોડ' તા.૨૧મીના રોજ લોકભારતીથી વાંકિયા હનુમાન સુધી યોજાઈ ગયો. સવારે ૦૬-૦૦ કલાકે શ્રી રામચંદ્રભાઈ પંચોળીએ લીલી ઝંડી ફરકાવીને ધ્યાનમંત્ર ચોકથી સાહસદોડને પ્રારંભ કરાવ્યો. દરેક વિભાગના વિદ્યાર્થીઓ ઉત્સાહથી તેમાં જોડાયા. વચ્ચેના રસ્તામાં બે-ત્રણ જગ્યાએ

લીંબુ-પાણી, ચા-બીસ્કિટની વ્યવસ્થા પણ કરવામાં આવી. વાંકિયા પહોંચ્યા પછી સામૂહિક સંમેલન યોજાયું, જેમાં વાંકિયા હનુમાન આશ્રમના મહંત શ્રી રઘુનંદનબાપુ, બહારથી પધારેલા જાણીતા ગોસેવક શ્રી ચૈતન્ય શંભુ મહારાજ, સોનગઢ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ શ્રી સોલંકી સાહેબ અને લોકભારતીના કાર્યકરો ઉપસ્થિત રહ્યા અને સૌએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા, દોડમાં ઝડપથી પહોંચેલ વિદ્યાર્થીઓને પુસ્તક ભેટ આપી સન્માનવામાં આવ્યા. બપોરના ભોજન-પ્રસાદ બાદ આ કાર્યક્રમ પૂરો થયો.

● શ્રી નિગમભાઈ શુકલે તા. ૨૨-૨૩ના રોજ પટના(બિહાર) ખાતે 'આર્યા' પ્રોજેક્ટ અંતર્ગત રાષ્ટ્રીય કાર્યશાળામાં ભાગ લીધો.

● તા. ૨૨ના રોજ શ્રી પ્રદીપભાઈ ક્યાડાએ કલેકટર કચેરી, બોટાદ ખાતે યોજાયેલ અમદાવાદ ડિસ્ટ્રીકટ બેંકની બોટાદ જિલ્લાની જિલ્લા લેવલની તકનીકી કમિટીની મિટિંગમાં ભાગ લીધો.

● પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૨૨ના રોજ શ્રી વત્સલભાઈ દવે તાલીમાર્થીઓ સમક્ષ GST તથા TDS વિષય પર વ્યાખ્યાન આપી ગયા.

● લોકભારતીના ચેકડેમનું રીપેરિંગ અને ઊંડું ઉતારવાનું કાર્ય પીડીલાઇટના સહયોગથી કરવાનું નક્કી થયું છે, જેનો શુભારંભ તા.૨૨મીના લોકભારતીના કાર્યકરોની ઉપસ્થિતિમાં શ્રીફળ વધેરીને કરવામાં આવ્યો.

● પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૨૩ના રોજ શ્રી રામચંદ્રભાઈ પંચોળી એ તાલીમાર્થીઓને વિશ્વશાંતિની ગુરુકિલ્લી - બાળ ઉછેર સંદર્ભે વાત કરી ગયા.

● પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૨૪ના રોજ સૌ તાલીમાર્થીઓ પગપાળા સાંઢીડા મહાદેવના દર્શને ગયા. પ્રકૃતિનો આનંદ લીધો તથા વિવિધ ઔષધીનો પરિચય કેળવ્યો. રાત્રી પ્રવૃત્તિમાં શ્રી હસમુખભાઈ દેવમુરારિ અને શ્રી ધરતીબહેન જોગરાણાએ તાલીમાર્થીઓને આકાશદર્શન કરાવ્યું તથા પ્રશ્નોતરી યોજી જેનો તાલીમાર્થીઓને આનંદ થયો

● તા.૨૪ અને તા.૨૫ એમ બે દિવસ લોકભારતીમાં સાયન્સ વર્કશોપનું આયોજન થયેલ. જેમાં અધ્યાપનમંદિરના દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓ તથા અધ્યાપક શ્રી અજયભાઈ પંડ્યા જોડાયા હતા.

● તા.૨૬મીના રોજ પ્રજાસત્તાકદિન નિમિત્તે સવારે શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણીએ પરેડની સલામી ઝીલી. ભાવનગરના તબીબ અને સ્વચ્છ ભારત મિશનના ભાવનગરના એમ્બેસેડર ડૉ. તેજસભાઈ દોશીના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું. સંમેલનમાં ડૉ. તેજસભાઈ દોશીએ 'પર્યાવરણ જતન, સ્વચ્છતા અને પ્લાસ્ટિક મુક્તિ : પ્રજાતંત્રની જરૂરી ફરજ' વિષયને કેન્દ્રમાં રાખી સચિત્ર પ્રેઝન્ટેશન અને વક્તવ્ય રજૂ કર્યું. બે વિદ્યાર્થીઓએ પોતાના સ્વાધ્યાય સરસ રીતે રજૂ કર્યા. શ્રી નિગમભાઈ શુક્લએ આવકાર અને મહેમાનશ્રીનો પરિચય આપ્યો. શ્રી નીતિનભાઈ ભીંગરાડિયાએ આભારદર્શન કર્યું. કાર્યક્રમમાં ઉપસ્થિત દરેક જણને સરસ ડિઝાઇનવાળી એકએક સુતરાઉ થેલી ભેટ આપવામાં આવી. આ થેલીની સામે દરેક વ્યક્તિ પ્લાસ્ટિકના પચાસ નંગ ઝબલાં/કોથળી/માવાના કાગળ એકઠાં કરીને આપશે. ભેગો થયેલ આ જથ્થો એકત્ર કરીને તેમાંથી રીસાયકલિંગ કરવામાં આવશે કે ઇકો બ્રિક્સ બનાવવામાં આવશે. સ્વચ્છતા અભિયાન માટેની આ એક ક્રાંતિકારી શરૂઆત થઈ.

● લોકભારતી ગોશાળા વિભાગ દ્વારા નવા પ્રોજેક્ટ અંતર્ગત તા.૨૬ના રોજ કચ્છથી પાંચ કાંકરેજ ગાયો લાવવામાં આવી. આ સંશોધન પ્રોજેક્ટ થકી ડેરી અને પશુપાલન અંતર્ગત વિવિધ અભ્યાસ કરવામાં આવશે જે આ વિસ્તારના પશુપાલકો માટે મહત્ત્વના સાબિત થશે.

● તા.૨૬ના રોજ નિવૃત્ત નાયબ વિકાસ અધિકારી શ્રી જદુવીરસિંહ તાલીમાર્થીઓ સમક્ષ વ્યાખ્યાન આપી ગયા

● પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૨૭/૦૧/૨૦૨૫ ના રોજ મહિલા તલાટી કમ મંત્રી પાયાનો વર્ગ ૮૦એ વિજ્ઞાનભવનની મુલાકાત લીધી.

● તા.૨૭ થી તા.૦૪ દરમિયાન અધ્યાપનમંદિરના પ્રથમ વર્ષ અને દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓ માટે ઉત્તરભારત પ્રવાસનું આયોજન થયેલ. જેમાં અધ્યાપનમંદિરના આચાર્ય શ્રી જગદીશગિરિ ગોસાઈ તથા અધ્યાપક શ્રી અમિતભાઈ સાસાણી જોડાયા હતા.

● પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૨૮ના રોજ શ્રી રમાબહેન દેવમુરારિએ તાલીમાર્થીઓને બાલવાર્તા,બાલ જોડકણા,તથા બાલગીતો અભિનય સાથે કરાવ્યા.

● આ વખતની ગાંધીનિર્વાણદિનની ઉજવણી વિશેષ પદ્ધતિએ કરવાનું આયોજન થયું. વહેલી સવારની પ્રાતઃ પ્રાર્થના-'મંગળપ્રભાત'માંથી એક વ્રત વિશેનું વાચન પછી ગ્રામસફાઈ કરવા સૌ પહોંચ્યા. શહીદદિન નિમિત્તે બરાબર અગિયાર કલાકે સૌએ પોતપોતાના સ્થાને ઊભા રહી બે મિનિટ મૌન પાળીને નામી-અનામી શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી. બપોર પછીના સંમેલન માટે અનોખી રીતે ઉજવણી કરવા માટે વિદ્યાર્થીઓને અગાઉથી અભિમુખ અને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. વિષય નક્કી કરવામાં આવ્યો હતો 'ગાંધીનિર્વાણદિને ગાંધીનિર્માણ'. વિદ્યાર્થીઓ દ્વારા ગાંધી-વિચાર અને ગાંધીજીવન શૈલીના જુદા જુદા પંદરેક વિષયો/મુદ્દાઓ પંદરેક દિવસ પહેલાંથી સૌની સમક્ષ જાહેર કરવામાં આવ્યા હતા. આ ઉપક્રમમાં ભાગ લેવા માટે રજિસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું. તેમાં વિદ્યાર્થીઓએ ગાંધીવિચારનો અભ્યાસ કરીને સ્ક્રીપ્ટ તૈયાર કરી, દિગ્દર્શન અને ફોટોગ્રાફી સહિતની બધી પ્રક્રિયામાંથી પસાર થઈ અને પાંચપાંચ મિનિટની દસેક શોર્ટફિલ્મો બનાવી હતી, આ શોર્ટફિલ્મો ગાંધીનિર્વાણદિને આ સંમેલનમાં મોટા સ્ક્રીન પર રજૂ કરવામાં આવી. પ્રતિભાગી વિદ્યાર્થીઓએ આ ફિલ્મનિર્માણની પ્રક્રિયા દરમિયાન થયેલા અનુભવો પર ટૂંકમાં વાતો પણ કરી. આ આખો ઉપક્રમ ગાંધીવિચાર ચિંતક શ્રી દક્ષાબહેન પટ્ટણીના પરિવારના સૌજન્યથી પાર પાડવામાં આવ્યો. દરેક જૂથને પુસ્તક અને ટ્રોફી આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા. શ્રી દક્ષાબહેન પટ્ટણીના પરિવારજનો શ્રી કાલિંદીબહેન પટ્ટણી વગેરે પણ સપરિવાર ઉપસ્થિત રહ્યાં. સમગ્ર સંકલન તથા તાલીમ-માર્ગદર્શન શ્રી વિશાલભાઈ ભાદાણી, ગાંધીભારતીના સંયોજક શ્રી દિનુભાઈ ચુડાસમા અને અન્ય અધ્યાપકોએ કર્યું. કાર્યક્રમમાં શ્રી દિનુભાઈ ચુડાસમાએ રાજીપો વ્યક્ત કર્યો અને શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણીએ સમાપન કર્યું.

● શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ તેમના મિત્રો જૂનાગઢના શ્રેષ્ઠી શ્રી જિતુભાઈ ભીંડી-દંપતી અને સુરતના શ્રી હિમાંશુભાઈ ભટ્ટને લઈને લોકભારતીની શુભેચ્છા મુલાકાતે તા.૩૧મીના રોજ આવી ગયા.

● તા. ૩૦ અને ૩૧ના રોજ રાષ્ટ્રીય મગફળી સંશોધન કેન્દ્ર, જૂનાગઢના સહયોગથી કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા તળાજા તથા કળસાર, મહુવા ખાતે 'મગફળીની ઉન્નત ખેતી' વિષય પર બે ખેડૂત તાલીમનું આયોજન કરવામાં આવેલ જેમાં અનુક્રમે ૭૫ અને ૭૨ખેડૂતોએ ભાગ લીધો.

● પૂર્વ અને પશ્ચિમની સંસ્કૃતિ, શિક્ષણ, સંગીત, સાહિત્ય અને અધ્યાત્મના સેતુ ગણાતા એવા ડૉ. શ્રી કિરણભાઈ લાભશંકર વ્યાસ તેમના આઠેક સાથીદારો સાથે ફ્રાંસથી લોકભારતીની મુલાકાતે તા. ૩૧મી સાંજથી આવ્યા. પોંડીચેરીના વિશ્વવિખ્યાત શ્રી અરવિંદો શિક્ષણ કેન્દ્રના તેજસ્વી વિદ્યાર્થી શ્રી કિરણભાઈ વ્યાસ છેલ્લા પાંચેક દાયકાથી ફ્રાન્સમાં રહી યુરોપના દેશોમાં યોગ, ધ્યાન, ભારતીય સંસ્કૃતિ અને આયુર્વેદનો વૈજ્ઞાનિક રીતે પ્રચાર-પ્રસાર કરી રહ્યા છે. વિશ્વની અનેક શૈક્ષણિક અને સાંસ્કૃતિક સંસ્થાઓ સાથે સક્રિય રીતે જોડાયેલ ૮૧ વર્ષીય કિરણભાઈ વ્યાસને ભારત સરકારે 'પદ્મશ્રી'થી સન્માનિત કરેલ છે. ફ્રેંચ અને અંગ્રેજીમાં પચાસેક જેટલાં પુસ્તકો લખનાર અભ્યાસુ-ચિંતક કિરણભાઈ વ્યાસે ફ્રાન્સના અતિ જાણીતા અને ઐતિહાસિક સ્થળ નોરમેન્ડી વિસ્તારમાં 'તપોવન ઓપન યુનિવર્સિટી ઓફ યોગા અને આયુર્વેદા'ની સ્થાપના કરેલી છે. આ જૂથ બે દિવસ લોકભારતીના ભાવાવરણમાં નિજાનંદ માણવા રોકાયું. વિદ્યાર્થીઓ અને અધ્યાપકો સાથે સંવાદો ગોઠવાયા.

**આંબલા સમાચાર**

● તા.૩૧.૧૨.૨૪ થી તા. ૦૫.૦૧.૨૦૨૫ દરમિયાન દરમિયાન 'માતૃભાષા ગુજરાતી' વિષય પર ૫૯મી રેલી (શિક્ષણ સજ્જતા સંગોષ્ઠિ) આંબલા-લોકશાળામાં યોજવામાં આવેલ.ઉદ્ઘાટન સમારોહમાં ભાવ.યુનિ.ના ગુજરાતી ભવનના વડા શ્રી મહેન્દ્રસિંહજી પરમાર, શ્રી અરુણભાઈ દવે, શ્રી સુરસંગભાઈ ચૌહાણ, શ્રી ખોડાભાઈ ખાસિયા, શ્રી જસવંતભાઈ કાકડિયા, શ્રી લાલજીભાઈ નાકરાણી તેમજ અન્ય સંસ્થાના સંચાલકશ્રીઓ અને આચાર્યશ્રીઓ ઉપસ્થિતિ રહેલ. રેલી દરમિયાન ૧૨ લોકશાળાના ૬૫૦ વિદ્યાર્થી ભાઈઓ -બહેનોએ ભાગ લીધેલ. આ પાંચ દિવસ દરમિયાન મુખ્ય વક્તા તરીકે શ્રી મહેન્દ્રસિંહજી પરમાર ,શ્રી અશ્વિનભાઈ આણદાણી, શ્રી કૃષ્ણભાઈ દવે, ભરતસિંહ ગોહિલ, ડૉ. આઈ.કે.વીજળીવાળા હાજર રહેલ. મુખ્ય વક્તાશ્રીઓનો વિગતે પરિચય શ્રી દિનુભાઈ ચુડાસમાએ આપેલ. તા.૦૫ના રોજ સમાપન સમારોહમાં શ્રી નલિનભાઈ પંડિત, ડૉ. આઈ.કે.વીજળીવાળા, શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ, કળસાર સંસ્થાના સંચાલક શ્રી નાગરભાઈ, ડૉ.બલદાણિયાસાહેબની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. રેલીને માણનાર સૌ-કોઈએ પ્રવૃત્તિને બિરદાવી હતી.

● તા. ૦૯ના રોજ ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા - મણારનો સયુંકત વાર્ષિકોત્સવ ઉજવાયો હતો. મુખ્ય મહેમાન તરીકે GCERTના પૂર્વ નિયામક અને ચિલ્ડ્રન યુનિ.ના ગિજુભાઈ બધેકા- ચેર પ્રોફેસર એવા આદ. શ્રી ટી.એસ.જોશી સાહેબ, શ્રી અરુણભાઈ, શ્રી પ્રશાંતભાઈની ઉપસ્થિતિ હતી. આ પ્રસંગે વિદ્યાર્થીઓ, પૂર્વ કાર્યકરો હાજર રહેલ.

● તા.૧૨ના રોજ ગોશાળામાં ગોપૂજન કાર્યક્રમ યોજાયો. વિદ્યાર્થીઓ તથા કાર્યકરો દ્વારા ગોશાળા સફાઈ કરવામાં આવેલ. ત્યાર બાદ શ્રી રામદેવસિંહ ગોહિલે મુખ્ય મહેમાન પદે રહી ગોપૂજન અને ગોવાળનું પૂજન કરી પ્રસંગને અનુરૂપ વક્તવ્ય આપેલ.

● તા. ૧૬ના રોજ ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા આંબલા તથા મોજીલી પ્રાથમિક શાળાની ટીમ રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક વિભાગ દ્વારા ભાવનગર ગ્રામ્ય જિલ્લા કક્ષાના કલા મહાકુંભમાં ભાવનગર શિશુવિહાર ખાતે મોજીલી શાળાના આચાર્યશ્રી મહાશંકરભાઈ પંડ્યાના નેતૃત્વ નીચે ભાગ લઈ આવેલ. તેમાં મોજીલી શાળાની રાસ ટીમએ પ્રથમ નંબર (૬ થી ૧૪ વર્ષની રાસ), અને લોકશાળાની ટીમે પણ પ્રથમ નંબર (૧૫ થી ૨૦ વર્ષની રાસ), પ્રાપ્ત કરેલ તે ઉપરાંત સુગમ સંગીતમાં પરમાર અક્ષયભાઈએ દ્વિતીય નંબર પ્રાપ્ત કરેલ.

● તા.૨૬ના રોજ ૭૬માં પ્રજાસત્તાકદિનની ઉજવણી ગ્રામદક્ષિણામૂર્તિ પ્રાથમિક શાળાના મેદાનમાં કરવામાં આવેલ. પૂર્વ વિદ્યાર્થિની શ્રી સોની દ્રષ્ટિબહેન અને શ્રી વાઘેલા ધ્રુવીબહેન દ્વારા ધ્વજવંદન કરવામાં આવેલ. ત્યાર બાદ લોકશાળા, મોજીલી શાળાના બાળકોએ પરેડ કરી સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરલે. આ પ્રસંગે ગામના આગેવાનો તથા પંચાયત સભ્યો બહોળી સંખ્યામાં હાજર રહેલ.

● તા.૨૮ના રોજ મોજીલી શાળાના મેદાનમાં સિહોર તાલુકા કક્ષાનો ખેલ મહાકુંભ યોજાયો હતો, તેમાં સિહોર તાલુકાની ૫૦ જેટલી સરકારી પ્રાથમિક શાળાના વિધાર્થીઓએ ભાગ લીધેલ.

● ભાવનગરના હાવી.કોમ કંપની તરફથી તા.૨૮ના રોજ ધો.-૦૯ના વિદ્યાર્થીઓ માટે રોબોટિક્સ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને મોડલ્સ મેકિંગ વર્કશોપ રાખેલ તેમાં શ્રી પ્રશાંતભાઈ મામતોરાએ વિદ્યાર્થીઓને વિષય અનુરૂપ વાતો કરી પ્રેક્ટિકલ મોડેલ્સ તૈયાર કરાવેલ.

**મણાર સમાચાર**

● સૌરાષ્ટ્ર લોકશાળા સંઘ આયોજિત ૫૯ મી રેલી (શિક્ષણ સજ્જતા સંગોષ્ઠિ)માં શાળાના ધોરણ નવના વિદ્યાર્થી સાથે ગુજરાતી વિષયના શિક્ષક શ્રી વિનોદભાઈ વાઘેલા આંબલા મુકામે પાંચ દિવસ જઈ આવ્યા, રેલીના વિવિધ વિભાગો

પ્રદર્શન,સાંસ્કૃતિક કાર્યક્રમ, મેદાની રમતો ,વગેરેમાં સૌ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. માતૃભાષા ગુજરાતી વિષય ઉપર વિવિધ વ્યાખ્યાનો યોજાયા હતા તેનો લાભ સહુને મળ્યો.

● ત્રીજી જાન્યુઆરીના રોજ પાણીયાળી ગામે એન.એસ.એસ યુનિટની ટીમે 'સ્વચ્છતા અભિયાન' દ્વારા ગ્રામસફાઈ કરી હતી. ગ્રામજનોને સ્વચ્છતા અંગે જાગૃત કર્યા, તેમજ ગામ આગેવાન શ્રી ભનુભાઈ ડાંગરના વિશિષ્ટ સ્વિમિંગ પુલની મુલાકાત લીધી જેમાં (વિના મોટરે) હાઈટ પર બનાવેલ પુલના પાણીનો ઉપયોગ ડ્રીપ ઈરીગેશન દ્વારા આંબાવાડીમાં થાય છે, જે વિદ્યાર્થીઓએ નિહાળી અને સમજ મેળવી. સ્વિમિંગ પુલમાં નાહવાની મજા પણ માણી હતી .

● એન.એસ.એસ વાર્ષિક શિબિરના સાંસ્કૃતિક કાર્યક્રમમાં DEO ઓફિસના શ્રી સુવા સાહેબ તથા આચાર્યશ્રી કલ્પેશભાઈ કેરાશિયા એ હાજરી આપી હતી.

● GCERT ગાંધીનગર પ્રેરિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગરના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ ઝોન કક્ષાના બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનમાં, શાળાના શિક્ષક શ્રી પૃથ્વીરાજસિંહ ગોહિલ સાથે ધોરણ ૧૦ ના બે બાળ વૈજ્ઞાનિકોએ ઝોન કક્ષામાં આપણી કૃતિનું પ્રદર્શન કર્યું.

● તા. ૦૯ના રોજ લોકશાળા આંબલા મુકામે યોજાયેલ સંયુક્ત વાર્ષિકોત્સવમાં લોકશાળા મણારના તમામ વિદ્યાર્થી અને સમગ્ર સ્ટાફ જઈ આવ્યા, શ્રી ડાયાભાઈ ડાંગરે વર્ષ ૨૦૨૪/૨૫ માં થયેલ તમામ પ્રવૃત્તિઓ - ઉત્સવ ઉજવણીઓનો સમગ્ર અહેવાલ રજૂ કર્યો.

● તા. ૯ના રોજ ( સ્ટુડન્ટ્સ સ્ટાર્ટ અપ એન્ડ ઇનોવેશન પોલીસી ) અંતર્ગત સ્કૂલ પી.એમ. યુ. દ્વારા આયોજિત 'સ્ટાર્ટઅપ બ્રેઈન સ્ટોરમિંગ' વર્કશોપ, સરદાર પટેલ શૈક્ષણિક સંકુલ ભાવનગર મુકામે યોજાયો જેમાં બે વિદ્યાર્થીઓ સાથે શિક્ષક શ્રી વિનોદભાઈ વાઘેલા જઈ આવ્યા.

● તા. ૧૦ ના રોજ DEO કચેરીની એક ટીમ શ્રેષ્ઠ શાળા માટે ઇન્વર્ડ કરેલ ફાઇલના મૂલ્યાંકન માટે આવી ગઈ, સમગ્ર વિભાગોનું ફાઇલ કામ પ્રમાણે મૂલ્યાંકન કરવામાં આવ્યું.

● તા. ૧૦-૧૧ના રોજ મૃદા ફાઉન્ડેશન દ્વારા આયોજિત વિવિધ રમતોના રમતોત્સવમાં આસપાસની આઠ ગામની પ્રાથમિક શાળાઓ સામેલ થઈ હતી. દરેક શાળાના વિદ્યાર્થી પોતાના શિક્ષક સાથે લોકશાળા મણારના મેદાન પર વિવિધ રમતોમાં ભાગ લીધો, ત્યારબાદ ગણિત વિજ્ઞાન પ્રદર્શન પણ યોજાયું અને ઇનામ વિતરણ તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો.

● તા. ૧૨ ના રોજ સંસ્થાના શેઢા પાડોશી શ્રી વશરામભાઈએ વિદ્યાર્થીઓ, કાર્યકરોને પરિવાર સાથે સમૂહમાં શેરડી ખવડાવી , મોજ કરાવી.

● તા.૧૪ના રોજ ઉતરાયણ નિમિત્તે ગોશાળા સફાઈ, ગોપૂજન કાર્યક્રમ બાદ સમૂહમાં સૌએ સાથે મળી શેરડી ખાધી અને વિદ્યાર્થીઓએ બનાવેલ મમરાના લાડુ તેમજ દાળિયાના લાડુ, સિંગની ચીકી ખાવાની મજા માણી.

● તા. ૧૬ ના રોજ ભાઈઓ બહેનો રાસ સ્પર્ધામાં જઈ આવ્યા.

● શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને ભદ્રાવળ ગામના શિક્ષક અચ્છા ચિત્રકાર એવા શ્રી અરજણભાઈ ડાંગર શનિ રવિની રજામાં સંસ્થામાં આવી દક્ષિણામૂર્તિદેવનું પેન્ટિંગ કર્યું. સાથે ચિત્રમાં રસ ધરાવતા વિદ્યાર્થીઓને સાથે રાખી તાલીમ આપી.

● તા. ૨૫ ના રોજ 'મતદાન જાગૃતિ' માટે સર્વે વિદ્યાર્થી અને સ્ટાફ દ્વારા પ્રતિજ્ઞા લેવામાં આવી.

● તા.૧૯થી ૨૬ સુધી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન સરકારી બી.એડ્ કૉલેજ આયોજિત રાષ્ટ્રીય સેવા યોજનાની વાર્ષિક

શિબિરનો ઉદ્‌ઘાટન સમારોહ લોકશાળા મણાર ખાતે યોજાયો. સંજયભાઈ તલસાણીયા અને તેમની ટીમ દ્વારા 'સ્વચ્છતા અભિયાન' વિષય અંતર્ગત વિવિધ નાટકો દ્વારા સ્વચ્છતા જાગૃતિના ખૂબ જ સારા પ્રયાસ કર્યા. તા. ૨૬ જાન્યુઆરીની ઉજવણીમાં પણ આ એન.એસ.એસ.ના સ્વયંસેવકો લોકશાળા મણાર સાથે જોડાયા હતા.

● ૨૬ જાન્યુઆરીના રોજ શાળામાં પ્રજાસત્તાક પર્વની આન બાન અને શાનપૂર્વક ઉજવણી કરવામાં આવી. પ્રાતઃ પ્રભાત ફેરીથી શરૂઆત કરી શાળાના સિનિયર શિક્ષક શ્રી પ્રવીણભાઈ ડોડીયાના હસ્તે ધ્વજ વંદન કરવામાં આવ્યું એન.એસ.એસ. યુનિટના તેમજ એન.સી.સી યુનિટના વિદ્યાર્થીઓ દ્વારા પરેડ કરવામાં આવી અને ત્યારબાદ બી.એડ્ કૉલેજના સ્વયંસેવકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો.

● તા. ૨૬ જાન્યુઆરીનાં રોજ લોકશાળા મણારની એક ટીમે સિહોર મુકામે જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વ નિમિત્તે પિરામિડ રજૂ કરેલ. જે બદલ આપણા શિક્ષણ મંત્રીશ્રી કુબેરભાઈ ડીંડોરના હસ્તે શાળાના કોચ શ્રી વિપુલભાઈ સરવૈયાને શિલ્ડ અર્પણ કરી સન્માનિત કરેલ. યુવા સાંસ્કૃતિક અને રમતગમત વિભાગ દ્વારા રૂપિયા ૮,૦૦૦ નું પ્રોત્સાહિત ઇનામ પણ જાહેર કરેલ છે.

**માઈધાર સમાચાર**

● તા.૦૨ ના રોજ ડૉ. વિશાલભાઈ ભાદાણીએ ધોરણ ૧૦ અને ૧૧ ના વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષાને ધ્યાનમાં રાખીને માર્ગદર્શન આપ્યું હતું.

● તા. ૦૫ ના રોજ લોકકલ્યાણ વિદ્યાલયના વિદ્યાર્થીઓ અને સમગ્ર સ્ટાફ દ્વારા સાહસ દોડ કાર્યક્રમ યોજાયો. જેમાં ભાવેશભાઈ ડાંગર દ્વારા લીલી ઝંડી આપી પ્રસ્થાન થયું હતું. સાહસદોડના સ્થળ પરની સભામાં ASI તળાજાથી શ્રી નિખિલભાઈ, ડી-સ્ટાફ શ્રી કરશનભાઈ, શ્રી મહેશભાઈ , ભદ્રાવળ-૩ સરપંચ શ્રી સુરેશભાઈ, માઈધાર સરપંચ શ્રી દિનેશભાઈ અને શ્રી હમીરભાઈ વગેરે મહેમાનો દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવેલ.

● તા.૦૫ના રોજ કલાગુરુ રવિશંકર રાવળ ચિત્ર પ્રદર્શનમાં પાતુભાઈ આહિર, અરજણભાઈ ડાંગર અને ૦૫ વિદ્યાર્થિની બહેનો તળાજા મુકામે ચિત્ર પ્રદર્શનમાં જઈ આવ્યા. જેમાં ધોરણ ૦૯ માં અભ્યાસ કરતા સ્નેહાબહેનએ ત્રીજો નંબર અને ધોરણ ૧૧માં અભ્યાસ કરતા ચંદ્રાબહેને પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ. સમગ્ર શાળાએ અભિનંદન પાઠવ્યા.

● તા. ૦૫ના રોજ બાળઘર -પાલિતાણા વાલી સંમેલનમાં મુખ્ય મહેમાન તરીકે નિર્મળભાઈ પરમાર અને રવીન્દ્રભાઈ પરમાર જઈ આવ્યા.

● તા. ૦૯ના રોજ યોજાયેલ આંબલા-મણારના વાર્ષિક કાર્યક્રમમાં આંબલા મુકામે શ્રી પાતુભાઈ આહિર અને શ્રી જયરાજભાઈ જઈ આવ્યા.

● તા. ૧૬ના રોજ શ્રી ભરતભાઈ દવેએ પ્રાર્થનાના અનુસંધાને કેલિફોર્નિયાનાં જંગલમાં લાગેલી આગ સંદર્ભે આગ લાગવાના કારણો, તેની અસરો અને નિયંત્રણનાં ઉપાયો ઉપર વિગતે વાતો કરી હતી.

● તા. ૨૪ના રોજ મમતાબહેન ચૌહાણ અને રાજેન્દ્રભાઈ જાની (કે.આર શ્રોફ ફાઉન્ડેશન) માઈધાર કેન્દ્રની મુલાકાતે આવી ગયા.

● તા. ૨૪ના રોજ CEE સંસ્થામાંથી 'અહિંસાની કેળવણી' પ્રોજેક્ટના સંયોજક હસમુખભાઈ પટેલ અહિંસાની કેળવણી કાર્યક્રમ દ્વારા ચાલતી પ્રવૃત્તિઓના માર્ગદર્શન માટે આવી ગયા. ભદ્રાવળ -૧ પ્રાથમિક શાળાની મુલાકાત અને વિદ્યાર્થીઓ અને શિક્ષકો સાથે સંવાદ કર્યા.

● તા. ૨૯ ના રોજ છાત્રાલયના વિદ્યાર્થીઓ દ્વારા સંગીત સંધ્યા કાર્યક્રમ યોજાયો.

● તા. ૩૦ ના રોજ ગાંધીનિર્વાણદિન નિમિત્તે 'કોન બનેગા નોલેજપતિ' કાર્યક્રમ યોજાયો.

● તા. ૩૧ ના રોજ પદ્મશ્રી કિરણભાઈ વ્યાસ અને તેમની સાથે ફ્રાન્સથી ૦૮ મિત્રો સંસ્થાની મુલાકાતે આવી ગયા.

# સૌરાષ્ટ્ર લોકશાળા સંઘ દ્વારા આયોજિત
# ૫૯મી રેલી (શિક્ષણ-સજ્જતા સંગોષ્ઠિ)-ખડસલી
# વિષય : માતૃભાષા ગુજરાતી






















To.

**From :**

**Registered** *BVR/151/2024-2026, RNI No. GUJ/1763-57, Renew upto 31-12-2026*

**Published on :** *14th of every month. Posted at : Amargadh Post office on 15th of every month*

**मालिक** : ग्रामदक्षिणामूर्ति-आंबला ट्रस्ट की ओर से **मुद्रक-प्रकाशक** : सुरसंगभाई चौहान - ग्रामदक्षिणामूर्ति-आंबला, पीन ३६४ २५० (गुजरात) द्वारा चामुंडा प्रिन्टिंग प्रेस, सोनगढ, पीन ३६४ २५० मे मुद्रित करके ग्रामदक्षिणामूर्ति : आंबला से प्रकाशित किया ।

**तंत्री** : डो. अरुण दवे : लोकभारती- सणोसरा, (गुजरात) Email : kodiyusanosara@gmail.com वार्षिक चंदा रु. २००/- प्रति अंक रु. २०/-